Monday 17, August 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૮૬ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## સેલવાસમાં દમણગંગા કિનારે સેલ્ફીના ચક્કરમાં કિશોરી તણાઈ, ડૂબી જતાં મોત

### મૃતદેહ બીજા દિવસે ૫૦૦ મીટર દૂરથી મળી આવ્યો : રિવરફ્રન્ટની સુરક્ષા વ્યવસ્થા સામે સવાલો : પોલીસ પેટ્રોલિંગ છતાં બેરિકેડિંગ અને ચેતવણી બોર્ડનો અભાવ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૧૬ :** સેલવાસમાં દમણગંગા નદીના કિનારે ચેકડેમ નજીક શનિવારે પરિવાર સાથે ફરવા આવેલી ૧૫ વર્ષની કિશોરી સેલ્ફી લેવાના પ્રયાસ દરમિયાન નદીના ધસમસતા પ્રવાહમાં તણાઈ ગઈ હતી. પગ લપસતાં તે નદીના તેજ પ્રવાહમાં વહી ગઈ હતી. રવિવારે સવારે ઘટનાસ્થળથી આશરે ૫૦૦ મીટર દૂર પથ્થરો વચ્ચે તેનો મૃતદેહ મળી આવ્યો હતો. ફાયર વિભાગની ગોતાખોર ટીમે ભારે જહેમત બાદ મૃતદેહ બહાર કાઢ્યો હતો.

મૃતકની ઓળખ કાજલ કુમારી (ઉં.વ. ૧૫) તરીકે થઈ છે. કાજલ હાલ મસાટ ખાતે રહેતી હતી અને મૂળ બિહારની વતની હતી. મળતી માહિતી મુજબ કાજલ પરિવાર સાથે દમણગંગા નદીના કિનારે ફરવા આવી હતી. આ દરમિયાન તે નદીની વચ્ચે આવેલા એક પથ્થર પર ઊભી રહી મોબાઈલથી સેલ્ફી લેવાનો પ્રયાસ કરી રહી હતી. અચાનક પગ લપસતાં તે ધસમસતા પાણીમાં પડી હતી અને પાણીના પ્રવાહ સાથે તણાઈ ગઈ હતી. ઘટનાને નજરે જોનારા લોકોએ તાત્કાલિક પોલીસ અને ફાયર વિભાગને જાણ કરી હતી. ફાયર વિભાગની ટીમ તરવૈયાઓ સાથે ઘટનાસ્થળે પહોંચી હતી અને નદીમાં શોધખોળ શરૂ કરી હતી. શનિવારે મોડી સાંજ સુધી શોધખોળ કરવા છતાં કાજલનો પત્તો લાગ્યો નહોતો. રવિવારે સવારે ચેકડેમથી આશરે ૫૦૦ મીટર દૂર પથ્થરો વચ્ચે તેનો મૃતદેહ મળી આવ્યો હતો. આ ઘટનાએ દમણગંગા રિવરફ્રન્ટની સુરક્ષા વ્યવસ્થા સામે પણ સવાલો ઉભા કર્યા છે. રિવરફ્રન્ટ વિસ્તાર પ્લાનિંગ એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી હેઠળ આવે છે. અહીં પોલીસ કર્મચારીઓ દ્વારા પેટ્રોલિંગ કરવામાં આવે છે, પરંતુ મર્યાદિત પોલીસ સ્ટાફ માટે મોટી સંખ્યામાં આવતા લોકો પર સતત નજર રાખવી મુશ્કેલ બને છે.

આવા સંજોગોમાં સવાલ એ ઊભો થાય છે કે ચોમાસા દરમિયાન નદીના જોખમી વિસ્તારોમાં ચેતવણી બોર્ડ, બેરિકેડિંગ તથા જોખમી વિસ્તારોમાં અસ્થાયી પ્રવેશ પ્રતિબંધ જેવા આગોતરા સુરક્ષા પગલાં લેવામાં આવવા જોઈએ કે નહીં. જ્યાં આ દુર્ઘટના બની ત્યાં લોકોને નદી અને પથ્થરો સુધી પહોંચતા રોકવા માટે પૂરતી ભૌતિક બેરિકેડિંગ ન હોવાની માહિતી સામે આવી છે.

રિવરફ્રન્ટ પરની સીસીટીવી સર્વેલન્સ વ્યવસ્થા પણ પૂરના કારણે પ્રભાવિત થઈ હોવાની માહિતી છે. કેટલાક સીસીટીવી કેમેરા ક્ષતિગ્રસ્ત અથવા બંધ હોવાના કારણે નજર રાખવાની વ્યવસ્થામાં પણ ખામી ઊભી થઈ શકે છે. પોલીસ પેટ્રોલિંગ મહત્વનું છે, પરંતુ ધસમસતા પાણીવાળા નદી વિસ્તારમાં માત્ર પોલીસ કર્મચારીઓની તૈનાતીથી દરેક વ્યક્તિને જોખમી વિસ્તારમાં જતા રોકવું વ્યવહારિક રીતે મુશ્કેલ છે. આવા સ્થળોએ ભૌતિક બેરિકેડિંગ અને સ્પષ્ટ ચેતવણી બોર્ડ લોકો માટે વધારાની સુરક્ષા પૂરી પાડી શકે છે. કાજલના મોત બાદ ચોમાસા દરમિયાન દમણગંગા રિવરફ્રન્ટ માટે અલગ મોનસૂન સેફ્ટી પ્રોટોકોલની જરૂરિયાત પર સવાલો ઉભા થયા છે. જોખમી જળસ્તર દરમિયાન સંવેદનશીલ વિસ્તારોમાં પ્રવેશ નિયંત્રિત કરવો, ચેતવણી બોર્ડ લગાવવા, બેરિકેડિંગ કરવું અને પૂરથી પ્રભાવિત સીસીટીવી વ્યવસ્થાને તાત્કાલિક કાર્યરત કરવી જેવા પગલાં અંગે તંત્રએ વિચાર કરવાની જરૂર છે.





## સરોધી હાઈવે પરના ખાડાને કારણે ગણેશ પ્રતિમા ખંડિત થઈ

### મુંબઈથી સુરતના ગણેશ મંડળની પ્રતિમા હાઈવે પરથી લઈ જતી વખતે ટ્રકનું પૈડુ ખાડામાં પડતાં પ્રતિમા હાઈવે પર પટકાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૬ :** વલસાડ જિલ્લામાંથી પસાર થતો નેશનલ હાઈવે નંબર ૪૮ પર માર્ગોની બિસ્માર હાલત છે. ત્યારે વલસાડ તાલુકાના સરોધી નજીક હાઈવે પર પડેલા ખાડાના કારણે ગણેશજીની વિશાળ પ્રતિમા ટ્રકમાંથી નીચે પટકાતા ખંડિત થઈ હોવાની દુર્ઘટના બની છે. વલસાડ જિલ્લામાંથી પસાર થતો નેશનલ હાઈવે નંબર ૪૮ વરસાદ ની સિઝનમાં ફાળાના કારણે વાહન ચાલકો પરેશાન થતા હોય છે. તો એક વર્ષ અગાઉ આ ખાડાના કારણે કેટલાકના મોત થયા છે. હાલમાં પણ નેશનલ હાઈવે નંબર ૪૮ પર પડેલા શાળાના કારણે વાહનચાલકો માટે માથાના દુખાવો બની ગયો છે. ત્યારે આજરોજ સવારે સુરતનું એક મંડળ મુંબઈ થી શ્રીજીની પ્રતિમા ટ્રકમાં ભરી સુરત તરફ વલસાડ નેશનલ હાઈવે નંબર ૪૮ પરથી લઈ જઈ રહ્યા હતા. તે દરમિયાન વલસાડના સરોધી નેશનલ હાઈવે ૪૮ પરહાઈવે પર પડેલા મોટા ખાડામાં ટ્રકનું પૈડું અચાનક ખાબકતાં ટ્રકમાં મૂકેલી ગણેશજીની પ્રતિમા રોડ પર નીચે પટકાઈ ખંડિત થઈ ગઈ હતી. મૂર્તિ ખંડિત થવાની ઘટના બનતા મંડળના યુવાનો અને હોદ્દેદારો ચિંતામાં મુકાયા હતા. એક તરફ ગણેશ મહોત્સવ નજીક માં હોય ત્યારે નેશનલ હાઈવે પર પડેલા ખાડાના કારણે બનેલી આ ઘટનાને પગલે ગણેશભક્તોમાં ભારે રોષ અને દુઃખની લાગણી ફેલાઈ છે. નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા ટોલ ટેક્સ વસૂલવા છતાં રસ્તાઓનું યોગ્ય સમારકામ ન કરાતાં વાહનચાલકો અને ભક્તોમાં તંત્રની લાપરવાહી સામે ઉગ્ર આક્રોશ જોવા મળી રહ્યો છે.

### શ્રાવણ આવતાં જ જુગારીયાઓના માથે શકુની સવાર થઈ જાય છે

## ડાભેલમાં જુગાર રમતા ૯ ઝડપાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૬ :** જુગાર પ્રવૃત્તિઓ સામે ચાલી રહેલા અભિયાનના ભાગ રૂપે, દમણ પોલીસે નાની દમણના કેવડી ફળિયામાં એક કથિત જુગારધામ પર મોટો દરોડો પાડ્યો હતો. કચીગામ પોલીસની એક ટીમે સ્થળ પર નવ વ્યક્તિઓની ધરપકડ કરી હતી. પોલીસે ૧,૫૬,૭૦૦ રૂપિયા રોકડા, બે પત્તા અને નવ મોબાઈલ ફોન જપ્ત કર્યા હતાં. પોલીસના જણાવ્યા અનુસાર, ૧૫ ઓગસ્ટના રોજ સાંજે ૭ વાગ્યે કાચીગાંવ પોલીસ સ્ટેશનને કેવડી ફળિયામાં જિનલભાઈ બિલ્ડીંગના રૂમ નંબર ૭ માં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમી મળી હતી. માહિતીના આધારે, સ્ટેશન ઈન્ચાર્જની આગેવાની હેઠળની પોલીસ ટીમે ઘટનાસ્થળે દરોડો પાડ્યો હતો. નવ વ્યક્તિઓ પત્તા રમતા અને રોકડ પર સટ્ટો લગાવતા મળી આવ્યા. પોલીસે સ્થળ પર જ બધાની અટકાયત કરી હતી.

કાર્યવાહી દરમિયાન, પોલીસે જુગાર રમવા માટે વપરાતા બે પત્તાના સેટ, રૂા. ૧,૫૬,૦૭૦ રોકડા અને આરોપીઓના નવ મોબાઈલ ફોન જપ્ત કર્યા હતાં. પોલીસે પંચનામા તૈયાર કરીને બધી વસ્તુઓ જપ્ત કરી હતી.

પોલીસે આ કેસના સંદર્ભમાં આકાશ ધર્મેન્દ્રસિંહ રાજપૂત, ભાવિન રાજેશભાઈ પટેલ, પંકજ કમલા પ્રસાદ જયવાલ, અમિતકુમાર અવધેશ રાય, સુશીલકુમાર કુના બેહેરા, સુનીલકુમાર ચિતન યાદવ, જીતેન્દ્રકુમાર રાજેન્દ્ર દહાયત, રાજનઅલી મોતીઅલી અને ચેતન પ્રવીણ પટેલની ધરપકડ કરી છે. ધરપકડ કરાયેલા આરોપીઓની ઉંમર ૨૬ થી ૪૧ વર્ષની વચ્ચે હોવાનું જાણવા મળે છે. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીઓમાંથી એક જીતેન્દ્રકુમાર રાજેન્દ્ર દહાયતે રૂમ ભાડે રાખ્યો હતો અને તેમાં રહેતો હતો. ગોવા, દમણ અને દીવ જાહેર જુગાર અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૩, ૪ અને ૭ અને ભારતીય દંડ સંહિતા, ૨૦૨૩ ની કલમ ૧૧૨ હેઠળ કાચીગામ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નં. ૪૩/૨૦૨૬ નોંધવામાં આવી છે. પોલીસ આ કેસની તપાસ કરી રહી છે.દમણ પોલીસે જાહેર જનતાને અપીલ કરી છે કે તેઓ આ વિસ્તારમાં ગમે ત્યાં જુગાર પ્રવૃત્તિ વિશે માહિતી ૧૧૨ પર ફોન કરીને જાણ કરે. પોલીસે ખાતરી આપી છે કે માહિતી આપનારની ઓળખ ગુપ્ત રાખવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે ગુના અને ગુનાહિત પ્રવૃત્તિઓ સામે કાર્યવાહી ચાલુ રહેશે.

## વાપીમાં બોગસ તબીબોનો રાફડો

### ચોમાસાને કારણે સિઝનલ બિમારીમાં સ્લમ વિસ્તારમાં રહેતા લોકો બીમારીમાં નજીકના બોગસ ડોક્ટર પાસે સારવાર લઈ રહ્યા છે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૬ :** વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં અનેક સ્થળોએ કોઈપણ પ્રકારની માન્ય તબીબી ડિગ્રી કે લાયકાત ન ધરાવતા કથિત બોગસ તબીબો દ્વારા દર્દીઓની સારવાર કરવામાં આવતી હોવાના આક્ષેપો સામે આવ્યા છે. આવા લોકો દ્વારા લોકોના આરોગ્ય સાથે ચેડાં કરવામાં આવતા હોવા છતાં તાલુકા હેલ્થ ઓફિસર તેમજ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા અસરકારક કાર્યવાહી કરવામાં ન આવતી હોવાને કારણે તેઓ બેફામ બન્યા હોવાની ચર્ચા છે.

વાપી એક મહત્વપૂર્ણ ઔદ્યોગિક નગરી હોવાથી રોજગારીની શોધમાં સમગ્ર દેશમાંથી લોકો અહીં આવીને વસ્યા છે. વાપીની વિવિધ કંપનીઓમાં કામ કરતા અનેક શ્રમિકો ચાલીઓ અને સ્લમ વિસ્તારોમાં રહે છે. ચોમાસાની ઋતુમાં આવા વિસ્તારોમાં રહેતા લોકો બીમાર પડે ત્યારે આર્થિક કારણોસર મોટી હોસ્પિટલ કે ખાનગી ક્લિનિકમાં જવાને બદલે નજીકમાં પ્રેક્ટિસ કરતા કથિત બોગસ તબીબો પાસે સારવાર કરાવતા હોવાના આક્ષેપો છે.

ચિંતાજનક બાબત એ છે કે, કોઈપણ માન્ય તબીબી લાયકાત ધરાવતા ન હોવા છતાં કેટલાક કથિત તબીબો દર્દીઓને એલોપેથિક દવાઓ આપતા હોવાની સાથે જરૂરિયાત મુજબ ઈન્જેક્શન અને બોટલ ચડાવતા હોવાના આક્ષેપો પણ થઈ રહ્યા છે. આવી સારવાર દરમિયાન કોઈ ગંભીર આડઅસર કે કટોકટી સર્જાય તો દર્દીના જીવ સામે પણ જોખમ ઊભું થઈ શકે છે. ખાસ કરીને વાપીના ગીતાનગર, કોડીવાડ, ભડકમોરા, સુલપડ, આંબેડકરનગર, ચણોદ, ચણોદ કલોની, હરિયા પાર્ક, ડુંગરી ફળિયા, ડુંગરા, છીરી, રાતા, કોચરવા, પંડોર, નામધા, ખડકલા, ચલા, કબ્રસ્તાન રોડ તેમજ બલીઠા-મોરાઈ સહિતના વિસ્તારોમાં આવા કથિત બોગસ તબીબો દ્વારા પ્રેક્ટિસ કરવામાં આવતી હોવાની સ્થાનિકોમાં ચર્ચા છે.

એક તરફ સરકાર દ્વારા લોકોના આરોગ્યની સુરક્ષા માટે વિવિધ આરોગ્ય સેવાઓ અને નિયમો અમલમાં મૂકવામાં આવ્યા છે, ત્યારે બીજી તરફ કોઈપણ માન્ય તબીબી લાયકાત વિના સારવાર કરતા લોકો સામે નિયમિત તપાસ અને કાર્યવાહી કેમ કરવામાં આવતી નથી તે અંગે લોકોમાં અનેક સવાલો ઊભા થયા છે. સાથે અગાઉ અનેક વખત બોગસ ડોક્ટર બની ક્લિનિક ચલાવતા મુન્નાભાઈઓ ઝડપાઈ ચુક્યા છે અને ફરીથી તેઓ તે જ જગ્યા ઉપર ફરીથી ક્લિનિક ચલાવી રહ્યા છે અને તેઓને આરોગ્ય વિભાગના અધિકારીઓને કોઈ ગભરાટ ન હોવાનું દેખાઈ રહ્યું છે.

વાપી તાલુકા હેલ્થ સેન્ટર, અર્બન હેલ્થ સેન્ટર તેમજ જિલ્લા આરોગ્ય વિભાગની ટીમ દ્વારા આવા કથિત બોગસ તબીબોની પ્રેક્ટિસ અંગે તાત્કાલિક તપાસ હાથ ધરી તેમની લાયકાત અને સારવાર અંગેની કાયદેસરતા ચકાસવામાં આવે તેવી માંગ ઉઠી છે. જો આક્ષેપો સાચા સાબિત થાય તો નિયમ મુજબ કડક કાર્યવાહી કરવામાં આવે અને ગરીબ તથા શ્રમિક વર્ગના લોકોના આરોગ્ય સાથે કોઈ ચેડાં ન થાય તે માટે નિયમિત મોનિટરિંગ કરી યોગ્ય કાર્યવાહી કરવાની જરૂર છે.

## ઉમરગામમાં સ્વાતંત્ર્ય દિને ક્લોક ટાવરનું લોકાર્પણ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૬ :** ઉમરગામ નગરપાલિકા વિસ્તારમાં રૂપિયા ૩૭ લાખના ખર્ચે નિર્માણ પામેલા ક્લોક ટાવરનું લોકાર્પણ ૮૦મા સ્વતંત્રતા દિવસની ઉજવણી નિમિત્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્ય રમણભાઈ પાટકર, નગરપાલિકા પ્રમુખ ખુશ્બુબેન જાદવ, કારોબારી અધ્યક્ષ ગૌરવ કોન્ટ્રાક્ટર તથા ચીફ ઓફિસર અતુલ ચંદ્ર સિન્હાએ ઉપસ્થિત રહી નગરજનોને સ્વતંત્રતા દિવસની શુભકામનાઓ પાઠવી હતી.

ધારાસભ્ય રમણભાઈ પાટકરે ઉમરગામ નગરપાલિકા વિસ્તારમાં સ્વચ્છતા જાળવવા તેમજ સ્વચ્છતા અંગે લોકજાગૃતિ વધારવા નગરજનોને સહભાગી બનવા ટકોર કરી હતી.

શહેરને સ્વચ્છ અને સુંદર રાખવા નગરપાલિકા સાથે નગરજનો પણ પોતાની જવાબદારી નિભાવે તે માટે તેમણે અપીલ કરી હતી.

### કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલના હસ્તે તિરંગો ફરકાવાયો

## નવરચિત નાનાપોંઢામાં જિલ્લા કક્ષાનું સ્વાતંત્ર્ય પર્વ ઉજવાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૬ :** વલસાડ જિલ્લાના નવરચિત નાનાપોંઢા તાલુકાના હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે રાજ્ય સરકારના આદિજાતિ વિકાસ, ખાદી, કુટિર અને ગ્રામોદ્યોગ વિભાગના કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલની અધ્યક્ષતામાં ૮૦માં સ્વાતંત્ર્ય પર્વની દેશપ્રેમ અને રાષ્ટ્રપ્રથમની ભાવના સાથે ઉત્સાહ અને ઉમંગભેર જિલ્લા કક્ષાની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. મંત્રીશ્રીએ તિરંગો ફરકાવી માનભેર સલામી આપી હતી. તથા ખુલ્લી જીપમાં સવાર થઈ પોલીસ પરેડનું નિરીક્ષણ કરી સલામી આપી હતી. તેમણે ગામડાના વિકાસનો આધાર ખેતીવાડી પર નિર્ભર હોવાનું જણાવી તેમણે કિસાન સન્માન નિધિ હેઠળ વલસાડ જિલ્લામાં ૧૯૪૬૩૪ ખેડૂતોને રૂ. ૨૦૦૦ મુજબ ૫૪૯ કરોડ રૂપિયા ઓનલાઈન ટ્રાન્સફર કરવામાં આવ્યા છે જણાવી નાનાપોંઢા જેવા આદિવાસી તથા અંતરિયાળ વિસ્તારોમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી એ વિકાસની યાત્રાનો એક સંદેશ છે. એમ ઉમર્યુ હતું. તેમણે સુરતની 'વાયબ્રન્ટ ગુજરાત રિજિયોનલ સમિટ'માં દરમિયાન વલસાડ જિલ્લા માટે રૂા. ૨,૦૫૬.૮૩ કરોડના ૧૨૭ જેટલા MoU હોવાની માહિતી પણ આપી હતી. ૧૫ મી ઓગસ્ટના રાષ્ટ્રીય પર્વ નિમિત્તે તેમણે વલસાડ જિલ્લાના વિકાસના કામો અર્થે રૂ. ૨૫ લાખનો ચેક જિલ્લા કલેકટર નીતિન સાંગવાનને અર્પણ કર્યો હતો. આ ઉજવણી દરમ્યાન તેમણે વિવિધ ક્ષેત્રે પ્રસંશનીય કામગીરી કરનાર કુલ ૬૫ વ્યકિત વિશેષોનું પ્રમાણપત્ર અને ટ્રોફી દ્વારા સન્માન કર્યુ હતું. જિલ્લાની વિવિધ શાળાના વિદ્યાર્થીઓએ દેશભક્તિ દર્શાવતા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. મંત્રીએ કાર્યક્રમના અંતે વૃક્ષારોપણ પણ કર્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ, ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, કપરાડા ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી, જિલ્લા કલેકટર નીતિન સાંગવાન, જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત, જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા, પ્રાયોજના વહીવટદાર આસ્થા સોલંકી અને સંગઠનના આગેવાનો તેમજ અધિકારી-પદાધિકારી અને નાનાપોંઢાના નગરજનો સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. પોલીસ બેન્ડ દ્વારા રાષ્ટ્રગીત રજૂ કરી સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી પૂર્ણ કરવામાં આવી હતી.સમગ્ર કાર્યક્રમનું સંચાલન સરકારી શાળાના શિક્ષકો તારેશ સોની અને અવની પટેલે કર્યુ હતું.

નેમિનાથ ટ્રેડર્સ





ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી

Mo. No. 9825190301 / 9825390301

સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)

ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10



12th Year Anniversary
SPECIAL OFFERS
Early Bird Discount Till 31st March
FREE Textbooks From Nursery to Std 10
Special Concession On Admission Fees

Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

## ધકવાડા ખાતે ગણદેવી તાલુકા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરાઈ





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ગણદેવી,તા.૧૬ :** ગણદેવી તાલુકા કક્ષાના ૮૦મા રાષ્ટ્રીય પર્વ સ્વાતંત્ર્ય દિનની ઉત્સાહભેર અને ભવ્ય ઉજવણી ધકવાડા ગામની પ્રાથમિક શાળાના પટાંગણમાં યોજાઈ હતી. સમગ્ર પરિસરમાં દેશભક્તિના રંગો અને રાષ્ટ્રપ્રેમના ગગનભેદી નારાઓ સાથે ઉલ્લાસપૂર્ણ વાતાવરણ જોવા મળ્યું હતું.ગણદેવીના મામલતદાર દીપિકાબેન રોઝના વરદ્ હસ્તે ત્રિરંગો લહેરાવી સલામી આપવામાં આવી હતી. ઉપસ્થિત સર્વે મહાનુભાવો, વિદ્યાર્થીઓ અને ગ્રામજનોએ સામૂહિક રાષ્ટ્રગીતનું ગાન કરી તિરંગાને વંદન કર્યા હતાં.

આ ગૌરવવંતા રાષ્ટ્રીય પર્વ પ્રસંગે પૂર્વ મંત્રી કરશનભાઈ પટેલ, તાલુકા વિકાસ અધિકારી ચેતનભાઈ દેસાઈ, ગણદેવી મામલતદાર કચેરીના સર્કલ ઓફિસર સચિનભાઈ, ધકવાડા ગામના સરપંચ નમ્રતાબેન પટેલ, પોલીસ ઈન્સ્પેક્ટર ગોહિલ તથા પીએસઆઈ કારેણા ઉપસ્થિત રહ્યા હતાં. આ ઉપરાંત તાલુકા વહીવટી તંત્રના વિવિધ વિભાગોના અધિકારીઓ, કર્મચારીઓ, શાળા પરિવાર, મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને ગામના અગ્રણીઓ-ગ્રામજનો હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ રાષ્ટ્રભાવના અને દેશભક્તિના અનેરા જોશ સાથે સંપન્ન થયો હતો.

## વાંસદાના ગાંધી મેદાન ખાતે જિલ્લા કક્ષાનો સ્વાતંત્ર્ય પર્વ ઉજવાયો

### પૂર-હોનારતમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ ગણદેવી તાલુકા પત્રકાર સંઘનું કલેક્ટરના હસ્તે વિશેષ સન્માન કરાયું



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**બીલીમોરા, તા.૧૬ :** નવસારી જિલ્લા કક્ષાના ૮૦મા સ્વાતંત્ર્ય દિનની ગૌરવપૂર્ણ ઉજવણી વાંસદા સ્થિત ગાંધી મેદાન ખાતે જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના અધ્યક્ષસ્થાને રાષ્ટ્રભાવના અને દેશભક્તિના માહોલમાં યોજાઈ હતી. કાર્યક્રમની શરૂઆતમાં સામૂહિક વંદેમાતરમ ગાન બાદ જિલ્લા કલેક્ટરશ્રીના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવી ધ્વજવંદન કરાયું હતું. ઉપસ્થિત સૌએ રાષ્ટ્રગીતની ધૂન સાથે તિરંગાને સલામી આપી હતી. કલેક્ટરએ આકર્ષક પરેડનું નિરીક્ષણ કરી નાગરિકોનું અભિવાદન સ્વીકાર્યું હતું.

કાર્યક્રમ દરમિયાન કલેક્ટરએ આપત્તિ વ્યવસ્થાપન અને સરકારી યોજનાઓના પ્રચાર-પ્રસારમાં નવસારી જીલ્લાના મીડિયાની સરાહનીય ભૂમિકાને બિરદાવી હતી. જેમાં પૂર-હોનારત જેવી કુદરતી આપત્તિના કપરા સમયમાં લોકો સુધી સમયસર માહિતી પહોંચાડવા અને ઉત્કૃષ્ટ સેવાકીય કામગીરી કરવા બદલ ગણદેવી તાલુકા પત્રકાર સંઘને ઉત્કૃષ્ટતા પ્રમાણપત્ર આપી વિશેષ સન્માનિત કરવામાં આવ્યું હતું. આ એવોર્ડ પત્રકાર સંઘના પ્રમુખ ભાવિન પટેલ, મંત્રી ચંદ્રકાંત સોલંકી તથા સભ્યોએ સ્વીકાર્યો હતો. જિલ્લા કક્ષાના મંચ પરથી ગણદેવી પત્રકાર સંઘની આ કામગીરીનું બહુમાન થતાં સમગ્ર પંથકમાં તેમની ચોતરફ પ્રશંસા થઈ રહી છે. આ ગૌરવવંતા અવસરે સાંસદ ધવલ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી કાર્તિક જીવાણી તથા જિલ્લા પોલીસ અધિક્ષક રાહુલ પટેલ સહિત વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ, પદાધિકારીઓ અને બહોળી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતાં.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૧૭-૦૮-૨૦૨૬, **વાર :** સોમવાર **તિથિ :** શ્રાવણ, પાંચમ, **સૂર્યોદય :** ૦૬ : ૨૦ **સૂર્યાસ્ત** ૦૭ :૦૬, **ચંદ્રોદય** - ૧૦:૩૦ **ચંદ્રાસ્ત** - ૧૦:૦૪ **ચંદ્ર રાશિ :** સિંહ, **નક્ષત્ર** - ચિત્રા

### આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** આજનો દિવસ સારો રહેશે. અટકેલા કામો પૂરા થશે અને જીવનમાં સકારાત્મક બદલાવ આવશે. પારિવારિક જીવનમાં જીવનસાથીનો સહયોગ મળશે. વાણીમાં મધુરતા રાખવી ફાયદાકારક સાબિત થશે.
**વૃષભ (બ, વ, ઉ) :** આર્થિક સ્થિતિ મજબૂત બનશે અને પ્રગતિ માટે નવી તકો મળશે. વેપારમાં અટવાયેલા નાણાં પરત આવી શકે છે. પરિવાર સાથે સમય આનંદમાં પસાર થશે.
**મિથુન (ક, ઘ, ચ) :** કામકાજના પ્રોજેક્ટ્સ સમયસર પૂરા થશે. ઓફિસમાં અધિકારીઓ તમારી મહેનતની કદર કરશે. વિદ્યાર્થીઓ માટે સમય ઉત્તમ છે, કોઈ સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મળી શકે છે.
**કર્ક (ડ, હ) :** આકસ્મિક ધનલાભ થવાના યોગ છે. માનસિક શાંતિનો અનુભવ કરશો. લાંબા સમયથી અટકેલા કાર્યો આજે ગતિ પકડશે. પરિવારમાં ખુશીનું વાતાવરણ રહેશે.
**સિંહ (મ, ટ) :** તમારા અટકેલા સરકારી કામો પૂર્ણ થઈ શકે છે. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થશે. કાર્યક્ષેત્રે નવી જવાબદારીઓ મળશે, જે તમને ભવિષ્યમાં મોટો ફાયદો કરાવશે.
**કન્યા (પ, ઠ, ણ) :** આર્થિક મામલે સાવધાની રાખવી જરૂરી છે. કોઈને ઉધાર આપેલા પૈસા પાછા મેળવવામાં મુશ્કેલી પડી શકે છે. સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું.
**તુલા (ર, ત) :** ભાગીદારીમાં વેપાર કરતા લોકો માટે સારો દિવસ છે. આર્થિક સમસ્યાઓ ઓછી થશે. વિવાહિત જીવનમાં મધુરતા વધશે. નવા લોકો સાથે મુલાકાત વેપારમાં વૃદ્ધિ કરાવશે.
**વૃશ્ચિક (ન, ય) :** પોઝિટિવ વિચારોથી તમારા કામ પૂરા થશે. સ્વાસ્થ્યમાં થોડી નબળાઈ રહી શકે છે, તેથી બહારનું ખાવાનું ટાળવું. વાદ-વિવાદથી દૂર રહેવું અને શાંતિથી કામ લેવું.
**ધન (ભ, ધ, ફ, ઢ) :** ધાર્મિક કાર્યોમાં રુચિ વધશે. સંતાન પક્ષ તરફથી કોઈ સારા સમાચાર મળી શકે છે. વિદ્યાર્થીઓ માટે અભ્યાસમાં ધ્યાન આપવાનો આ યોગ્ય સમય છે.
**મકર (ખ, જ) :** આર્થિક ક્ષેત્રે સફળતા મળશે. પ્રોપર્ટી કે વાહન ખરીદવાના યોગ બની રહ્યા છે. પરિવારના સભ્યો સાથે મતભેદ દૂર થશે.
**કુંભ (ગ, સ, શ, ષ) :** યાત્રાના યોગ છે, જે ફાયદાકારક સાબિત થશે. મિત્રોનો સાથ મળશે અને અટકેલા કાર્યો પૂરા થશે. આવકના નવા સ્રોત ઊભા થશે, મન પ્રસન્ન રહેશે.
**મીન (દ, ચ, થ, ઝ) :** વ્યવસાયિક નિર્ણયો લેતી વખતે સાવધાની રાખવી. કોઈ કિંમતી વસ્તુ ખોવાઈ ન જાય તેનું ધ્યાન રાખવું.

## ડાંગના નવજ્યોત હાઈસ્કુલ ખાતે જિલ્લા કક્ષાના ૮૦મા સ્વાતંત્ર્ય પર્વ ઉજવાયો



**આહવા, તા.૧૬ :** ૮૦મા સ્વાતંત્ર્ય પર્વે ડાંગ જિલ્લાના સુબીર સ્થિત નવજ્યોત હાઈસ્કુલ ખાતે રાજ્ય મંત્રી-વ-ડાંગના પ્રભારી મંત્રી ડો. જયરામભાઇ ગામીતના વરદ હસ્તે દેશની આન, બાન અને શાન સમાન તિરંગાને સલામી આપી ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

જિલ્લા કક્ષાની આ ઉજવણીમાં ઉપસ્થિત તમામને પ્રભારી મંત્રીએ સ્વાતંત્ર્ય પર્વની શુભકામના પાઠવી તેમનું અભિવાદન ઝીલ્યું હતું.

ડાંગ જિલ્લા કક્ષાના ૮૦મા સ્વાતંત્ર્ય પર્વના ગૌરવશાળી અવસરે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા પ્રભારી મંત્રીએ આઝાદીના અમર સેનાનીઓ અને શહીદોને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી સમસ્ત જિલ્લાવાસીઓ તથા રાજ્યના નાગરિકોને સ્વાતંત્ર્ય પર્વની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

પ્રભારી મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના રાષ્ટ્ર પ્રથમના સંકલ્પ અને વિકસિત ભારત @2047'ના ધ્યેય સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત જનઆરોગ્ય, શિક્ષણ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રોજગારી ક્ષેત્રે દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે.

કુદરતી સૌંદર્યથી સમૃદ્ધ ડાંગ જિલ્લો પણ કેન્દ્ર અને રાજ્ય સરકારના સનિષ્ઠ પ્રયાસોથી સર્વાંગી વિકાસ તરફ ઝડપભેર આગળ વધી રહ્યો છે.

જિલ્લાના વિકાસ કાર્યો અંગેની વિગતો વર્ણવતા મંત્રીશ્રીએ પોતાના પ્રજાજોગ સંબોધનમાં જણાવ્યું હતું કે, સાપુતારા મોન્સુન ફેસ્ટિવલ પ્રસંગે આહવા ખાતે રૂા. ૧૨.૧૪ કરોડના સ્ટાફ ક્વાર્ટર્સ, વઘઈમાં રૂા.૨૧.૫૦ કરોડની આદર્શ નિવાસી કુમાર શાળાનું લોકાર્પણ, રૂા. ૨૪.૧૦ કરોડની આદર્શ નિવાસી કન્યા શાળાનું ઈ-ખાતમુહૂર્ત તેમજ ભવાનદગડ ખાતે રૂા. ૭.૪૭ કરોડના ખર્ચે દિવ્યાંગ-મૈત્રીપૂર્ણ નવી ARTO કચેરીની ભેટ અપાઈ છે. તો બીજી તરફ આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ડાંગને ૧૪ જેટલી નવી એસ.ટી.બસો પણ ફાળવાઈ છે.

## બીલીમોરાની જે.જે. મહેતા હાઈ.માં હર ઘર તિરંગા થીમ સાથે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરાઈ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**બીલીમોરા, તા.૧૬ :** બીલીમોરા સ્થિત જે.જે. મહેતા સાર્વજનિક હાઈસ્કૂલ અને બ્રાઈટ સ્ટાર ઈન્ટરનેશનલ સ્કૂલના સંયુક્ત ઉપક્રમે, ફ્રેન્ડસ ન્યુ ઈંગ્લીશ સ્કૂલ ટ્રસ્ટના નેજા હેઠળ, હર ઘર તિરંગા થીમ આધારિત ૮૦મા સ્વાતંત્ર્ય દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ધ્વજ પ્રમુખ એલાય/લાયન પ્રાધ્યાપક અરુણ નાયકે ધ્વજવંદન કરાવ્યું હતું અને વિદ્યાર્થીઓને મોબાઈલના અતિરેકથી દૂર રહી મેદાની



રમતો તરફ વળવા પ્રેરણા આપી હતી. ટ્રસ્ટના પ્રમુખ ડો. સૂર્યકાંતભાઈ પટેલે વિદ્યાર્થીઓમાં દેશદાઝ, ભાઈચારો, ત્યાગ અને સ્વચ્છતા જેવા મૂલ્યોનું સિંચન કર્યું હતું, તેમજ શૈક્ષણિક સ્ટાફને પ્રોત્સાહિત કર્યા હતાં. આ પ્રસંગે ટ્રસ્ટીઓ મનિષભાઈ દેસાઈ, અશોકભાઈ ભટ્ટ, ત્રણેય શાળાઓના આચાર્યઓ પંકજ પટેલ, મયુરીબેન રાઠોડ અને રૂપાલીબેન દેસાઈ સહિત શાળા પરિવાર, મોટી સંખ્યામાં વાલીઓ, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં. વિદ્યાર્થીઓના દેશપ્રેમના ગગનભેદી નારાઓથી સમગ્ર શાળાનું પ્રટાંગણ ગુંજી ઉઠ્યું હતું.

## દમણ રેડિયો

102.3 FM

**સોમવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## ગણદેવી પાલિકા ખાતે સ્વાતંત્ર્ય પર્વની દેશભક્તિના માહોલમાં ઉજવણી

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ગણદેવી, તા.૧૬ :** ગણદેવી નગરપાલિકા દ્વારા ૮૦મા રાષ્ટ્રીય પર્વ સ્વાતંત્ર્ય દિનની અત્યંત ઉત્સાહ અને ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી. ગણદેવી નગરપાલિકા કચેરી કમ્પાઉન્ડના પટાંગણમાં ભવ્ય ધ્વજવંદન સમારોહ યોજાયો હતો. રાષ્ટ્રીય પર્વ નિમિત્તે નગરપાલિકા પ્રમુખ અનિતાબેન ભંડારી તેમજ ચીફ ઓફિસર પ્રાચી દોશીની ગરિમાપૂર્ણ ઉપસ્થિતિમાં આન-બાન-શાન સાથે તિરંગો લહેરાવી સલામી આપવામાં આવી હતી. સમગ્ર પરિસરમાં ઉપસ્થિત સૌએ સામૂહિક રાષ્ટ્રગીત ગાઈ



દેશભક્તિની ભાવના પ્રગટ કરી હતી. ઉપપ્રમુખ એડવોકેટ રાજેશ પટેલ, અશોક પટેલ, નગરપાલિકાની તમામ સમિતિઓના ચેરમેનશ્રીઓ, સદસ્યઓ તેમજ નગરના અગ્રણીઓ, નાગરિકો અને પાલિકાના કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર સમારોહ દેશપ્રેમ અને ઉલ્લાસપૂર્ણ વાતાવરણ વચ્ચે ઉજવાયો હતો.

## સુડોકુ નં.૬૫૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | | 1 | 9 | 6 | | | | |
| | 5 | 9 | 8 | | | | 4 | |
| | 2 | | | | 1 | | | |
| | 4 | | | | | 5 | | 1 |
| | 8 | 3 | | | | 2 | 6 | |
| 7 | | 5 | | | | | 3 | |
| | | | 1 | | | | 8 | |
| | 9 | | | | 4 | 6 | 5 | |
| | | | | 2 | 7 | 9 | | 4 |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૫૨નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 7 | 1 | 4 | 6 | 8 | 2 | 5 | 9 |
| 8 | 9 | 4 | 2 | 3 | 5 | 6 | 1 | 7 |
| 6 | 5 | 2 | 9 | 7 | 1 | 4 | 3 | 8 |
| 9 | 8 | 5 | 7 | 1 | 4 | 3 | 2 | 6 |
| 1 | 3 | 7 | 5 | 2 | 6 | 9 | 8 | 4 |
| 4 | 2 | 6 | 3 | 8 | 9 | 1 | 7 | 5 |
| 7 | 6 | 8 | 1 | 4 | 2 | 5 | 9 | 3 |
| 2 | 4 | 9 | 8 | 5 | 3 | 7 | 6 | 1 |
| 5 | 1 | 3 | 6 | 9 | 7 | 8 | 4 | 2 |

## વાંસદા સરકારી કોલેજ ખાતે અખંડ ભારત સંકલ્પ દિવસની ઉજવણી કરાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાંસદા, તા.૧૬ :** ઉચ્ચશિક્ષણ કમિશ્નરની કચેરી, ગાંધીનગર-ગુજરાત સરકાર દ્વારા સંચાલતિ અત્રેની સરકારી બી.એડ્. કોલેજ, વાંસદા ખાતે તા.૧૪-૦૮-૨૦૨૬ને શુક્રવારના રોજ અખંડ ભારત સંકલ્પ દવિસ-૨૦૨૬ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પ્રથમ વર્ષ બી.એડ્.ના તાલીમાર્થીઓ દ્વારા ભારતના ભવ્ય-ભૂતકાળ, સ્વતંત્રતા ચળવળનો સમયગાળો તેમજ ભારતની સ્વતંત્રતાની એ રાત ઉપર રજૂઆત કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ભારત સરકારના મનિસ્ટ્રિી ઑફ કલ્ચર દ્વારા તૈયાર કરવામાં આવેલ શૉર્ટ દસ્તાવેજી ફલ્મિનું નર્દિશન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ કોલેજના આર્ચાય ડૉ. દલિપભાઈ એમ. ગામીતે આઝાદી વેળાની ગાંધીજીની વેદના, આઝાદી બાદ સરદાર પટેલની ભૂમકિા, જમ્મુ અને કશ્મીરના સળગતા પ્રશ્નો તેમજ ભારતની હવે પછીની રાષ્ટ્રની અખંડતિતામાં શક્ષિકનું દાયત્વિ જેવા મુદ્દાઓ ઉપર ધારદાર રજૂઆત કરી હતી. ર્કાયક્રમના બીજા પડાવ પર તાલીમાર્થીઓ દ્વારા એક ભારત સર્મથ ભારતથીમ ઉપર રંગોળી ર્સ્પધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૦ જેટલા જૂથોએ વવિધિ ભાતો તેમજ રંગોથી સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા સાથો-સાથ તાલીમાર્થીઓ સ્વયંભૂ સ્વચ્છતામાં જોડાઈ શ્રમદાન કરી સ્વચ્છતાનું મહત્વ દર્શાવ્યું હતું. કોલેજના ગ્રંથપાલ ડૉ. જીતેન્દ્રભાઈ અગ્રવાલ દ્વારા સ્વાતંત્ર્ય સંગ્રામના સેનાનીઓના જીવન ચરિત્રપર પુસ્તક પ્રર્દશન યોજી ભાવિ શક્ષિકોને સ્વાતંત્ર્ય સેનાનીઓના જીવન ચરત્રિથી વાકેફ ર્કયા હતાં. સમગ્ર ર્કાયક્રમનું સંચાલન પટેલ શયિાનીબહેન દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર અખંડ ભારત સંકલ્પ દવિસની ઉજવણી સંસ્થાના આર્ચાય ડૉ. દલિપિભાઈ એમ. ગામીત , IQAC સેલના કૉ-ઓર્ડનિેટર ડૉ. નમિલભાઈ કે. પટેલ અને સપ્તધારાના કૉ-ઑર્ડનિેટર ડૉ. દશિાબહેન જે. વસિયિાના ર્માગર્દશન હેઠળ કોલેજના શૈક્ષણકિ તેમજ સહ-શૈક્ષણકિ ર્કમચારીઓની દેખ-રેખ હેઠળ કરવામાં આવી હતી.

## ગણદેવીની એન.જે. દમણિયા હોસ્પિટલમાં સ્વાતંત્ર્ય દિવસ ઉજવાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ગણદેવી, તા. ૧૬ :** ગણદેવીની એન.જે. દમણિયા સાર્વજનિક હોસ્પિટલ ખાતે ૮૦મા સ્વાતંત્ર્ય દિવસની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ધ્વજવંદન કાર્તિકભાઈ દયાળજી નાયક દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હોસ્પિટલ સંસ્થાના પ્રમુખ અરવિંદભાઈ કાપડિયાએ કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વને સ્વાતંત્ર્ય પર્વની શુભકામના પાઠવી હતી. મૌલિક નાયક, હોસ્પિટલના ડોકટરો અને કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં. આ ઉપરાંત હોસ્પિટલના ટ્રસ્ટીઓ ચંદ્રકાંત કાપડિયા અને અશ્વિન કાપડિયા પણ હાજર રહ્યા હતાં. મેનેજર ઈમેશ ગાંધી સહિત નગરના અગ્રણીઓએ પણ હાજર રહીને એકમેકને સ્વાતંત્ર્ય દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી.

## બીલીમોરાના 'માં વિમલા અખૂટ અન્નક્ષેત્ર ટ્રસ્ટ'ને કલેક્ટરના હસ્તે ઉત્કૃષ્ટતા પ્રમાણપત્ર એનાયત કરાયું

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**બીલીમોરા, તા.૧૬ :** કુદરતી આપત્તિ કે મુશ્કેલીના સમયમાં જરૂરિયાતમંદ લોકો માટે દેવદૂત બનીને સેવા આપતી બીલીમોરાની અગ્રણી સેવાભાવી સંસ્થા માં વિમલા અખૂટ અન્નક્ષેત્ર ટ્રસ્ટ, નવનાથ ધામનું સ્વાતંત્ર્ય પર્વે નવસારી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિશેષ બહુમાન કરવામાં આવ્યું હતું. જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના હસ્તે સંસ્થાને ઉત્કૃષ્ટતા પ્રમાણપત્ર અર્પણ કરી સન્માનિત કરવામાં આવી હતી.

જિલ્લામાં સર્જાયેલી પૂર તેમજ ડિઝાસ્ટર જેવી આપત્તિજનક



પરિસ્થિતિ દરમિયાન ટ્રસ્ટ દ્વારા પ્રશંસનીય કામગીરી કરવામાં આવી હતી. અસરગ્રસ્ત વિસ્તારોમાં ફસાયેલા અને મુશ્કેલીમાં મુકાયેલા નાગરિકો સુધી સમયસર પૌષ્ટિક ફૂડ પેકેટો પહોંચાડી સંસ્થાએ ઉત્તમ માનવધર્મ નિભાવ્યો હતો. સંસ્થાની આ નિષ્ઠાપૂર્વકની સેવાકીય કામગીરીને બિરદાવતા કલેક્ટરે અભિનંદન પાઠવ્યા હતાં અને ભવિષ્યમાં પણ લોકઉપયોગી કાર્યોમાં તેમનું યોગદાન અવિરત ચાલુ રહે તેવી શુભકામનાઓ વ્યક્ત કરી હતી. જિલ્લા કક્ષાએ સંસ્થાનું સન્માન થતાં બીલીમોરા સહિત સમગ્ર પંથકમાં દેવસર શ્રી નવનાથ ધામના છોટે દાદા, ટ્રસ્ટીઓ અને સેવકો પર અભિનંદન વર્ષા થઈ રહી છે.

## બીલીમોરાની બ્રાઈટ સ્ટાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ

**બીલીમોરા, તા.૧૬ :** બીલીમોરા બ્રાઈટ સ્ટાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, અભિવ્યક્તિ અને વક્તૃત્વ કૌશલ્ય ખીલે તેવા શુભ આશયથી ભવ્ય વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં ધોરણ ૧થી ૧૨ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રાષ્ટ્રભક્તિ અને મતદાન જેવા સામાજિક વિષયો પર સચોટ ભાષાશૈલી, સ્પષ્ટ ઉચ્ચારણ અને આત્મવિશ્વાસ સાથે પોતાના મૌલિક વિચારો રજૂ કર્યા હતાં. સ્પર્ધાના નિર્ણાયક તરીકે અશોકભાઈ ભટ્ટે સેવા આપી હતી.

## વાપીના વીઆઈએ ઓડિટોરિયમમાં ૮૦મા સ્વતંત્રતા પર્વની ઉજવણી થઈ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૬ :** આજ રોજ કનુ દેસાઈ વી.આઈ.એ. ઓડિટોરિયમ ખાતે ૮૦ માં સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી. વી.આઈ.એ.ના પ્રમુખ સતિષભાઈ પટેલે ધ્વજારોહણ કરી ૮૦ માં સ્વતંત્રતા દિનની શુભેચ્છા આપી, વરસતાં વરસાદ વચ્ચે પણ સ્વતંત્રતા દિવસ નિમિતે પોતાની ફરજ સમજીને તિરંગાને સલામી આપવા બદલ ઉપસ્થિત ઉદ્યોગકાર મિત્રોને બિરદાવ્યા.

તેમણે પોતાના વક્તવ્ય દ્વારા થોડા દિવસો પહેલા વરસેલ અતિ વરસાદના કારણે વાપી અને આજુબાજુના વિસ્તારમાં લોકોને જે તકલીફ પડી તે સમયે, કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈની અધ્યક્ષતામાં ઉદ્યોગકાર મિત્રો અને વાપી મહાનગર પાલિકાએ સાથે મળી પીડિતોના પુનઃઉત્થાન માટે જે અથાગ પ્રયત્નો કર્યા તે માટે અભિનંદન પાઠવ્યા. આ કાર્યક્રમમાં વી.આઈ.એ. ના ઉપપ્રમુખ મગનભાઈ સાવલિયા, માનદ મંત્રી કલ્પેશભાઈ વોરા, સહ માનદ મંત્રી ચંદ્રેશભાઈ મારુ, વી.આઈ.એ.ના પૂર્વ પ્રમુખ પ્રકાશભાઈ ભદ્રા અને કમલેશભાઈ પટેલ, વી.આઈ.એ.ના એડવાઈઝરી બોર્ડ મેમ્બર્સ નાનુભાઈ બાંભરોલીયા અને રજનીશભાઈ આનંદ, વી.આઈ.એ.ના ઈન્વીટી મેમ્બર માધુભાઈ મંગુકિયા, વી.આઈ.એ.ના એક્ઝિક્યુટિવ કમિટી મેમ્બર એવા હેમંત પટેલ, મેહુલ પટેલ, સંજય સવાણી, રાજ ગોગદાની, ધનસુખ રૂદાની, જગદીશ ભરુચી, જયેશ ટેકચંદાની, જોય કોઠારી, કેતન ઠક્કર, કમલેશ ભીમાણી, મોહિત રાજાની, દેવેન્દ્ર પટેલ, હેમાંગ નાયક, મનોજ પટેલ અને સુપ્રતિક દત્ત, વી.જી.ઈ.એલ. ના સી.ઈ.ઓ. જતીન મહેતા, વાપી જી.આઈ.ડી.સી. ફાયર વિભાગના સભ્યો, વી.આઈ.એ. અને વી.ઈ.સી.સી. ના સભ્યોએ ઉપસ્થિત રહી તિરંગાને સલામી આપી હતી અને અંતે ગાંધીજીની છબીને સુતરની આંટી પહેરાવી કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું.



## વાપીની આર. કે. દેસાઈ કોલેજમાં ૮૦મો સ્વતંત્રતા દિવસ ઉજવાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૬ :** દેશની આઝાદી માટે બલિદાન આપનાર સર્વ શહીદો , દેશની રક્ષા કરી રહેલા વીર જવાનો અને મહાન વ્યક્તિઓ ને યાદ કરી તેમને ધ્વજવંદન દ્વારા સલામી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પી. ટી. સી કોલેજના આચાર્ય સરોજબેન પટેલ અને સાયન્સ વિભાગના આચાર્ય સુરભી ચૌધરી દ્વારા આપણા દેશના તિરંગો લહેરાવવામાં આવ્યો હતો અને સલામી આપી ભારત માતાને વંદન કરવામાં આવ્યા હતા. તિરંગો કે જે દેશની આન-બાન અને શાન છે એના સન્માનમાં સંસ્થાના વિવિધ વિદ્યાશાખાના આચાર્યઓ તેમજ સંસ્થાના પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ હાજર રહી દેશની ભાવના વ્યક્ત કરી હતી. પ્રસ્તુત કાર્યક્રમમાં આર. કે. દેસાઈ અંગ્રેજી માધ્યમ સ્કૂલના વિદ્યાર્થીઓ તેમજ વિવિધ વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા દેશભાવના વ્યક્ત કરતું વકતવ્ય, નૃત્ય, દેશભક્તિ ગીત જેવી કૃતિઓ રજૂ કરવામાં આવી હતી જે કાર્યક્રમની શોભા વધાવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના પ્રાધ્યાપક ભૂષણ સરોડે દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમના આયોજન બદલ સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ તથા કેમ્પસ ડાયરેકટર ડૉ. મિત્તલ શાહએ દેશગર્વની ભાવના વ્યકત કરી શુભેચ્છાઓ પાઠવી હતી.

## દીવ ઘોઘલા જેટી પર પ્રશાસક પ્રફુલ પટેલે ધ્વજવંદન કર્યું




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૬ :** ૮૦મા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી ઘોઘલા જેટ્ટી, દીવ ખાતે દેશભક્તિ અને ગૌરવપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી. સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવના પ્રશાસક પ્રફુલ પટેલે રાષ્ટ્રીય ધ્વજ ફરકાવી પ્રદેશવાસીઓને સ્વાતંત્ર્ય દિવસની શુભેચ્છા પાઠવી હતી. કાર્યક્રમમાં વહીવટી તંત્રના વરિષ્ઠ અધિકારીઓ, જનપ્રતિનિધિઓ, પોલીસ અને સુરક્ષા દળોના જવાનો, વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. પ્રશાસક પ્રફુલ પટેલે પોતાના સંબોધનમાં સ્વાતંત્ર્ય સંગ્રામના જાણીતા-અજાણ્યા વીર શહીદો, ભગતસિંહ, સુખદેવ સહિતના અનગિનત શહીદોને શ્રદ્ધાંજલિ અર્પી હતી. પ્રશાસકે યુવાનો અને નાગરિકોને તમામ પ્રકારના વ્યસનોથી દૂર રહેવાની અપીલ કરી હતી. તેમણે કહ્યું કે યુવાનો પોતાની શક્તિ અને સમયને સકારાત્મક તથા રચનાત્મક કાર્યોમાં લગાવે અને વિકસિત તથા આત્મનિર્ભર ભારતના નિર્માણમાં યોગદાન આપે.

સંબોધનના અંતે તેમણે કેટલાક તોફાની તત્વો અને બાહ્ય શક્તિઓ દ્વારા યુવાનોને ગેરમાર્ગે દોરવાના પ્રયાસો અંગે સાવચેત રહેવા અપીલ કરી હતી. તેમણે રાષ્ટ્રીય એકતા, ભાઈચારો અને સામાજિક સમરસતા મજબૂત કરવા તથા વિકાસયાત્રામાં સૌને સહભાગી બનવા આહ્વાન કર્યું હતું.

પ્રશાસકના સંબોધન બાદ વિદ્યાર્થીઓ અને નાગરિકોએ 'વંદે માતરમ્'ના જયઘોષથી સમગ્ર કાર્યક્રમ સ્થળને ગુંજાવી દીધું હતું. ત્યારબાદ દેશભક્તિના ગીતો સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. અંતે પ્રશાસક દ્વારા શ્રેષ્ઠ સુશોભિત સરકારી મકાન, સૌથી સ્વચ્છ પંચાયત અને નગરપાલિકા વોર્ડ સહિત વિવિધ કેટેગરીના વિજેતાઓને પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા.

## વાપીની વિદ્યાનિકેતન શાળાના વિદ્યાર્થીઓ જિલ્લાકક્ષાએ ઝળકયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનીધ)

**વાપી, તા. ૧૬ :** ૮૦ માં સ્વાતંત્ર પર્વ ૧૫ મી ઓગસ્ટ ના વલસાડ જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં નાનાપોઢા ખાતે હેલીપેડ ગ્રાઉન્ડમાં થયેલ ડાન્સ કોમ્પિટિશનમાં કુલ નવ શાળામાંથી અમારા શાળાના વિદ્યાર્થીઓએ ડાન્સમાં પ્રથમ સ્થાન મેળવીને શ્રી વિદ્યા નીકેતન શાળાના નામ ની ઉજ્વળ કીર્તિ ફેલાવી છે ડાન્સ ટીચર પ્રિતેશ પટેલ સર અને સોનલ પાંડે ટીચરના માર્ગદર્શન હેઠળ બાળકોએ હાલમાં થયેલા પૂરગ્રસ્ત લોકોની પરિસ્થિતિને એક ડાન્સના માધ્યમથી પ્રસ્તુત કરીને ખુબ જ સુંદર પર્ફોમન્સ આપી અને આ સિદ્ધિ હાંસલ કરી છે જેમાં આપ સર્વનો અથાગ પ્રયત્ન દેખાઈ આવ્યો

વાપી કન્નડા સંઘ હોલમાં થયેલા આયોજનમાં કુલ ૨૮ સ્કૂલમાં ૧૨૬ પાર્ટિસિપેન્ટ માંથી ૫૦ પાર્ટિસિપેન્ટ હાજર રહ્યા જેમાંથી અમે આંતર-શાળા ચર્ચા સ્પર્ધામાં બીજું સ્થાન મેળવ્યું છે, જે ભવિષ્ય માટે એક નવો માપદંડ સ્થાપિત કરે છે. આ નોંધપાત્ર સિદ્ધિ અમને ૧૦મા ધોરણની માન્યા શર્મા દ્વારા મળી હતી - જેના આત્મવિશ્વાસ, સમર્પણ અને વક્તૃત્વે સમગ્ર SVN પરિવારને ગર્વ કરાવ્યો છે. આજે, SVN એ આંતર-શાળા સ્પર્ધાઓમાં ઈતિહાસ રચ્યો છે, આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ માર્ગદર્શકો અનુરાગ તિવારી સર અને નીરજા માલુપુડા ટીચર ને સમગ્ર SVN પરિવારને અભિનંદન પાઠવ્યા હતાં.

## છીરીની જ્ઞાનગંગામાં સ્વાતંત્રતા દિવસ ઉજવાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧૬ : વાપી છીરી ખાતે આવેલ જ્ઞાનગંગા શાળામાં ૮૦માં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરવામાં આવી છે. જેમાં શાળાના તમામ બાળકો, શિક્ષકો, વાલીઓ તેમજ શાળાના ટ્રસ્ટી ગણો હાજર રહ્યા હતા.

આ સ્વતંત્ર પર્વે શાળામાં મુખ્ય મેહમાન તરીકે શૌર્યરક્ષા ચેરિટેબલ ટ્રસ્ટના માલિક અશ્વિની રાણે દ્વારા ધ્વજ ફરકાવાવમાં આવ્યો હતો.

આ દરમિયાન ભારત માતા કી જે, વંદે માતરમના સૂત્રોચ્ચારથી શાળાનું વાતાવરણ દેશભક્તિમય બની ગયું હતું.

મુખ્ય મેહમાન તરીકે ઉપસ્થિત રહેલા અશ્વિની રાણે કુલ ૭૦ જેટલા એવોર્ડથી સન્માનિત છે. આ પ્રસંગે શાળાના આચાર્ય સુનીલ નાયર સરે



રાષ્ટ્રીત વંદે માતરમના ૧૫૦ વર્ષ પૂર્ણ થયા અંગેની જાણકારી આપી હતી.

કાર્યક્રમ દરમિયાન શૈક્ષણિક વર્ષ દરમિયાન વિવિધ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન બોર્ડની પરીક્ષામાં શાળામાં વિષયમાં ઉચ્ચ ગુણાંક મેળવી પ્રથમક્રમ મેળવનાર વિદ્યાર્થીઓને મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## વાપીની જ્ઞાનધામ સ્કુલમાં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૬ :** જ્ઞાનધામ સ્કૂલ, વાપી ખાતે ૧૫ ઓગસ્ટના રોજ સ્વાતંત્ર્ય દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમની શરૂઆત સવારે ૧૦ કલાકે થઈ હતી. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ દેશભક્તિ ગીતોની સુંદર રજૂઆત કરવામાં આવી હતી.

કાર્યક્રમના મુખ્ય અતિથિ ડૉ. આર. સી. નાયક (ચેરમેન અને ટેકનિકલ ડિરેક્ટર, યુનિફોસ એન્વાયરોટ્રોનિક પ્રાઈવેટ લિમિટેડ) એ પ્રેરણાદાયી વક્તવ્ય આપી વિદ્યાર્થીઓને દેશપ્રેમ અને સારા નાગરિક બનવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. શાળાના ચેરમેન સાન્દ્રાબેન એ પણ પ્રેરણાદાયી સંદેશ આપ્યો હતો. સાથે જ શાળાના આચાર્ય પ્રવિણ સુબ્રમણયમ એ દેશપ્રેમ અને જવાબદારી વિશે પ્રેરણાદાયી સંદેશ આપ્યો હતો.

કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓને અલ્પાહાર આપવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ આનંદમય અને દેશભક્તિપૂર્ણ વાતાવરણમાં સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

## વાપીની એલ.જી. હરિયા શાળામાં સ્વતંત્રતા દિવસ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૬ :** વાપીની શ્રી એલ.જી.હરિયા શાળામાં૧૫ મી ઓગસ્ટ ૨૦૨૬ નાં રોજ ૮૦ માં સ્વતંત્રતા દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. શ્રી કૌશિક હરિયા એજ્યુકેશનલ ફાઉન્ડેશન સંચાલિત શ્રી એલ.જી.હરિયા મલ્ટી પર્પઝ સ્કૂલ દ્વારા સ્વાતંત્રતા દિન નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. જેમાં મુખ્ય અતિથિ તરીકે વિરેન્દ્ર પટેલ (ચેરમેન, જાગૃતિ એન્ટરપ્રાઇઝ) ઉપસ્થિત રહ્યા હતા. અને કેશવજી મેઘજી ગોસરાની અતિથિ વિશેષમાં, શ્રી કૌશિક હરિયા એજ્યુકેશનલ ફાઉન્ડેશનના ચેરમેન એ.કે. શાહ, શાળાના એસએમસી ચેરમેન ઉજજવલ શુક્લા. સન્માનિત અતિથિ રાજેન્દ્ર મારવાહ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત મુખ્ય અતિથિના હસ્તે ધ્વજવંદન દ્વારા કરવામાં આવી. શાળાના આચાર્ય બીની પૌલ દ્વારા મહેમાનોનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ સ્વાતંત્રાતા દિવસ નિમિત્તે નાના ભૂલકાઓદ્વારા નૃત્ય પ્રસ્તુતકરવામાં આવ્યું સાથે અન્ય વિદ્યાર્થીઓ દ્વારા ભારત કી બેટી થીમ પર સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા. અંતે શાળાના મેનેજમેન્ટ અને આચાર્યા બીની પૌલ એ કાર્યક્રમની સફળતા બદલ સૌને અભિનંદન પાઠવ્યા.

## વટારની એસ.એસ.બી.ડી. દેસાઈ સ્કૂલમાં સ્વાતંત્રતા દિવસ ઉજવાયો




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૧૬ :** એસ .એસ.બી.ડી.દેસાઈ હાઈસ્કુલ, વટારમાં ૧૫ મી ઓગષ્ટના દિને સ્વાતંત્ર્ય પર્વનું આયોજન કરવામાં આવ્યું હતું.આ સ્વાતંત્ર્ય પર્વમાં મુખ્ય મહેમાન તરીકે પંકજભાઈ બી. દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા . તેમજ શાળાના ચેરમેન કિશોરભાઈ દેસાઈ શાળાના આચાર્ય ડો. નિખિલભાઈ કે. પટેલ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. પંકજભાઈ બી.દેસાઈના હસ્તે શાળામાં ધ્વજવંદન કરવામાં આવ્યો હતો શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ધ્વજ વંદન કાર્યક્રમમાં પરેડ તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીઓ દ્વારા સ્વાગત નૃત્ય, આર્મી ડાન્સ, અભિનય, દેશભક્તિ ગીત તેમજ વક્તવ્ય રજુ કરવામાં આવ્યું હતું. શાળાની શિક્ષિકા કામિનીબેન તથા અર્પિતાબેન દ્વારા આ સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. શાળાના અન્ય શિક્ષકોના સહયોગથી કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો. તેમજ શાળા તરફથી દરેક વિદ્યાર્થીઓને ચોકલેટ અને બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. શાળાના મેનેજમેન્ટે પધારેલ મહેમાનોનો આભાર વ્યક્ત કર્યો હતો.

## પારડીમાં મુસ્લિમ સમાજ દ્વારા ધ્વજવંદન કરાયું




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૬ :** પારડી વલસાડી ઝાપા માં આવેલ ડૉ એપીજે અબ્દુલ કલામ ચોક ખાતે મુસ્લિમ સમાજ દ્વારા ધ્વજ વંદન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં પારડી નગરપાલિકાના ઉપપ્રમુખ ફાલ્ગુનીબેન ભટ્ટના હસ્તે ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું

આ પ્રસંગે પારડીના જાણીતા ડોક્ટર એમ.એમ કુરેશી મુસ્લિમ સમાજના આગેવાન ફિરોજભાઈ પઠાણ ઈલ્યાઝ ભાઈ કુરેશી અખ્તર ભાઈ ગોરી, અલી અન્સારી ફૈઝલ મલેક, અનવર મણિયાર, તમામ લોકોએ રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. એમના સાથે પારડી નગરપાલિકાના કારોબારી અધ્યક્ષ ચેતન ભંડારી માજી સદસ્ય રાજેશ પટેલ, કેતન પ્રજાપતિ, તેમજ મોટી સંખ્યામાં હિન્દુ મુસ્લિમ સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા અને એક જ સંદેશો આપ્યો હતો કે કોમી એકતા જોવા મળી હતી. પાલિકા ઉપપ્રમુખ ફાલ્ગુનીબેન પટેલ જણાવ્યું હતું કે ચોમાસા દરમિયાન વરસેરા વરસાદમાં પણ મુસ્લિમ સમાજના આગેવાનોએ ભારે મહેનત કરી હતી અને લોકોને સેવા પૂરી પાડી હતી. આ પ્રસંગે મુસ્લિમ સમાજના આગ્રાની મોલાના જીએ સ્વતંત્રતા પર્વની ઝાંખી રજૂ કરી હતી કઈ રીતે આઝાદી મેળવી હતી તે અંગે તમામ લોકોને જાણકારી આપી હતી.

## વાપી આર.એસ. ઝૂનઝૂનવાલા સ્કૂલમાં સ્વાતંત્રતા દિવસ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૬ :** આર.એસ. ઝૂનઝૂનવાલા ઈન્ટરનેશનલ સ્કૂલ, વાપી ખાતે શાળાના મેનેજિંગ ટ્રસ્ટી નિલેશભાઈ રાઠોડ તથા આચાર્યા સુચિતા ચારીના માર્ગદર્શન હેઠળ ૮૦મા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીના મુખ્ય અતિથિ ક્રિષ્ના સિંઘલજીની વિશેષ ઉપસ્થિતિમા કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળા ના મેનેજિંગ ટ્રસ્ટી નિલેશભાઈ રાઠોડ સહિત વાલીઓ, અન્ય આમંત્રિત મહેમાનોની વિશેષ ઉપસ્થિતિએ કાર્યક્રમને વિશેષ ગૌરવ અપાવ્યું હતું.

સ્વાતંત્ર્ય દિવસની ખુશીની પ્રતીકરૂપે સૌને મીઠાઈનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## વાપી ફિલોશિપ મિશન શાળામાં સ્વતંત્રતા દિવસ અને શપથ ગ્રહણ સમારોહ યોજાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૬ :** તા. ૧૫મી ઑગસ્ટ ૨૦૨૬ વાપી ફેલોશિપ મિશન શાળા મા સ્વતંત્રતા દિવસ અને શાળાના વિદ્યાર્થીઓના શપથ ગ્રહણ સમારોહની ઉજવણી કરવામા આવી, જેમા મુખ્ય અતિથિ ડોક્ટર સિદ્ધાર્થ પટેલ, ડોક્ટર મનપ્રિત પટેલ, ભાવિકા ઘોઘારી, દક્ષાબેન રાજેશભાઇ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા, શાળા ના ડાયરેક્ટર સી.વી.મેથ્યુ, જુલી મેથ્યુ, શાળા ના પ્રિન્સિપાલ સંદીપ મરહટ્ટા,વાઈસ પ્રિન્સિપાલ કે. ટી. થોમસ તથા શેમ મેથ્યુસ, સૌ સાથે મળી શાળા ના પટાંગણમા રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો.

ત્યારબાદ ઉપસ્થિત મહેમાનો સાથે દીપ પ્રાગટ્ય કરી આ રાષ્ટ્રીય તહેવાર અને શાળાના વિદ્યાર્થીઓના શપથ ગ્રહણ સમારોહની શરૂઆત કરી જેમા વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોની ઝાંખી કરાવી. શાળાના વિદ્યાર્થીઓનો શપથ ગ્રહણ સમારોહ યોજાયો જેમા વિદ્યાર્થીઓએ શાળા પ્રત્યેની પોતાની જવાબદારીઓ સારી રીતે નિભાવવા ના શપથ લીધા. આ શુભ અવસરે અતિથિયોએ વિદ્યાર્થીઓને શબ્દરૂપી પુષ્પોથી પ્રોત્સાહિત કરી શુભેચ્છા પાઠવી.

આરીતે શાળાના નિર્દેશક સી.વી. મેથ્યુ તથા નિર્દેશિકા જુલી મેથ્યુના માર્ગદર્શનથી આ રાષ્ટ્રીય તહેવાર અને શાળાના શપથ ગ્રહણ સમારોહનું સફળતા પૂર્વક સમાપન થયું.

## ચણોદની કેબસીએસ કોલેજમાં સ્વતંત્રતા દિવસની ઉજવણી થઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૬ :** અત્રે ચણોદ કોલોની સ્થિત કેશવજી ભારમલ સુમારીયા કોમર્સ એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સીસ કોલેજ, વાપીમાં ૮૦મા સ્વતંત્રતા દિવસના શુભ પ્રસંગે, ખૂબ જ દેશભક્તિ અને ઉત્સાહ સાથે સ્વતંત્રતાની ભાવનાની ઉજવણી કરવામાં આવી હતી. કેમ્પસને રાષ્ટ્રધ્વજના રંગોથી શણગારવામાં આવ્યું હતું, જેનાથી એકતા અને ગૌરવનું જીવંત વાતાવરણ સર્જાયું હતું. ઉજવણીની શરૂઆત ડો. આશા ટી. દિક્ષિત, (Obstetrics & Gynaecologist) દિક્ષિત હોસ્પિટલ, વાપી દ્વારા ધ્વજવંદન ફરકાવીને થઈ હતી. ત્યારબાદ રાષ્ટ્રગીત ગાઈને વિદ્યાર્થીઓ દ્વારા પરેડ કરવામાં આવી હતી. આ પ્રસંગે ટ્રસ્ટના ચેરમેન એ. કે. શાહ , વિદ્યાર્થીઓ, NSS સ્વયંસેવકો, અને કોલેજના સ્ટાફગણે આ કાર્યક્રમમાં સક્રિયપણે ભાગ લીધો હતો.

કાર્યક્રમ રાષ્ટ્રની પ્રગતિમા યોગદાન આપવાની પ્રતિજ્ઞા સાથે સમાપ્ત થયો. યાદગાર ઉજવણીના અંતને ચિહ્નિત કરતા બધા સહભાગીઓને મીઠાઈઓ વહેંચવામાં આવી.

આમ સમગ્ર પ્રોગ્રામ સફળ રહેતા કોલેજના આચાર્ય ડૉ. પૂનમ બી.ચૌહાણે મુખ્ય મહેમાન, ટ્રષ્ટીગણ તેમજ વિદ્યાર્થીઓનો આભાર માની વ્યક્તિગત જીવનમાં પણ દેશભક્તિ સાથે સમાજના દુષણો અને કુરિવાજો તેમજ વ્યસનથી મુક્ત થઈ સ્વચ્છ ભારતના જાગૃત નાગરિક બનવાની શુભેચ્છા પાઠવી હતી.

## ડુંગરાના વિવેકાનંદ ગુરુકુળમાં ૧૫મી ઓગષ્ટની ઉજવણી કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૬ :** વિધાભારતી ગુજરાત પ્રતિસ્થાન સંલગ્ન સ્વામી વિવેકાનંદ ગુરુકુળ (અંગ્રેજી માધ્યમ) માં ૧૫મી ઓગષ્ટ ના કાર્યકર્મમાં ધ્વજ વંદન ડો. દિગંતભાઈ પટેલ ના હસ્તે કરવામાં આવ્યું હતું. ઉજવણી દરમ્યાન નાના બાળકો દ્વારા જુદાં-જુદાં ગીતો તેમજ નૃત્યો પ્રસ્તુત કરવામાં આવ્યા હતાં.

જેમાં નર્સરી થી બાળવાટિકા તેમજ ધોરણ-૧ થી ૮ સુધીના બાળકોની ક્રુતિ રજૂ કરવામાં આવી હતી. ટ્રસ્ટના પ્રમુખ શ્રીવિનાયકભાઈ એ પ્રસંગોચિત ઉદબોધન કર્યું હતું.



જયારે મુખ્ય અતિથિ ડો. દિગંતભાઈ પટેલ (Regional head, parul university physiotherapy Mater of public health ) એ પ્રસંગોચિત ઉદબોધન કર્યું , આ કાર્યક્રમમાં ટ્રસ્ટના પ્રમુખ વિનાયકભાઈ પીપુટકર, ટ્રસ્ટના ઉપપ્રમુ ધુવભાઈ કાલશરીયા, ટ્રસ્ટી સંજયભાઈ ત્રિવેદી, ચેતનભાઈ પ્રજાપતિ વ્યવસ્થાપક સમિતિના સદસ્યો મૂલજીભાઈ, જગદીશભાઈ, રમાકાંતભાઈ સંજયભાઈ વાણિયા, તરુણભાઈ કાર્યકર્તા તેમજ વાલીગણો , ડુંગરા ગામ ના કાર્યકર્તા ઓ પણ ઉપસ્થિત રહ્યા હતા,

## વાપીની એમ.એમ.એમ. ઈંગ્લિશ મિડિ. સ્કુલમાં સ્વતંત્ર દિન ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૬ :** મહારાષ્ટ્ર મિત્ર મંડળ સંચાલિત એમ. એમ. એમ. ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ માં ૮૦ મો સ્વતંત્ર દિન મોટા ઉત્સાહમાં ઉજવવામાં આયો એમાં મુખ્ય અતિથિ તરીકે ડોક્ટર વિજય પાટીલ હતા, સાથે સંસ્થાના ટ્રસ્ટી જગનાથ કવીશ્વર, પ્રેસિડેન્ટ પ્રભાકર બોરોલે, સેક્રેટરી સંતોષ સુર્વે તથા ઇંગ્લિશ મિડિયમના પ્રિન્સીપલ માધુરી તિવારી, મરાઠી મિડિયમના પ્રિન્સીપલ દિનકર જાધવ, તેમજ મહિલા મંડળ પ્રેસિડેન્ટ માધુરી નેમાડે, સભાસદ અને નિમંત્રિત અતિથિ,બન્ને શાળાના શિક્ષકો, અને સર્વ વિદ્યાર્થી હાજર હતા.

# વંદે માતરમ્ નો વિરોધ શા માટે ?



**૧૫** ઑગસ્ટ, ૧૯૪૭ રાત્રે ૧૦.૪૫ કલાકે (જૂના) સંસદ ભવનનો સેન્ટ્રલ હૉલ ખીચોખીચ ભર્યો હતો. સૂચેતા કૃપાલાણી દ્વારા 'વદે માતરમ'ના સૂર સાથે શબ્દનો સંગમ રચાયો અને ત્યાર પછી સેંટ્રલ હૉલમાં ભારતની આઝાદીની કાર્યવાહી શરૂ થઈ. બંધારણ સભાના અધ્યક્ષ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે અધ્યક્ષીય પ્રવચન કર્યું. એમના પછી જવાહરલાલ નેહરુના શબ્દો ભારતભરમાં ગૂંજ્યા. બારના ટકોરા થતાં જ મહાત્મા ગાંધી કી જય અને વંદે માતરમ્નો નાદ ગાજી ઊઠ્યો. દેશ અને દુનિયામાં ભારતની આઝાદીના પડઘા સંભળાયા...

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામ અને આઝાદીના મૂળમાં અને સૂરમાં-વંદે માતરમ્ - છે. હવે 'આઠ કા દશક' થાય છે ત્યારે વદે માતરમ્ - રાષ્ટ્રગાન ને રાષ્ટ્રગીત - જનગણમન... સાથે આદર આપતા ખરડા ઉપર રાષ્ટ્રપતિની મંજૂરી - સહી મળતાં કાયદો-કાનૂન બન્યો છે. રાષ્ટ્રગીતની અવહેલના - અનાદર અને અપમાન કરનારનો ગુનો સજાપાત્ર છે. આ જોગવાઈ કરતા જૂના કાયદામાં સુધારો કરીને રાષ્ટ્રગાન - વદે માતરમ્નો સમાવેશ થયો છે. પણ વંદે માતરમ્ સામે વિરોધ અને વિવાદ વર્ષોથી ચલાવાયો છે. ચૂંટણી વોટનું રાજકારણ શરૂ કરવામાં આવ્યું અને ચગાવવામાં આવ્યું. જે શબ્દો અને સૂરના તાલે અને સથવારે ભારતવાસીઓ ભારતમાતાને નમન અને જયજયકાર ગજાવતા હતા અને રાષ્ટ્રધર્મ ખાતર જાનફેસાની કરવા તૈયાર થયા હતાં. તે શબ્દોનો વિરોધ કરીને - ધર્મના નામે વિવાદ જગાવાયો તે નકલી-દંભી સેક્યુલરવાદનું પરિણામ હતું.

વંદે માતરમ્ - ગીત કોણે, ક્યારે, શા માટે લખ્યું તેની જાણ આપણા નેતાઓ અને યુવાપેઢીને હતી ખરી? આટલા દશકો પછી જ્યારે માતૃભૂમિ ભારતમાતાને વંદન અને આદર આપવાની ફરજ - ધર્મનું ભાન કરાવવામાં આવ્યું છે ત્યારે રાષ્ટ્રગાનનો ઈતિહાસ યાદ કરવો જોઈએ.

'વદે માતરમ' શબ્દબદ્ધ થયાની શતાબ્દી વર્ષ ૨૦૦૬માં સાતમી સપ્ટેમ્બરે ઊજવાઈ. શાળાઓમાં વંદે માતરમ્ ગાવાની સૂચના પરિપત્ર દ્વારા રાજ્યોને આપવામાં આવી હતી. (આ લખનારની શાળામાં સવારની પ્રાર્થના વદે માતરમથી શરૂ થતી હતી. આઝાદી પછી શરૂ થયેલી આ પ્રણાલી અચાનક ૧૯૫૦ના દશકમાં બંધ થઈ ! (શાળાના નામમાં હિન્દુ હાઈ સ્કૂલ - હોય તે પણ ચાલે નહીં - સેક્યુલરવાદનો ઉપયોગ પ્રયોગ શાળાના શિક્ષણથી શરૂ થયો હતો.

વર્ષો પછી વાજપેયીજીની એનડીએ સરકાર વખતે રામ નાઈકના પ્રયાસથી સંસદની બેઠકના અંતે વંદે માતરમ્ની ધૂન વગાડવાની શરૂઆત થઈ.

કેન્દ્ર સરકારના પરિપત્રનો વિરોધ હૈદરાબાદના મૌલવીઓએ કર્યો અને પછી વાયા લખનઊથી દેશભરમાં જાણે ફતવો બહાર પડ્યો કે મુસ્લિમો વંદે માતરમ્ નહીં બોલે - અલ્લાહ સિવાય કોઈની ઈબાદત થાય નહીં. માતૃભૂમિ માટે માન છે, નમન નહીં! મૌલાના અબુલ કલામ આઝાદથી લઈને ડૉ. અબ્દુલ કલામ સુધીના દેશભક્ત, દેશપ્રેમી અગ્રણીઓએ વંદે માતરમનો સ્વીકાર અને આદર કર્યો છે. ડૉ. રહેમાનની ધૂન - તરજ મા તૂઝે સલામ ભારતભરમાં ગૂંજે છે. સરહદ ઉપર ખડે પગે માતૃભૂમિનું રક્ષણ કરતા સુરક્ષાકર્મીઓને પાનો ચડાવે છે અને નાગરિકોને શેર લોહી ચડાવે છે! સામાન્ય નાગરિક કહે છે - અમારા પવિત્ર ગ્રંથ હાદીસમાં તમારા મુલ્કને પ્યાર કરો - એમ કહ્યું છે!

હકીકતમાં મુસ્લિમ સમુદાયના કેટલાક નેતાઓએ કેન્દ્રમાં કૉંગ્રેસ સરકાર સામે વિદ્રોહ કરવાની ધમકી આપી ત્યારે અર્જુનસિંહે ફેરવી તોળ્યું "અમારા પરિપત્રમાં રાષ્ટ્રગાન ગાવાનું ફરજિયાત નથી, જેમને ગાવું હોય તે ભલે ગાય!! હૈદરાબાદનો ફતવો હતો કે રાષ્ટ્રગાન ગવાતું હોય એવી શાળામાં બાળકોને મોકલનાર મા-બાપ-વાલીઓ ગુનાહ-એ-કબીરા ગણાશે!

નોંધપાત્ર અને શરમજનક બાબત એ છે કે ૧૮૫૭ના -થમ સ્વાતંત્ર્ય જંગ - સંગ્રામ, તથા વદે માતરમ્ અને ભગતસિંહની શહીદીને અંજલિ આપવા માટે વડા પ્રધાન ડૉ. મનમોહન સિંઘના અધ્યક્ષપદે સમિતિ નીમી હતી અને ત્યારે વદે માતરમનો વિરોધ થતો જોઈને વડા -ધાન ડૉ. સિંઘ તથા સોનિયા ગાંધીએ મૌન સેવ્યું. એક શબ્દ પણ બોલ્યા નહીં - આ રાજકારણ હતું કે રાષ્ટ્રહિત?! ઉત્તર પ્રદેશની ચૂંટણી માથાં ઉપર હોય ત્યારે વદે માતરમ્ બોલવાનું દુ:સાહસ કોણ કરે (ભારત) માતા કરતાં વોટ વધુ વહાલા હોય છે!

વંદે માતરમ્ અને જનગણમન - આપણી રાષ્ટ્રભક્તિના બે અખંડ સ્તોત્ર છે, સ્રોત છે. ૨૪મી જાન્યુઆરી ૧૯૫૦ના દિવસે બંધારણમાં રાષ્ટ્રગીત - જનગણમન - ને સ્વીકૃતિ આપવામાં આવી ત્યારે ડૉ. રાજેન્દ્ર -સાદના શબ્દો હતાં. આપણી આઝાદીના સંગ્રામમાં મહત્ત્વનું યોગદાન આપનાર વંદે માતરમનું સ્થાન-માન-આદર જનગણમન જેવું જ હશે.

વંદે માતરમૂની સત્તાવાર માહિતી

**વિશ્લેષણ**
**કુન્દન વ્યાસ**

વિશ્વભરની શાંતિ નિકેતનના પૂર્વ વાઈસ ચાન્સેલર સવ્યસાચી ભટ્ટાચાર્ય પાસેથી મળે છે. બંકીમચન્દ્ર ચેટરજી - ચહોપાધ્યાયે ૧૮૭૦માં આ ગીત લખ્યું - માતૃભૂમિને વેદના હતી. - સમૃદ્ધ, સદાકાળ, સમૃદ્ધ પુલકિત ભારતમાતા... વર્ષો પછી ૧૮૮૧માં બંકીમબાબુએ નવલકથા લખી- આનંદમઠ. સાધુ-સંતોએ બ્રિટિશ જોહુકમી સામે અવાજ ઉઠાવ્યો ત્યારે વદે માતરમનો મંત્ર હતો. વદે માતરમ્ ગીતમાં વધારો કર્યો હતો. દશભૂજાઓમાં શસ્ત્રો ધારણ કરેલાં માતા દુર્ગાનું સ્વરૂપ અપાયું. વર્ષ ૧૯૦૫માં બંગાળના સ્વદેશી અભિયાનમાં અને તે જ અરસામાં બનારસમાં મળેલા કોંગ્રેસ અધિવેશનમાં વંદે માતરમ્ ગૂંજી ઊઠયું ત્યારે ગાનના શબ્દોને સ્વરબદ્ધ કર્યા હતા રવીન્દ્રનાથ ઠાકુરે! ભારતના ભાગલાના વિરોધ વખતે પણ અરવિંદ ઘોષ અને રવીન્દ્રનાથે બંકીમને રાષ્ટ્રવાદના ઋષિ કહીને બિરદાવ્યા હતા જ. સ્વીન્દ્રનાથે વદે માતરમૂનો અનુવાદ અંગ્રેજીમાં કર્યો. ૧૮૯૬માં કલકત્તામાં રહીમતુલ્લા સાયાણીના પ્રમુખપદે ભરાયેલા કોંગ્રેસ અધિવેશનમાં પ્રથમ વખત રવીન્દ્રનાથના કંઠે વંદે માતરમ્ સાંભળીને કૉંગ્રેસ નેતાઓ કાર્યકરો ધન્ય થયા હતાં !

પણ ૧૯૩૦માં વિરોધ શરૂ થયો. આનંદમઠની નવલકથામાં ૧૭૭૦ની સાલના નવાબી યુગનો સિતાર હોવાથી વિરોધ કર્યો. મજહબનું બહાનું હતું. મહમદઅલી ઝિણાએ વદે માતરમ્ ગાવાનો ઈનકાર કર્યો, પણ આ પછી ૧૯૩૧માં શિવરી ખાતેના કોંગ્રેસ અધિવેશનમાં ઓમકારનાથ ઠાકુરે આ ગીત ગાયું ત્યારે ગાંધીજીએ કહ્યું. મારાં ભાષણો કરતાં ઓમકારનાથે ગાયેલા વંદે માતરમાં દેશભક્તિ જગાડવાની શક્તિ ઘણી વધુ છે. ૧૯૦૫થી આ ગીતે રાષ્ટ્રપ્રેમની પ્રેરણા આપી છે છતાં ધર્માંધતાને કારણે વિરોધ થાય છે! કોંગ્રેસ કારોબારીએ માત્ર પ્રથમ બે કડી ગાવાની ભલામણ કરી - ત્યારે ડૉ. રાજગોપાલાચારીએ વિરોધ કર્યો - માત્ર બે કડી જ કેમ ? આખરે પ્રજાસત્તાક ભારતમાં વદે માતરમને જનગણમન જેટલું જ મહત્ત્વ આપીને સભાના અંતે તે ગાવાનો નિર્ણય લેવાયો !

હવે સમય બદલાયો, નેતાઓ બદલાયા. ભાજપે વદે માતરમ્ અને મા-તૂઝે સલામની જેમ ભારતમાતા કી જયનો જયજયકાર શરૂ કર્યો. જયહિંદની જેમ - તે રાષ્ટ્રવાદ છે પણ સેક્યુલરવાદીઓને રાષ્ટ્રધર્મ દેખાતો નથી! તેથી ભાજપ હોય કે ભારત વિરોધ કરવો જ છે! કેરળમાં કોંગ્રેસ સરકાર છે અને કેન્દ્ર સરકારના આદેશ - પરિપત્ર પછી રાજયના મુખ્ય સચિવે તમામ ખાતાઓને સૂચના આપી કે સરકારી કાર્યક્રમોમાં સંપૂર્ણ વદે માતરમનું ગાન ફરજિયાત છે. પણ રાજય સરકારે કેન્દ્રના આદેશ કરતાં કોંગ્રેસ હાઈ કમાંડના હુકમનું પાલન કરવું પડશે. હવે સંપૂર્ણ ગાનની સૂચના પાછી ખેંચાશે!

તામિલનાડુની વિધાનસભાએ ઠરાવ પસાર કર્યો છે કે રાષ્ટ્રગીત અને રાષ્ટ્રગાન પહેલાં અમારું રાજ્યગાન ગાવામાં આવશે. રાજ્ય ફર્સ્ટ શશી થરૂર તો વળી એમ કહે છે કે રાષ્ટ્રગીત ગાવામાં બાવન સેકંડ, રાષ્ટ્રગાનમાં ત્રણ મિનિટ દસ સેકંડ અને રાજ્યગીત વધારાનું - કુલ છ મિનિટ કાર્યક્મ પહેલાં અને પછી - એમ બાર મિનિટ થઈ જાય!

કેન્દ્ર સરકાર અગાઉ માત્ર રાષ્ટ્રગીત માટે જે જોગવાઈ હતી તેમાં રાષ્ટ્રગાનનો સમાવેશ કર્યો છે તે મુજબ રાષ્ટ્રગીત પછી તરત જ રાષ્ટ્રગાન ગાવું ફરજિયાત છે. રાષ્ટ્રગીત અને ગાન બંનેનું અપમાન કરનાર - ગવાતું હોય ત્યારે ખલેલ પહોંચાડનાર અને ગીત-ગાયનમાં ઊભા થઈને નહીં ગાનાર ત્રણ વર્ષની જેલવાસ સજા તથા નાણાકીય દંડની સજાને પાત્ર થશે. અંગ્રેજી અખબારો કહે છે ૧૯૭૧ના કાયદા હેઠળ ૨૦૧૪થી ૨૦૨૪ દરમિયાન કાયદાનો ભંગ થયો હોય તેવા કેસમાં કુલ ૧૧૦૨ ધરપકડ થઈ હતી અને માત્ર ૬૦ કેસમાં સજા થઈ હતી.

અર્થાત - આ કાયદાની અસર નથી - જરૂર નથી - એવી વાત ચલાવાઈ છે. અર્થાત (માતૃભૂમિરૂપી) માતાને હું વંદું છું. સુજલાં એટલે કે નદી સરોવરોથી વિપુલ જળવાળી, સુફલાં એટલે કે ભરપૂર ફળોવાળી, મલય પવનથી શીતળ, ધાનથી હરિયાળી એવી માતાને વંદું છું. (શસ્યશ્યામલામાં શ્યામલા એટલે શ્યામ નહિ, ગાઢ લીલી.)

### વંદે માતરમ્

**સુજલાં સુફલાં મલયજશીતલામ્**
**શસ્યશ્યામલામ્ માતરમ્.**
**શુભ્ર-જ્યોત્સ્ના-પુલકિત-યામિનીમ્**
**ફુલ્લ કુસુમિત-દ્રુમદલશોભિનીમ્**
**સુહાસિનીમ્ સુમધુર ભાષિણમ્**
**સુખદાં વરદાં માતરમ્.**
**સપ્ત કોટી કંઠ-કલ-કલ-નિનાદ કરાલે,**
**દ્વિસપ્ત કોટી ભુજૈ ધૃત કરવાલે,**
**અબલા કેન મા એત બલે!**
**બહુબલધારિણી નમામિ તારિણી**
**રિપુદલવારિણીં માતરમ્.**
**તુમ વિદ્યા તુમિ ધર્મ્મ**
**તુમિ હૃદિ તુમિ મર્મ્મ**
**ત્વં હિ પ્રાણા શરીરે.**
**બાહુતે તુમિ મા શક્તિ,**
**હૃદયે તુમિ મા ભક્તિ,**
**તોમારઈ પ્રતિમા ગડિ મન્દિરે મન્દિરે**
**ત્વં હિ દુર્ગા દશપ્રહરણધારિણી**
**વાણી વિદ્યાદાયિની નમામિ ત્વાં**
**નમામિ કમલામ્ અમલાં અતુલામ્**
**સુજલાં સુફલાં માતરમ્**
**વંદે માતરમ્**
**શ્યામલાં સરલાં સુસ્મિતાં ભૂષિતામ્**
**ધરણીં ભરણીમ્ માતરમ્.**

શ્વેત ચાંદનીથી પુલકિત રાત્રિઓવાળી, ખીલેલાં પુષ્પો-પર્ણોથી શોભતી, સુંદર હાસ્ય વેરતી, મધુર વચનો બોલતી, સુખ આપનારી, વરદાન આપનારી માતાને હું વંદુ છું.

સપ્ત કોટિ - સાત કરોડ (જે વખતે આ ગીત લખાયું તે વખતની જનગણનાનુસાર) કંઠમાંથી નીકળતા ઘોષથી કરાલ રૂપાને, ચૌદ કરોડ હાથો વડે ખડ્ગ ધારણ કરનારી માતાને બધા અભલા કેમ કહે છે? મહાસમર્થ અને ઉદ્ધાર કરનારી, દુશ્મનોના સૈન્યને હરાવનારી માતાને હું વડું છું.

હે (ભારત) માતા, તું જ વિદ્યા છે, તું જ ધર્મ છે, તું જ હૃદય છે, તું મર્મ છે, તું જ દેહમાં પ્રાણ છે. હાથો વડે કરીને તું શક્તિ છે, હૃદયે કરીને તું ભક્તિ છે. તારી જ પ્રતિમા હું મંદિરે મંદિરે સ્થાપિત કરું. તું જ દશશસ્ત્ર ધારણ કરનારી દુર્ગા છે અને તું જ કમલાસના લક્ષ્મી છે, તું જ વિદ્યાદાતા સરસ્વતી છે, તને હું નમું છું. કમલારૂપ એવી સરલા, સુસ્મિતા, ભૂષિતા, ધરણીરૂપ, પોષણ કરનારી માતા તને નમું છું.

**ભોળાભાઈ પટેલ**
**સૌજન્ય :'આપણો કવિતા વારસો'**

# વેદનાને કોઈ લિંગ નથી હોતુ

## ડો. હર્ષ પંડ્યાની આત્મહત્યા અને આપણા સમાજના બેવડા કાટલાં

સુરતની નવી સિવિલ હોસ્પિટલના હોસ્ટેલ રૂમમાં પીજી રેસિડેન્ટ ડૉ. હર્ષ પંડ્યાની આત્મહત્યાના સમાચાર માત્ર એક આશાસ્પદ યુવાન તબીબના અકાળ અવસાનનો કરૂણ કિસ્સો નથી, પણ એ આપણા સામાજિક માનસશાસ્ત્ર અને ન્યાયના ચશ્મા પર જામેલી ધૂળને સાફ કરતી એક અત્યંત ગંભીર ક્ષણ છે. આ ઘટનામાં જ્યારે તપાસના અંતે સિનિયરો દ્વારા આચરવામાં આવતી ઘોર માનસિક યાતના અને રેગિંગની વિગતો બહાર આવી, ત્યારે એ સત્ય પણ સામે આવ્યું કે પીડક તરીકે માત્ર પુરુષો જ નથી હોતા, તેમાં સ્ત્રીઓ પણ સામેલ હોય છે. આ કરૂણાંતિકા સમાજે વર્ષોથી ઘડી કાઢેલા બે ભ્રામક અને એકપક્ષીય ખ્યાલો પર સણસણતો તમાચો મારે છે. પહેલો એ કે શોષણ કે અત્યાચાર કરવાનો એકાધિકાર માત્ર પુરુષો પાસે જ છે, અને બીજો એ કે પુરુષ હંમેશાં પાષાણ કે તમામ પરિસ્થિતિ સહન કરી લેનારો જ હોવો જોઈએ. આપણા સમાજમાં એક બહુ સહજ અને સ્વીકૃત માનસિકતા ઘર કરી ગઈ છે. જ્યારે પણ શોષણ, ત્રાસ, વર્કપ્લેસ હેરાનગતિ કે માનસિક ટોર્ચરની વાત આવે ત્યારે પીડિતના સ્થાને અનાયાસે જ એક સ્ત્રીનું ચિત્ર ઉપસી આવે છે અને પીડકના સ્થાને એક અહંકારી પુરુષનું. નિઃસંદેહ, ઈતિહાસ અને વર્તમાન સાક્ષી છે કે સ્ત્રીઓએ અન્યાય અને શોષણનો સામનો ઘણો વધારે કર્યો છે. પરંતુ જ્યારે આપણે આ વિભાવનાને સર્વકાલીન સત્ય માની લઈએ છીએ, ત્યારે આપણે અજાણતા જ સમાજમાં એક એવા બેવડા કાટલાંનો પાયો નાખીએ છીએ જ્યાં પુરુષ ક્યારેય 'પીડિત' હોઈ જ ન શકે તેવું સ્વીકારી લેવાય છે. ડૉ. હર્ષ પંડ્યાના કિસ્સામાં સિનિયરો દ્વારા કલાકો સુધી અપાતો ત્રાસ એ વાતની સાબિતી છે કે જ્યારે સત્તા, હોદ્દો કે સિનિયોરિટીનો અહંકાર કોઈ વ્યક્તિના માથા પર સવાર થાય છે, ત્યારે સ્ત્રી કે પુરુષનો ભેદરેખા ભૂંસાઈ જાય છે. ત્રાસ ગુજારવાની માનસિકતા એ લિંગ આધારિત નથી, પણ 'સત્તાના દુરુપયોગ' અને સંવેદનહીનતા આધારિત છે.

**પૌરુષ**



**અંકિત દેસાઇ,**
ટુકવાડા

પરંતુ આ આખી ઘટનાનો બીજો અને કદાચ સૌથી વધુ અસ્વસ્થ કરી દેનારું પાસું પુરુષની સંવેદનશીલતા સાથે જોડાયેલું છે. આપણું સામાજિક માળખું નાનપણથી જ છોકરાને એવું શીખવે છે કે 'છોકરાઓ રડે નહીં' 'પુરુષે મજબૂત બનવું પડે,' કે 'જે સહન ન કરી શકે તે મર્દ નહીં.' આ ઝેરી માનસિકતા પુરુષ પાસેથી તેની સંવેદનશીલ થવાની, ભાંગી પડવાની કે પોતાની વ્યથા વ્યક્ત કરવાની કુદરતી આઝાદી છીનવી લે છે. ડૉ. હર્ષ પંડ્યા જેવા અત્યંત તેજસ્વી, ભણેલા-ગણેલા અને સંવેદનશીલ યુવાનો જ્યારે મેડિકલ કોલેજ કે કોર્પોરેટ કલ્ચરની ઝેરી હવામાં શ્વાસ લે છે, ત્યારે તેઓ પોતાના પર થતા અત્યાચાર સામે અવાજ ઉઠાવતા પણ અચકાય છે. કારણ ? સમાજ તેમને જ નબળા ગણવા લાગશે. પરિણામે, પોતાની અંદર ભરાઈ રહેલો આક્રોશ, ગૂંગળામણ અને વેદના તેઓ કોઈને કહી શકતા નથી અને અંતે એક દિવસ એ વેદના ગળાનો ફાંસો બની જાય છે. પુરુષની સંવેદનશીલતાને આ સમાજે ક્યારેય સહાનુભૂતિથી જોઈ જ નથી; તેને કાં તો નબળાઈ ગણવામાં આવી છે કાં તો તેનો અનાદર કરવામાં આવ્યો છે.

જો આ સમગ્ર ઘટનાને થોડા વ્યાપક અને તાર્કિક દૃષ્ટિકોણથી મૂલવવામાં આવે, તો અહીં માત્ર 'સ્ત્રી વિરુદ્ધ પુરુષ' કે 'સિનિયર વિરુદ્ધ જૂનિયર'નો જ મુદ્દો નથી. આ કિસ્સો સિસ્ટમના સ્તરે વ્યાપેલા 'ઈન્સ્ટીટ્યુશનલ હાયરાર્કી' અને 'એબ્યુઝ ઓફ પાવર'નો છે. આપણી તબીબી શિક્ષણ પ્રણાલી હોય, સરકારી સંસ્થાઓ હોય કે કોર્પોરેટ જગત– ત્યાં એવા વાતાવરણને બિલકુલ પોષવામાં આવે છે જ્યાં સિનિયર હોવું એટલે જૂનિયરના સ્વાભિમાનને કચડી નાખવાનો પરવાનો મળી જવો. જ્યારે કોઈ સંસ્થામાં કામનું ભારણ, માનસિક તણાવ અને સત્તાનો રોફ અનિયંત્રિત બની જાય, ત્યારે ત્યાં માનવીય સંવેદનાઓ મરી પરવારે છે. ત્યાં લિંગ ગૌણ બની જાય છે અને માત્ર શક્તિશાળી દ્વારા નિર્બળનું શોષણ કરવાની અમાનવીય પ્રવૃત્તિ મુખ્ય બની જાય છે. સિનિયર મહિલા તબીબો દ્વારા જૂનિયર પુરુષ તબીબનું થતું શોષણ એ દર્શાવે છે કે જ્યારે કાયદો કે વ્યવસ્થા સત્તાના દુરુપયોગને રોકવામાં નિષ્ફળ જાય છે, ત્યારે કોઈપણ લિંગની વ્યક્તિ ક્રૂર બની શકે છે.

અહીં એક અન્ય મહત્વનો તાર્કિક દૃષ્ટિકોણ એ પણ વિચારવા જેવો છે કે આપણે જ્યારે સમાનતાની વાતો કરીએ છીએ, ત્યારે સમાનતા માત્ર અધિકારોમાં જ નહીં, પણ જવાબદારીઓ, ગુનાહિત માનસિકતા અને સજામાં પણ હોવી જોઈએ. જો કોઈ પુરુષ દ્વારા થતો ત્રાસ ગંભીર ગુનો છે, તો સ્ત્રી દ્વારા થતો ત્રાસ પણ એટલો જ ગંભીર, સજાપાત્ર અને અક્ષમ્ય ગુનો છે. ગુનાની ગંભીરતા પીડકની જાતિ જોઈને નક્કી ન થવી જોઈએ. જે ક્ષણે સમાજ કોઈ એક ચોક્કસ વર્ગને સાશ્વત પીડિત અને બીજા વર્ગને "સાશ્વત પીડક તરીકે જોવાનું શરૂ કરે છે, તે ક્ષણે જ સાચો ન્યાય મરી પરવારે છે. ડૉ. હર્ષ પંડ્યાની આત્મહત્યા એ વાતની ચેતવણી છે કે જો આપણે પુરુષોના માનસિક સ્વાસ્થ્ય, તેમના પર થતા અત્યાચાર અને તેમની સંવેદનશીલતાને ગંભીરતાથી નહીં લઈએ, તો આપણે આવા કેટલાય આશાસ્પદ ચિરાગોને કાળના મુખમાં ધકેલતા રહીશું.

સમય આવી ગયો છે કે સમાજ પોતાના આંખ પરથી પૂર્વગ્રહોના ચશ્મા ઉતારી લે. પુરુષ પણ માણસ છે. તેને પણ દુઃખ થાય છે, તે પણ માનસિક રીતે ભાંગી પડી શકે છે અને તેને પણ રક્ષણ તથા ન્યાયની જરૂર હોય છે.

. કોઈ યુવાનનું માનસિક ટોર્ચર થઈ રહ્યું હોય ત્યારે સમાજે એ પ્રશ્ન પૂછવાની જગ્યાએ કે 'તારાથી આટલુંય સહન ન થયું?', એ પૂછવાની જરૂર છે કે 'સિસ્ટમે તારા પર આટલો ત્રાસ થવા જ કેમ દીધો?'. ડૉ. હર્ષનો આત્મહત્યાનો કિસ્સો આપણને ચોખ્ખા શબ્દોમાં કહી રહ્યો છે કે માનસિક ક્રૂરતાને કોઈ જાતિ હોતી નથી, અને દર્દને કોઈ લિંગ હોતું નથી. જો આપણે હવે પછી પણ પુરુષોની સંવેદનાઓને નકારીશું અને શોષણના આ બેવડા કાટલાંને ચલાવી લઈશું, તો આ માત્ર એક તબીબની આત્મહત્યા નહીં રહે, પરંતુ આખી માનવતા અને ન્યાય-ણાલીની આત્મહત્યા બની રહેશે.

# ટેકનોલોજીથી શિક્ષક સ્માર્ટ થયો કે વ્યસ્ત ?

**શિક્ષકનો સમય માત્ર એ કારખાનામાં કામ કરતા કર્મચારીનો સમય નથી; તે તો દેશનાં ભવિષ્ય નિર્માણનો સમય છે. તેથી શિક્ષકને અનાવશ્યક વહીવટી ભારમાંથી શક્ય તેટલો મુક્ત કરી, વધુમાં વધુ સમય વર્ગખંડમાં બાળક સાથે વિતાવવા અપાય. શિક્ષકને માત્ર ડેટા એન્ટ્રી ઓપરેટર નહીં, શિક્ષક જ બનવા દેવાય, શિક્ષકોને માત્ર કાગળોમાં નહીં, બાળકોમાં વ્યસ્ત રહેવા વધુ સાનુકૂળતા કરાય તો સ્માર્ટ શિક્ષકના હાથમાં રહેલ સ્માર્ટ ટેકનોલોજી આવતીકાલના બાળકને ટેકનોક્રેટ બનાવી શકે કે નહીં ?**

**अविद्यया मृत्युं तीर्त्वा**
**विद्ययाऽमृतमश्नुते ॥**
**( ईशोपनिषद् )**

અર્થાત્ અવિદ્યાથી મૃત્યુને તરીને વિદ્યાથી અમૃતને પ્રાપ્ત કરવું. ભારતીય પરંપરા પ્રમાણે શિક્ષણ, ભણતર, કેળવણીનો મુખ્ય હેતુ તો અમૃત્વ મેળવવું જ છે પણ સમય-સંજોગ અને પરિસ્થિતિ બદલાતા શિક્ષણના હેતુઓ બદલાતા જાય છે.



સાંપ્રત સમયમાં શિક્ષણ એક તરફ રોજગારી મેળવવાનું માધ્યમ છે તો બીજી તરફ સત્તાને ટકાવી રાખવાનો એજન્ડા છે. દરેક સરકાર પોતાના તરફથી શિક્ષણના સુધારા માટે પ્રયત્નો કરીને યુવાનોને શિક્ષિત-વિકસિત બનાવવા -યત્નશીલ રહે છે. તે માટે સરકારે આધુનિકતાનો સ્વીકાર કરી જુદી જુદી માહિતીને પ્રદર્શિત કરવી પડે છે, એટલે જ હવે શાળાઓ માત્ર ભણવાનું સ્થળ નહીં પણ દરેક પ્રકારની પ્રવૃત્તિઓનું કેન્દ્ર બની છે અને હવે શિક્ષક માત્ર પુસ્તક-ચોક અને સોટી લઈને ભણાવવાવાળો કે ચોટલીવાળો વેદિયો નથી રહ્યો પણ સ્માર્ટફોન ઉપર વિડીયો બનાવનારો, જુદી જુદી લીંકમાં માહિતી ભરનારો અને છતાંય વર્ગખંડમાં વિદ્યાર્થીઓને પુસ્તક ભણાવનારો થયો છે. ટૂંકમાં, હવે શિક્ષક દરેક નાની-મોટી સરકારી કે સામાજિક પ્રવૃત્તિઓનો સહભાગી બની રહ્યો છે. એટલે તે માત્ર શિક્ષક જ નહી પણ સ્માર્ટ શિક્ષક થયો છે. જોકે, શિક્ષક સ્માર્ટ બન્યો એ તો સારી વાત છે પણ સ્માર્ટ બનત અનેક પ્રવૃત્તિઓમાં તેની સહભાગિતા વધતા બાળકોના સમયનો ભોગ આ પ્રવૃત્તિઓ લેતી હોય એવું લાગે છે ને!

ખરેખર તો શિક્ષણ એ માત્ર પાઠ્યપુસ્તકના પાનાં વાંચીને સમજાવવાની પ્રક્રિયા નથી. શિક્ષણ તો બાળકનાં મનને સમજી, તેની ક્ષમતાને ઓળખી, તેની જિજ્ઞાસાને પ્રોત્સાહન આપી તેને જીવન માટે તૈયાર કરવાની કળા છે. આ સમગ્ર પ્રક્રિયામાં શિક્ષકની ભૂમિકા સૌથી મહત્વપૂર્ણ છે. પરંતુ આજના સમયમાં શિક્ષકની સામે મોટો પ્રશ્ન એ ઊભો થયો છે કે શિક્ષક વર્ગખંડમાં શિક્ષણ આપે કે શિક્ષણેતર અન્ય ઓનલાઈન કામગીરીઓ પૂર્ણ કરે?

**મનનમ્**



**ડો. યોગેશ ગોરાને**
આચાર્ય
વિનય મંદિર, દાંડી

આજના ડિજિટલ યુગમાં શિક્ષણમાં ટેક્નોલોજી આશીર્વાદરૂપ છે. પણ જ્યારે આ ટેક્નોલોજીનો ઉપયોગ શૈક્ષણિક કાર્યને બદલે વિવિધ પ્રકારની ઓનલાઈન માહિતી ભરવા, ડેટા એન્ટ્રી કરવા, અલગ-અલગ પોર્ટલ પર માહિતી અપલોડ કરવા, અહેવાલો તૈયાર કરવા અને અનેક પ્રકારની વહીવટી કામગીરી કરવા માટે વધુ થાય ત્યારે શિક્ષણનો મૂળ હેતુ ડોહળાય છે. ઘણી વખત આ કામગીરી શાળાના સમય બાદ પણ ચાલુ રહે છે. શિક્ષકનો કિંમતી સમય કાગળો, મોબાઈલ અને કમ્પ્યુટરની સ્ક્રીન સામે જ પસાર થાય છે. પરંતુ આ સમય જો બાળક સાથે પસાર થાય તો?

તો આ સમય દરમિયાન બાળકની મુશ્કેલી સમજવા, નબળા વિદ્યાર્થીને વધારાનું માર્ગદર્શન આપવા, હોશિયાર બાળકને વધુ પડકાર આપવા, સર્જનાત્મક પ્રવૃત્તિ કરાવવા, વાંચનની ટેવ વિકસાવવા અને જીવનમૂલ્યો શીખવવાના કેટલાય અવસર ઊભા થઈ શકે. આમ તો શિક્ષકોનું કાર્ય હાજરી નોંધવું કે માહિતી ભરવું તો છે જ સાથે સાથે બાળકના જીવનને માર્ગદર્શિત કરવાનું છે. શિક્ષક બાળકને માત્ર વિષયનું જ્ઞાન જ નથી આપતો પરંતુ આત્મવિશ્વાસ, શિસ્ત, સંવેદના, જવાબદારી અને માનવતા પણ શીખવે છે. પણ આજે એવું લાગે કે શિક્ષક પોતે જ શિસ્ત, સંવેદના અને આત્મવિશ્વાસહીન થઈ રહ્યો છે, વધારાની વહીવટી ઓનલાઇન કામગીરીને કારણે. જોકે, વહીવટી કામગીરી જરૂરી નથી એવું નથી, શાળા સરકારી તંત્ર અને વિશ્વ સામે શાળાની સુચારુ છબી વિકસાવવા માટે રેકોર્ડ અને માહિતી જરૂરી છે. પરંતુ પ્રશ્ન એ છે કે આ કામગીરીનો ભાર કોના પર હોવો જોઈએ? શક્ય હોય ત્યાં સુધી ડેટા એન્ટ્રી અને વહીવટી કામગીરી માટે અલગ સહાયક વ્યવસ્થા ઊભી થાય તો ટેક્નોલોજીનો ઉપયોગ શિક્ષકનો સમય બચાવવા માટે થઈ શકે અને તે વધેલો સમય વિદ્યાર્થીઓ સાથે પસાર થઈ શકે ને ?

ટેકનોલોજીનો ઉપયોગ શિક્ષકને ડિજિટલ કામમાં વ્યસ્ત રાખવા નહીં, પરંતુ શિક્ષકને બાળક માટે વધુ સમય આપવા માટે થાય તો આજનાં ઝડપથી બદલાઈ રહેલા વિશ્વમાં બાળકોના પ્રશ્નો ઉકેલવા, શીખવાની નવી રીતો વિકસાવવા અને બાળકોની જરૂરિયાતો પૂર્ણ કરવા માટે શિક્ષક તે સમયનો ઉપયોગ કરી શકે, બાળક સાથે સંવાદ સાધી શકે. જેથી વર્ગખંડમાં શિક્ષકની હાજરી માત્ર શારીરિક નહીં, પરંતુ માનસિક અને સર્જનાત્મક પણ બની રહે ને !

આજે પણ શિક્ષકનું હૃદય રાખનાર સાચો શિક્ષક આ બધી જ વધારાની કામગીરી સાથે પણ સમયનો ઉપયોગ બાળકની આંખોમાં રહેલા સપનાં વાંચવા, બાળકના પ્રશ્નો સાંભળવા, નબળા વિદ્યાર્થીનો હાથ પકડીને આગળ વધારવા, પ્રતિભાશાળી બાળકને નવી ઊંચાઈ સુધી પહોંચાડવા અને વર્ગખંડમાં નવીન શિક્ષણપ્રયોગો કરવા માટે કરે જ છે. એવા શિક્ષકને જો યથાર્થ સમય બાળક માટે મળે તો ખરેખર જ તે વર્ગને સ્વર્ગ બનાવી શકે, આજે શિક્ષકે વર્ગખંડમાં બાળક સાથે વધુ પસાર કરેલો સમય આવતીકાલના ભારતનું ભવિષ્ય ઘડી શકે.

જ્યારે આપણે NEP૨૦૨૦ વિઝન અને મિશન સાથે શિક્ષણમાં પરિવર્તન લાવવા માટે સજ્જ છીએ ત્યારે એ ખાસ નોંધવું જોઈએ કે શિક્ષકનો સમય માત્ર એ કારખાનામાં કામ કરતા કર્મચારીનો સમય નથી. તે તો દેશનાં ભવિષ્ય નિર્માણનો સમય છે. તેથી શિક્ષકને અનાવશ્યક વહીવટી ભારમાંથી શક્ય તેટલો મુક્ત કરી, વધુમાં વધુ સમય વર્ગખંડમાં બાળક સાથે વિતાવવા અપાય. શિક્ષકને માત્ર ડેટા એન્ટ્રી ઓપરેટર નહીં, શિક્ષક જ બનવા દેવાય, શિક્ષકોને માત્ર કાગળોમાં નહીં, બાળકોમાં વ્યસ્ત રહેવા વધુ સાનુકૂળતા કરાય તો સ્માર્ટ શિક્ષકના હાથમાં રહેલ સ્માર્ટ ટેકનોલોજી આવતીકાલના બાળકને ટેકનોક્રેટ બનાવી શકે કે નહીં ?

# ધરમપુર-કપરાડા-નાનાપોંઢા તાલુકા વિશેષ

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : ધરમપુર - 9427189098, નાનાપોંઢા - 8141323913



## બાલચોંડીમાં રૂા. ૨.૪૩ કરોડની અદ્યતન સરકારી શાળાનું લોકાર્પણ

### નાનાપોંઢા તાલુકાના બાલચોંડીમાં ૨૬૫ વિદ્યાર્થીઓને આધુનિક સુવિધાઓનો લાભ મળશે



(દમણગંગા ટાઈમ પ્રતિનિધિ)
**ચીવલ, તા.૧૬ :** વલસાડ જિલ્લાના નાનાપોંઢા તાલુકાના બાલચોંડી ગામે ૮૦મા સ્વાતંત્ર્ય પર્વના શુભ દિવસે રૂ. ૨.૪૩ કરોડના ખર્ચે નિર્માણ થયેલી અદ્યતન સરકારી પ્રાથમિક શાળાનું આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન જે. પટેલ, કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

મંત્રી નરેશભાઈ પટેલે જણાવ્યું કે, બાલચોંડીની આ શાળાને ૧૦૯ વર્ષ પૂર્ણ થયા છે. અગાઉ લોકોના દાન અને ફાળાથી શાળાઓ શરૂ થતી હતી, જ્યારે આજે રાજ્ય સરકાર શિક્ષણ માટે કરોડો રૂપિયાનું રોકાણ કરી અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ કરાવી રહી છે. આ શાળાના નિર્માણ માટે રૂ. ૧.૬૩ કરોડ અને કંપાઉન્ડ વોલ સહિત અન્ય સુવિધાઓ માટે રૂ. ૮૦ લાખ ફાળવવામાં આવ્યા છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, સરકારી શાળાઓમાં સુવિધાઓ વધતા ડ્રોપઆઉટ રેશિયો ઘટ્યો છે અને ખાનગી શાળામાંથી અનેક બાળકો ફરી સરકારી શાળામાં પરત ફરી રહ્યા છે, જે વાલીઓનો સરકારી શિક્ષણ પ્રત્યે વધતો વિશ્વાસ દર્શાવે છે. હવે સંખ્યા સાથે શિક્ષણની ગુણવત્તા ઉપર ભાર મૂકવાનો સમય છે.

શાળાના આચાર્ય મિતેષભાઈ પટેલે જણાવ્યું કે, બાલવાટિકાથી ધોરણ-૮ સુધી કુલ ૨૬૫ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. શાળામાં ૯ વર્ગખંડ, કમ્પ્યુટર લેબ, સાયન્સ લેબ, રમતગમતનું મેદાન, મધ્યાહન ભોજન શેડ, બાગ-બગીચા સહિતની સુવિધાઓ છે તથા ૧૦ શિક્ષકો ફરજ બજાવે છે. પ્રસંગે મોટી સંખ્યામાં વાલીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## નાનાપોંઢા તા.પં.ની સામાન્ય સભા મળી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ધરમપુર, તા. ૧૬ :** નાનાપોંઢા તાલુકા પંચાયતની સામાન્ય સભા તાલુકા પ્રમુખ મનીષાબેન પટેલની અધ્યક્ષતામાં પંચાયત હોલ ખાતે યોજાઈ હતી. બેઠકમાં તાલુકાના વિકાસકામો, સરકારી ગ્રાન્ટ અને આગામી વિકાસ આયોજન અંગે મહત્વપૂર્ણ ચર્ચા કરવામાં આવી હતી.સભામાં ૧૬મા નાણા પંચ હેઠળ મળનારી ગ્રાન્ટના આયોજન તેમજ અગાઉની સમિતિઓ અને સામાન્ય સભાની કાર્યવાહીને બહાલી આપવામાં આવી હતી. તાલુકાના વિવિધ વિસ્તારોમાં જરૂરી વિકાસકામોનું આયોજન વહેલી તકે રજૂ કરવા સભ્યોને જણાવાયું હતું. વિકાસકામો દરમિયાન એક જ કામનું ડુપ્લિકેશન ન થાય તે માટે અધિકારીઓ અને સભ્યોને તકેદારી રાખવા સૂચના આપવામાં આવી હતી. તેમજ જિલ્લા અને તાલુકા પંચાયત હેઠળ ઓછામાં ઓછા રૂ. ૬ લાખના વિકાસકામોનું આયોજન કરી શકાશે તેવી માહિતી આપવામાં આવી હતી.

ગામોની જરૂરિયાત મુજબ વિકાસકામોને પ્રાથમિકતા આપી સરકારી ગ્રાન્ટનો યોગ્ય ઉપયોગ થાય તે અંગે ભાર મૂકાયો હતો. દરમિયાન તાજેતરના પૂર સમયે લોકોની મદદ માટે આગળ આવેલા તાલુકાના યુવાનો, ગ્રામ પંચાયતના સભ્યો અને તાલુકા પંચાયતના સભ્યોનો ટીડીઓ પ્રીતેશભાઈ બારિયાએ આભાર વ્યક્ત કર્યો હતો. બેઠકમાં તાલુકાના વિકાસકામો સમયસર પૂર્ણ થાય અને સરકારી યોજનાઓનો લાભ વધુમાં વધુ લોકો સુધી પહોંચે તે અંગે ચર્ચા સાથે સામાન્ય સભા પૂર્ણ થઈ હતી.

## કોલવેરા અને શાહુડામાં અનાથ બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ કરાયુ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**કપરાડા, તા. ૧૬ : કપરાડા તાલુકાના કોલવેરામાં** માનવદાસ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા શાહુડા અને કોલવેરા ગામનાં જરુરતમંદ વિદ્યાર્થીઓને મફત કપડા, બાળકોને સ્કુલ બેગ, અનાજ તેમજ અન્ય દૈનિક જીવન જરુરીઆતની વસ્તુઓનું મફત વિતરણનો કાર્યક્રમ દાતાઓ અને કોલવેરા ગામનાં સુનિલભાઈ ધુમ, કાશીનાથભાઈ તેમજ એમના મિત્રો, શાહુડા ગામના સરપંચ ચુનીલાલભાઈના સહકારથી યોજાયો હતો.

આ ઉપરાંત જીલ્લા બાળકલ્યાણ સમિતિ ( વલસાડ) નાં ચેરમેન ભુવનેશ્વરીબેન દેસાઈ તેમજ એમના સાથી સભ્યોએ અમારા સેવાયજ્ઞને આવકાર્યો હતો. અને શાહુડા ગામના ૬ અનાથ બાળકોને સરકારશ્રી તરફથી વિવિધ પ્રકારના મળવાપાત્ર લાભ વિશે ધરપત આપી હતી.

## તીસ્કરીમાં તાલુકા કક્ષાના ૮૦મા સ્વતંત્રતા પર્વની ઉજવણી



### મામલતદાર હાર્દિક એમ. ધોળીયાના હસ્તે ધ્વજવંદન : રેસ્ક્યુ કામગીરી કરનાર યુવાનો, ફાયર બ્રિગેડ જવાનો અને શિક્ષકોનુ સન્માન કરાયું



કેળવણી ગામની બાળ વૈજ્ઞાનિક પ્રિયાંશી થોરાતનું મામલતદાર દ્વારા પ્રમાણપત્ર આપી સન્માન કરાયું



તુંબી ખાતે ઈકો કાર ચાલક તણાઈ જતા પાલિકાના ફાયર બ્રિગેડના જવાનોએ ઉમદા કામગીરી કરી હતી જે અંગે તેમનું પણ પ્રમાણપત્ર આપી સન્માન કરાયું



રાજપુરી જંગલ ખાતે ભર ચોમાસે રેસ્ક્યુ ની કામગીરી મા ૧૦૦ જેટલા મહિલા સહિત લોકોની સલામત સ્થળે પહોંચાડ્યા હતા. જેમને પ્રમાણપત્ર આપીને સન્માન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ
**ધરમપુર, તા. ૧૬ :** ધરમપુર તાલુકાના તીસ્કરી ખાતે ૮૦મા તાલુકા કક્ષાના સ્વાતંત્ર્ય દિનની ગૌરવપૂર્ણ અને દેશભક્તિમય માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં મામલતદાર હાર્દિક એમ. ધોળીયાના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવી ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત સૌએ રાષ્ટ્રગાન સાથે દેશ પ્રત્યેની પોતાની ફરજ અને જવાબદારીનું સ્મરણ કર્યું હતું.

આ પ્રસંગે મામલતદાર હાર્દિક એમ. ધોળીયાએ જણાવ્યું હતું કે, સ્વાતંત્ર્ય દિન દરેક ભારતીય માટે ગૌરવ અને ભાવનાનો વિશેષ દિવસ છે. લાંબા સમયની અંગ્રેજી ગુલામીમાંથી દેશને આઝાદી અપાવવા અનેક સ્વાતંત્ર્ય સેનાનીઓએ પોતાનું જીવન અને સર્વસ્વ ન્યોછાવર કર્યું હતું. તેમણે મહાત્મા ગાંધી, શહીદ ભગતસિંહ, નેતાજી સુભાષચંદ્ર બોઝ, ચંદ્રશેખર આઝાદ, લાલા લજપતરાય અને રામપ્રસાદ બિસ્મિલ સહિતના તમામ સ્વાતંત્ર્ય સેનાનીઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. કાર્યક્રમ દરમિયાન રાજપૂરી જંગલના ચંપક ધનગારીયા સહિત આશરે ૮ જેટલા યુવાનોને ચોમાસાની પરિસ્થિતિ દરમિયાન ૧૦૦થી વધુ લોકોને રેસ્ક્યુ કરી સલામત સ્થળે ખસેડવા બદલ પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ધરમપુરના તુંબી ગામે પાણીમાં ડૂબી ગયેલી ઈકો કારમાં સવાર અજયની શોધખોળ કામગીરીમાં જોડાયેલી નગરપાલિકા ફાયર બ્રિગેડ ટીમના જવાનોને પણ તેમની કામગીરી બદલ પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત પાણીના વહેણમાં તણાઈ રહેલી બાળકીનો અદભુત રીતે જીવ બચાવનાર બાલુભાઈ ચૌધરીનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ કેળવણીની પ્રાથમિક શાળાની બાળવૈજ્ઞાનિક ગુજરાત નું નામ રોશન કરનાર પ્રિયાંશી થોરાતનુ પ્રમાણપત્ર આપી સન્માન કર્યું હતું શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી તેમજ SIR કામગીરીમાં વિશિષ્ટ યોગદાન આપનાર શિક્ષકોનું પણ પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ શાળા પરિસરમાં મામલતદાર એચ.એમ ધોળીયા સહિત ઉપસ્થિત મહાનુભવોના હસ્તે વૃક્ષારોપણ કરાયું હતું. કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખ શકુંતલાબેન ચૌધરી, જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન મણીલાલભાઈ ગાવીત, જિલ્લા પંચાયત સભ્ય પ્રતાપ પટેલ, જિલ્લા પંચાયત સભ્ય ઊર્મિલાબેન બિરારી, પૂર્વ જિલ્લા મહામંત્રી ગણેશભાઈ બિરારી, સરપંચ દિનેશભાઈ, નાયબ મામલતદાર દિવ્યેશભાઈ કેદારીયા, તાલુકા પંચાયતના સભ્ય, અશોકભાઈ દીવા, સહિત શાળાના આચાર્યો, શિક્ષકો અને વિવિધ ક્ષેત્રના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક દિનેશભાઈ એ કર્યું હતું તેમજ મામલતદાર કચેરીના કર્મચારીઓનો સહયોગ રહ્યો હતો તે ઉપરાંત ધરમપુરમાં મામલતદાર કચેરી ખાતે નાયબ મામલતદાર સંદિપભાઈ દેસાઈના હસ્તે, તાલુકા પંચાયત કચેરી ખાતે પ્રમુખ શકુંતલાબેન ચૌધરીના હસ્તે ,વનરાજ કોલેજ ખાતે જીવાભાઇ આહીરના હસ્તે, એસએમએસએમ હાઈસ્કુલ ખાતે નગરના અગ્રણી વસંતભાઈ કોટકના હસ્તે, આસુરા હાઈસ્કુલ ખાતે ધરમપુર સેવા મંડળના પ્રમુખ ચુનીભાઈ પટેલના હસ્તે, રાધાબા વિદ્યાલય ખાતે શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થીની ડો. નેહા તિવારીના હસ્તે, પાલિકા સ્કૂલ ખાતે પાલિકાના સદસ્ય જીગ્નેશભાઈ પટેલના હસ્તે, પાલિકા કચેરી ખાતે ઉપપ્રમુખ ઉમાબેન ભોયાના હસ્તે ધ્વજ વંદન કરાયુ હતું.

## ધરમપુર સરકારી પુસ્તકાલયમાં યુવા સંવાદ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ધરમપુર, તા. ૧૬ :** ગુજરાત રાજ્યના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના ગ્રંથાલય ખાતા તથા ગુજરાતી સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે સરકારી તાલુકા પુસ્તકાલય ધરમપુર ખાતે યુવા સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. ગ્રંથાલય ખાતાના નિયામક ડો. પંકજપુરી ગૌસ્વામીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં ગુજરાતી સાહિત્ય અકાદમી, ગાંધીનગરથી પસંદગી પામેલા મુખ્ય વક્તા ડો. ભાવેશભાઈ વાળા (પ્રોફેસર, સરકારી કોલેજ દમણ) તથા આમંત્રિત મહેમાન ડો. હેમંતભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

બંને વક્તાઓએ ઉપસ્થિત યુવા-યુવતીઓ સાથે સંવાદ કરી જીવનમાં ચોક્કસ ધ્યેય નક્કી કરવા, વાંચન પ્રત્યે રુચિ કેળવવા તથા સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળ થઈ સમાજ અને દેશની સેવા કરવા અંગે પ્રોત્સાહનજનક માર્ગદર્શન આપ્યું હતું. સાથે જ યુવાનોના -ે અને ભવિષ્યના ધ્યેય અંગે ચર્ચા કરી જરૂરી મદદની ખાતરી આપી હતી. કાર્યક્રમનું સંચાલન પુસ્તકાલયના યુવા વાચક ગણેશ મિશાળે કર્યું હતું, જ્યારે આભારવિધિ મદદનીશ ગ્રંથપાલ પૂનમબેન જોશીએ કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા પુસ્તકાલય સ્ટાફ તથા વાચકો-યુવા યુવતીઓએ સહયોગ આપ્યો હતો.



ધરમપુર બસ સ્ટેશનમાં ૧૫ મી ઓગસ્ટની ૮૦ મી ઉજવણી તમામ ડ્રાઈવરકંડકટર કર્મચારી ઓએ બસ સ્ટેશન વ્યવસ્થાપક ભૂમિકા પટેલ દ્વારા ફરકાવાયેલા તિરંગાને સલામી આપી રાષ્ટ્રગાન ગાઈને ઉજવણી કરી હતી. બસ ચાલક સલીમ કાદરી- બક્કલ-૫૭૦૭ દર વર્ષે રાષ્ટ્રીય પર્વ નિમિત્તે પોતે હંકારતા બસને તિરંગા ફુલહારોથી શણગારી દેશભક્તિ ઉજાગર કરે છે. દેશપ્રેમસહ એસ્ટી નિગમની ફરજભક્તિને સૌ બિરદાવી હતી.

## આંબાબારી વિદ્યાલયમાં ૮૦માં સ્વાતંત્રતા પર્વની ઉજવણી કરાઈ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ધરમપુર, તા. ૧૬ :** વનવાસી વિકાસ મંડળ સંચાલિત વન વિદ્યાલય, અંબાબારી ખાતે રાષ્ટ્રીય પર્વની ઉજવણી ઉત્સાહ અને ઉમંગભેર કરવામાં આવી હતી. કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકગણ, વાલીઓ તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

૮૦મો સ્વાતંત્ર્ય પર્વ કાર્યક્રમમાં અમારા આમંત્રણને માન આપી આંબાબારી ગ્રામપંચાયતના સરપંચના હસ્તે ધ્વજારોહણ કરવામાં આવ્યો હતો. ઉપસ્થિત સૌએ રાષ્ટ્રધ્વજને સલામી આપી રાષ્ટ્રગાન ગાયું હતું. ત્યારબાદ શાળાના આચાર્ય દ્વારા આવકાર પ્રવચન કરવામાં આવ્યું હતું. અગાઉ વિદ્યાર્થીઓ માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની પ્રતિભાનું પ્રદર્શન કર્યું હતું. વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા વિદ્યાર્થીઓને બી.એડ. ના તાલીમાર્થી બહેનોએ પ્રોત્સાહક ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સરપંચ, વાલી મંડળના પ્રમુખ, અને માજી સરપંચ દ્વારા વિદ્યાર્થીઓને દેશપ્રેમ, રાષ્ટ્રભક્તિ, એકતા અને જવાબદારીના મૂલ્યો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા ઉપસ્થિત મહેમાનો, વાલીઓ, શિક્ષકગણ, B.Ed.ના તાલીમાર્થી બહેનો તથા ગ્રામજનોનો મહત્વપૂર્ણ સહયોગ મળ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સુચારુ સંચાલન નીતાબેન દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે કાર્યક્રમને સુંદર રીતે આગળ ધપાવી ઉપસ્થિત સૌને કાર્યક્રમ સાથે જોડાયેલા રાખ્યા હતા.ચ કાર્યક્રમના અંતે આભારવિધી મીનલબેન દ્વારા કરવામાં આવી હતી. તેમણે કાર્યક્રમને સફળ બનાવવા માટે સહયોગ આપનાર તમામનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

અંતમાં શાળાના આચાર્ય નરેશભાઈ જે માહલાએ કાર્યક્રમની સફળતા બદલ શાળા પરિવારનો આભાર માન્યો હતો. સમગ્ર કાર્યક્રમ આનંદ, ઉત્સાહ અને રાષ્ટ્રભક્તિના માહોલમાં સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

## નાનાપોંઢા-કપરાડા તાલુકામાં શું શ્રાવણમાં ભજન-પરંપરા હવે વિલુપ્ત થવાની કગારે પહોંચી છે



પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થાય ત્યારે મનમાં ભક્તિભાવ સાથે અનેક જૂની યાદો તાજી થઈ જાય છે. આજથી ૨૦-૩૦ વર્ષ પહેલાંનો સમય યાદ કરીએ તો શ્રાવણ માસ દરમિયાન ગામડાં અને શહેરોના અનેક વિસ્તારોમાં ભક્તિનું આગવું વાતાવરણ જોવા મળતું. સાંજ પડતાં જ ક્યાંક ઢોલકનો નાદ સંભળાતો, તો ક્યાંક ભજન-કીર્તનના સૂર વાતાવરણને ભક્તિમય બનાવી દેતા. ઘર-ઘરમાં ભજનો અને ધાર્મિક વાતો થતી અને લોકો રાત્રિના સમયે પણ ભજન મંડળીઓમાં જોડાતા.

પહેલાના સમયમાં ગામે ગામ ભજન મંડળીઓ કાર્યરત હતી. યુવાનો, વડીલો અને મહિલાઓ સૌ સાથે મળીને ભજનો ગાતા.



**નાનાપોંઢાનો પત્ર**
**ડો. બાબુ ચૌધરી, નાનાપોંઢા**

કોઈ એકના ઘરે કે મંદિરમાં ભજનનું આયોજન થતું અને આખું ગામ તેમાં જોડાતું. શ્રાવણ માત્ર ધાર્મિક મહિનો નહોતો, પરંતુ લોકો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવતો એક સામાજિક અવસર પણ હતો. પરંતુ સમય બદલાયો છે. આધુનિક જીવનશૈલી, મોબાઈલ, સોશિયલ મીડિયા, ટીવી અને અન્ય મનોરંજનના સાધનો વચ્ચે યુવા પેઢીનો પરંપરાગત ભજન-કીર્તન તરફનો રસ ઘટતો જોવા મળે છે. આજે શ્રાવણની રાતોમાં પહેલાં જેવો ઢોલકનો નાદ કે સામૂહિક ભજનનો ગુંજારવ ભાગ્યે જ સાંભળવા મળે છે. ઘણી જગ્યાએ તો રાત્રિઓ જાણે સાવ શાંત બની ગઈ છે.

આ બદલાવ માટે માત્ર યુવા પેઢીને જવાબદાર ઠેરવવી યોગ્ય નથી. પરંપરાઓને જીવંત રાખવાની જવાબદારી પરિવાર, સમાજ અને વડીલોની પણ છે. જો ભજન-કીર્તનને માત્ર જૂની પેઢીની બાબત માનવામાં આવશે અને નવી પેઢીને તેમાં જોડવાનો પ્રયાસ નહીં થાય, તો આવનારા સમયમાં આ સુંદર પરંપરા ખરેખર લુપ્ત થવાના આરે પહોંચી શકે છે.

પરંતુ હજુ મોડું થયું નથી. શ્રાવણ દરમિયાન ગામો અને સોસાયટીઓમાં ભજન સંધ્યા, લોકભજન સ્પર્ધા, બાળ-ભજન મંડળી અને યુવાનો માટે સંગીત આધારિત ધાર્મિક કાર્યક્રમો યોજી શકાય. વડીલો પોતાના અનુભવો અને ભજનો નવી પેઢી સાથે વહેંચે તો એક સુંદર સાંસ્કૃતિક સેતુ બની શકે. પરંપરા ત્યારે જ જીવંત રહે છે જ્યારે નવી પેઢી તેને પોતાની માને. શ્રાવણના ભજનો માત્ર ગીતો નથી; તેમાં આપણી સંસ્કૃતિ, સંસ્કાર, સંગીત અને સામૂહિક જીવનની સુગંધ છુપાયેલી છે. પ્રશ્ન એ નથી કે શ્રાવણની ભજન-પરંપરા નાબૂદ થશે કે નહીં; પ્રશ્ન એ છે કે આ પરંપરાને આવનારી પેઢી સુધી પહોંચાડવા માટે આપણે આજે શું કરી રહ્યા છીએ?

### અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, નાનાપોંઢા દ્વારા

## સુખાલાની શાળાના ૧૨૧ વર્ષ પૂર્ણ થતાં ૧૨૧ વૃક્ષોનું વૃક્ષારોપણ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**નાનાપોંઢા, તા. ૧૬ :** નાનાપોંઢા તાલુકાની વિજ્ઞાન પ્રયોગ શાળા, સુખાલા ખાતે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, નાનાપોંઢા દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના સ્થાપનાના ૧૨૧ વર્ષ પૂર્ણ થવાના અવસરે પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળી વધારવાના ઉદ્દેશ સાથે શાળા પરિસરમાં ૧૨૧ વૃક્ષો રોપવાનો સંકલ્પ લેવામાં આવ્યો છે. આ પ્રસંગે શૈક્ષિક મહાસંઘ દ્વારા શાળા પરિસરમાં વિવિધ પ્રજાતિના વૃક્ષોના રોપાનું આયોજન કરવામાં આવ્યું હતું. વૃક્ષારોપણ દ્વારા વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ, વૃક્ષોના મહત્વની સમજ અને પ્રકૃતિ સંરક્ષણની ભાવના વિકસે તેવો સંદેશ આપવામાં આવ્યો હતો. શાળાના ૧૨૧ વર્ષના



ગૌરવશાળી ઈતિહાસને યાદગાર બનાવવા માટે ૧૨૧ વૃક્ષો વાવવાનો આ સંકલ્પ સમાજ માટે પણ પ્રેરણાદાયી બની રહેશે. વૃક્ષારોપણ કાર્યક્રમ દરમિયાન અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ નાનાપોંઢાના અધ્યક્ષ ડૉ. બાબુ ચૌધરી, મહામંત્રી ગોવનભાઈ પટેલ તેમજ વલસાડ જિલ્લાના મહામંત્રી રામુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. મહાસંઘના હોદ્દેદારો તથા શાળા પરિવારના સહયોગથી કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો.

આ પ્રસંગે શાળાના આચાર્ય હરેશભાઈ પટેલે ઉપસ્થિત મહાનુભાવો, શૈક્ષિક મહાસંઘના હોદ્દેદારો તથા સહયોગી સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે વૃક્ષારોપણ સાથે રોપાયેલા વૃક્ષોની જાળવણી અને સંવર્ધન કરવાની જવાબદારી પણ સૌએ નિભાવવી જોઈએ તેમ જણાવ્યું હતું. શાળાના ૧૨૧ વર્ષ પૂર્ણ થવાના અવસરે હાથ ધરાયેલો ૧૨૧ વૃક્ષો રોપવાનો આ અભિયાન પર્યાવરણપ્રેમ અને સામાજિક જવાબદારીનું ઉત્તમ ઉદાહરણ બની રહ્યું છે.

# અન્ય સમાચારો

Monday 17, August 2026
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Monday 17, August 2026

## નાપાક આતંકવાદ

એક તરફ પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં સરકાર સામે બળવો તીવ્ર બની રહ્યો છે, ત્યારે ભારતમાં સરહદ પારથી આતંકી હુમલાના લોહિયાળ કારસા સતત ચાલુ રહ્યા છે. ગયા સપ્તાહે જમ્મુ અને કાશ્મીરના કુલગામમાં આતંકીઓએ શ્રમજીવીઓને તેમનો ધર્મ પૂછીને બે હિન્દુને ઠાર કર્યાના બનાવે પાકિસ્તાનના નાપાક ઈરાદા વધુ એક વખત છતા કર્યા છે. ગયાં વર્ષે એપ્રિલ મહિનામાં પહેલાગામમાં આતંકીઓએ ૨૪ જેટલા પર્યટકને તેમનો ધર્મ પૂછીને ઠાર કર્યા હતા. પહેલગામ હુમલાની જેવા જ ગયા સપ્તાહના કુલગામ હુમલાની જવાબદારી પણ પાકિસ્તાનના તાબા હેઠળના આતંકી સંગઠન ટીઆરએફએ લીધી છે. ટીઆરએફ પ્રતિબંધિત લશ્કર-એ-તોયબાનો ચહેરો છે. પાકિસ્તાને લશ્કર-એ-તોયબાને મદદ કરીને ટીઆરએફની રચના કરાવી છે. ઈસ્લામાબાદ પર આતંકીઓને મદદ કરવાના આરોપ તળે એફએટીએફના પ્રતિબંધની તલવાર લટકતી હતી તેવા સમયે ટીઆરએફની રચના કરાઈ હતી. જોતજોતામાં આતંકનો પર્યાય બની ગયેલા ટીઆરએફનું નામ બિનકાશ્મીરીઓ અને તેમાં ખાસ તો હિન્દુઓની હત્યામાં કુખ્યાત બની ગયું છે. પહેલગામના હુમલા પાછળ પણ ટીઆરએફનો હાથ હોવાની હકીકતે તેનો લોહિયાળ ચહેરો વધુ છતો કર્યો હતો. પહેલગામના હુમલા સમયે આરંભમાં તેણે પોતાની જવાબદારી સ્વીકારી હતી, પણ પાછળથી વૈશ્વિક ટીકાને લીધે તેણે ફેરવી તોળ્યું હતું. તે સમયે પાકિસ્તાનને સંયુક્ત રાષ્ટ્રસંઘમાં પણ ટીઆરએફનો બચાવ કરવાની ફરજ પડી હતી. કુલગામના હુમલામાં બે શ્રમજીવીનાં મોત થયાં છે, પણ જે રીતે ધર્મ પૂછીને આતંકીઓએ તેમને નિશાન બનાવ્યા તે બતાવે છે કે, પાકિસ્તાન પહેલગામના લોહિયાળ કાંડ બાદ ભારતે ઓપરેશન સિંદૂર હાથ ધરીને ભારે તબાહી મચાવી હોવાની વાત બહુ જલ્દી વિસરી ગઈ છે. એમ પણ જણાય છે કે, ઈરાનના મામલે કહેવાતી મદદ કરીને અમેરિકાની નજીક પહોંચવા મથી રહેલા પાકિસ્તાનનું દુ:સાહસ હવે વધી ગયું છે, પણ ભારતે તેને ઓપરેશન સિંદૂરની યાદ સતત રહે એવાં પગલાં લેતાં રહેવાની ખાસ જરૂરત છે.

## "મગજના નક્સલીઓ" સમાજમાં અરાજકતા-યુવાનોને ઉશ્કેરવાનો પ્રયાસ કરી રહ્યા છે:મોદી



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૬ : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લા પરથી (૧૫ ઓગસ્ટ, ૨૦૨૬) ૮૦મા સ્વતંત્રતા દિવસના ભાષણમાં "માઈન્ડફુલ નક્સલીઓ" શબ્દનો ઉપયોગ કર્યો હતો, જેનાથી દેશના રાજકારણમાં એક નવો વિવાદ ઉભો થયો છે.

પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે જ્યારે દેશમાં સશસ્ત્ર નક્સલવાદ લુપ્ત થવાના આરે છે, ત્યારે બીજી તરફ, "મગજના નક્સલીઓ" સમાજમાં અરાજકતા ફેલાવવાનો અને યુવાનોને ઉશ્કેરવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ નિવેદન પર કોંગ્રેસ, સીપીઆઈ, તૃણમૂલ કોંગ્રેસ અને કોકરોચ જનતા પાર્ટી (CJP) સહિત વિવિધ વિપક્ષી પક્ષો તરફથી તીવ્ર પ્રતિક્રિયાઓ મળી છે.

વૈચારિક વિરોધીઓને નિશાન બનાવતા પ્રધાનમંત્રીએ પોતાના સંબોધનમાં કહ્યું કે, "સુરક્ષા દળોએ જંગલોમાં કાર્યરત બંદૂકધારી માઓવાદી બળવાખોરીનો લગભગ નાશ કરી દીધો છે."

તેમણે વધુમાં કહ્યું કે, પરંતુ નક્સલવાદી વિચારધારા ધરાવતા લોકો હવે મગજના નક્સલી તરીકે ઓળખાવીને દેશને ગેરમાર્ગે દોરવા અને યુવાનોને ગેરમાર્ગે દોરવાની તકો શોધી રહ્યા છે."

પીએમે કહ્યું કે માઓવાદી વિચારધારા દાયકાઓથી સત્તા અને સલાહકાર સમિતિઓના કોરિડોરમાં ઘૂસી ગઈ છે, જે સરકારી નીતિઓને પ્રભાવિત કરી રહી છે. "આપણે આ દિમાગી નક્સલીઓને અલગ કરવા જોઈએ. વડાપ્રધાનનું નિવેદન સામે આવતાની સાથે જ, વિપક્ષી પક્ષોએ તેમના પર રાજકીય વિરોધીઓ અને ટીકાકારોને નિશાન બનાવવા માટે સ્વતંત્રતા દિવસ જેવા રાષ્ટ્રીય તહેવારનો ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો.

કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યું કે, પહેલા તેમણે તેમના વિરોધીઓને શહેરી નક્સલી કહ્યા, હવે તેઓ તેમને માનસિક નક્સલી કહી રહ્યા છે. આ તેમની હતાશાનો સ્પષ્ટ સંકેત છે. પીએમ ઘણીવાર તે જ નીતિઓ અપનાવે છે જે તેઓ નિશાન બનાવે છે.તેમણે કહ્યું કે, વડાપ્રધાનશ્રી, માનસિક નક્સલ શબ્દ કે આવું કોઈ લેબલ કામ કરશે નહીં! તમે દેશના શિક્ષિત યુવાનોને ફક્ત એટલા માટે નક્સલવાદી કેવી રીતે કહી શકો છો કારણ કે તેઓ તમારી સરકાર પર સવાલ ઉઠાવે છે? આ ઘમંડ અને યુવાનોની સમસ્યાઓનું નિરાકરણ કરવામાં નિષ્ફળતા છે.

ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી (CPI)ના મહાસચિવ ડી. રાજાએ જણાવ્યું હતું કે રાષ્ટ્રવિરોધી અને ટુકડે-ટુકડે ગેંગના જમણેરી વલણ પછી, પીએમએ હવે માનસિક નક્સલ નું એક નવું અર્થહીન લેબલ ઉમેર્યું છે. આ અસંમતિ વ્યક્ત કરનારા અવાજોને દબાવવા અને રોજગાર અને શિક્ષણ મેળવતા યુવાનોના મુદ્દાઓ પરથી ધ્યાન હટાવવાનો પ્રયાસ છે.TMC સાંસદ મહુઆ મોઈત્રાએ સોશિયલ મીડિયા પર પીએમના નિવેદન પર કટાક્ષ કરતા લખ્યું કે, હા, હું એક માનસિક નક્સલ છું. વ્યાખ્યા પ્રમાણે, દરેક વ્યક્તિ કોકરોચ છે.

લાલ કિલ્લા પરથી આપેલું આ નિવેદન આગામી દિવસોમાં, ૨૦૨૭ અને ૨૦૨૮ માં યોજાનારી રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓ પહેલા રાષ્ટ્રીય રાજકીય અને સુરક્ષા ચર્ચાઓનું મુખ્ય કેન્દ્ર બનવાની શક્યતા છે.

## ખેડૂતોનું ફરી દિલ્હી કૂચનું એલાન



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૬ : ખેડૂત સંગઠનોની ખનૌરી દાતા સિંહવાલા બોર્ડરથી દિલ્હીના જંતર-મંતર સુધી શરૂ થનારી પદયાત્રાને લઈને જીંદ જિલ્લા પ્રશાસન અને પોલીસ પૂરી રીતે સજ્જ થઈ ગઈ છે.

કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા માટે નરવાના નહેર પુલ અને બોર્ડર વિસ્તારને પોલીસ છાવણીમાં તબદીલ કરી દેવામાં આવ્યો છે.

ખેડૂતોની આ પદયાત્રાને રોકવા અને સુરક્ષા વ્યવસ્થાને મજબૂત કરવા માટે ભારે પોલીસ બળ તહેનાત કરવામાં આવ્યું છે તેમજ સ્થળ પર કોંક્રીટના પાક્કા બેરિકેડ્સ, વોટર કેનન અને વજ્ર વાહનો પણ ખડકી દેવામાં આવ્યા છે. બિન-એસકેએમ (SKM) ખેડૂત સંગઠનોની આ પદયાત્રાનું નેતૃત્વ અગ્રણી ખેડૂત નેતા જગદીશ સિંહ ડલ્લેવાલ કરી રહ્યા છે. આ યાત્રામાં ૫૧ મુખ્ય ખેડૂતોની સાથે આશરે ૨૦૦ અન્ય ખેડૂતો પણ પદયાત્રા કરશે.

જે આગામી ૨૯ ઓગસ્ટે દિલ્હીના જંતર-મંતર પહોંચવાનું નિર્ધારણ કરીને ચાલવાના છે.

ખેડૂત નેતાઓના જણાવ્યા અનુસાર, આ યાત્રા આંદોલન દરમિયાન શહીદ થયેલા ખેડૂત શુભકરણની સ્મૃતિમાં કાઢવામાં આવી રહી છે. આ અંતર્ગત ખેડૂતોની લાંબા સમયથી રહેલી માંગણીઓ ઉપરાંત ભારત-અમેરિકા ટ્રેડ ડીલ રદ કરવા જેવા મહત્વના મુદ્દાઓ પણ ઉઠાવવામાં આવશે.

## "વંદે માતરમ" અધૂરું છોડવું મોટું પાપ, સોનિયા-રાહુલ માફી માગે:અમિત શાહ



(સંપૂર્ણ સમાચાર સેવા)
ચિત્તોડગઢ, તા.૧૬ : કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રવિવારે કહ્યું કે, કોંગ્રેસ મુખ્યાલયમાં મોટું પાપ થયું છે અને તેના માટે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ દેશની માફી માગવી જોઈએ. ચિત્તોડગઢમાં એક રેલીને સંબોધિત કરતા કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે વંદે માતરમનું સંપૂર્ણ ગાન ન કરવા બદલ કોંગ્રેસના લોકોએ શરમ આવવી જોઈએ.

તેમણે કહ્યું કે, "કોંગ્રેસ વંદે માતરમને ભૂલી ગઈ હતી. બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયની એ અમર રચના, એક ગીતના બે શબ્દ, વંદે માતરમ, 'ભારત માતાની હું વંદના કરું છું' આ શબ્દો બોલતાં હજારો-લાખો લોકો ફાંસીના માંચડે ચડી ગયા હતા. મતબેંકની લાલચમાં કોંગ્રેસે વંદે માતરમને ભૂલી દીધું હતું. વંદે માતરમની રચનાને આ વર્ષે ૧૫૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે. લાલ કિલ્લાની પ્રાચીર પરથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વંદે માતરમને ફરી એક નવું જીવન આપવાનું કામ કર્યું છે."

અમિત શાહે કહ્યું, "તેમની (કોંગ્રેસ) નિર્લજ્જતા જુઓ. કોંગ્રેસ પાર્ટીના મુખ્યાલય પર વંદે માતરમનું ગાન થઈ રહ્યું હતું. ગાન ચાલી રહ્યું હતું ત્યારે કોંગ્રેસના નેતા સોનિયા ગાંધીએ કોંગ્રેસ અધ્યક્ષને ગાન રોકવાની વાત કહી હતી. આપણે સૌ ટીવી પર જોતા જ રહી ગયા. ૮૦ વર્ષ બાદ બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયનું આ અમર ગીત જ્યારે ફરી સન્માન મેળવી રહ્યું છે, ત્યારે તે પણ સોનિયા ગાંધીને પસંદ નથી આવ્યું."

તેમણે આગળ કહ્યું કે, "સોનિયા જી, ૧૪૦ કરોડ જનતા તમને જોઈ રહી છે.

તમારા દ્વારા કરવામાં આવેલા આ પાપને દેશની જનતા ક્યારેય માફ નહીં કરે. કોઈ સ્વપ્નમાં પણ કેવી રીતે વિચારી શકે કે વંદે માતરમનું ગાન અધૂરું છોડી દેવામાં આવે? કોંગ્રેસના લોકોએ શરમ આવવી જોઈએ અને જો થોડી પણ શરમ બાકી હોય તો બંને હાથ જોડીને બંકિમ બાબુ અને દેશની જનતા પાસે માફી માગવી જોઈએ."

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા સાથે મળીને દિવંગત પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની પુણ્યતિથિ પર તેમની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું.

### પત્તાની જેમ ધરાશાયી થઈ ઈમારતો

## ઈન્ડોનેશિયામાં ૭.૭ની તીવ્રતાનો ભૂકંપ

### ઘણા લોકોના મોતની આશંકા : સુનામીની ચેતવણી જાહેર



(સંપૂર્ણ સમાચાર સેવા)
જાકાર્તા, તા.૧૬
શનિવારે વહેલી સવારે ઈન્ડોનેશિયાના દરિયાકાંઠે ૭.૭ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેના કારણે અનેક ઈમારતો અને ઘરોને નુકસાન થયું હતું, જેના કારણે સુનામીની ચેતવણી આપવામાં આવી હતી.

વિનાશક ભૂકંપમાં ઈમારતો પત્તાની જેવી પડી હતી. વિનાશને ધ્યાનમાં રાખીને, એવો અંદાજ છે કે ભૂકંપમાં ઘણા લોકો મૃત્યુ પામ્યા હશે. જો કે, હજુ સુધી કોઈ સત્તાવાર મૃત્યુઆંક જાહેર કરવામાં આવ્યો નથી.

યુએસ ભૂસ્તરશાસ્ત્રીય સર્વેક્ષણે અહેવાલ આપ્યો છે કે ભૂકંપ સ્થાનિક સમય મુજબ સવારે ૫.૫૮ વાગ્યે ફ્લોરેસના ઈન્ડોનેશિયન પ્રદેશમાં ૧૦ કિલોમીટરની ઊંડાઈએ આવ્યો હતો. ભૂકંપનું કેન્દ્ર પૂર્વ નુસા ટેંગારા પ્રાંતના એન્ડે શહેરથી ૬૮ કિલોમીટર ઉત્તર-ઉત્તરપશ્ચિમમાં હતું. શરૂઆતના ભૂકંપ પછી અનેક આફ્ટરશોક્સ અનુભવાયા હતા. ઈન્ડોનેશિયાની હવામાનશાસ્ત્ર અને ભૂ-ભૌતિકશાસ્ત્ર એજન્સીએ પૂર્વ નુસા ટેંગારા, પશ્ચિમ નુસા ટેંગારા, દક્ષિણ સુલાવેસી અને દક્ષિણપૂર્વ સુલાવેસી પ્રાંતોના કેટલાક ભાગો માટે સુનામી ચેતવણી જાહેર કરી છે, જેમાં લોકોને દરિયાકિનારા અને નદી કિનારાથી દૂર રહેવા વિનંતી કરવામાં આવી છે. ભૂકંપથી પ્રભાવિત દરિયાકાંઠાના વિસ્તારોના રહેવાસીઓને ઊંચા સ્થાને જવાની સલાહ આપવામાં આવી છે. અધિકારીઓ કોઈપણ ફેરફારો માટે દરિયાકાંઠાના ભરતી માપકો પર નજીકથી નજર રાખી રહ્યા છે.

ફ્લોરેસ ટાપુના મોટાભાગમાં ભૂકંપ અનુભવાયો હતો. પ્રારંભિક અહેવાલો ઘરો અને જાહેર સુવિધાઓને નુકસાન સૂચવે છે, પરંતુ અધિકારીઓએ હજુ સુધી નુકસાન પામેલી ઈમારતો અથવા કોઈ જાનહાનિનો અંદાજ જાહેર કર્યો નથી. પૂર્વ નુસા ટેંગારા પ્રાંતના સિક્કા રીજન્સીના રહેવાસી યોહાના એમ્બુએ જણાવ્યું હતું કે જોરદાર ભૂકંપથી ઘણી ઈમારતોને નુકસાન થયું હતું

અને લોકો ગભરાટમાં બહાર દોડી ગયા હતા.

યોહાના એમ્બુએ વધુમાં જણાવ્યું કે, અહીં ઘણી ઈમારતોને નુકસાન થયું છે... મેં મૌમેરેમાં પેલ્ની પોર્ટ ટર્મિનલ પર વેઈટિંગ રૂમ ધરાશાયી થતો જોયો. ઈન્ડોનેશિયા, લગભગ ૧૭,૦૦૦ ટાપુઓનો વિશાળ દ્વીપસમૂહ, પેસિફિક રિંગ ઓફ ફાયર પર સ્થિત હોવાને કારણે ભૂકંપ અને જ્વાળામુખીની પ્રવૃત્તિ માટે સંવેદનશીલ છે.

## દમણગંગા ટાઇમ્સ CORPORATE NEWS

## હોરાઈઝન ઈન્ડસ્ટ્રીયલ પાર્ક્સ લિમિટેડનો આઈપીઓ સોમવાર ખુલશે

**સુરત, તા. ૧૬ :** હોરાઈઝન ઈન્ડસ્ટ્રીયલ પાર્ક્સ લિમિટેડ તેના ઈક્વિટી શેરના આઈપીઓ સંદર્ભે બિડ/ઓફર સોમવાર, ૧૭ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ખોલશે. ઓફરનો પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂ. ૫૭થી રૂ. ૬૦ નક્કી કરવામાં આવ્યો છે. બિડ ઓછામાં ઓછા ૨૫૦ ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ ૨૫૦ ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાશે. એન્કર ઈન્વેસ્ટર્સ માટે બિડીંગની તારીખ શુક્રવાર, ૧૪ ઓગસ્ટ, ૨૦૨૬ રહેશે. બિડ/ઓફર સોમવાર, ૧૭ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ખુલશે અને બુધવાર, ૧૯ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ બંધ થશે.આ ઈશ્યૂમાં સંપૂર્ણપણે ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂનો સમાવેશ થાય છે, જેનું કુલ મૂલ્ય રૂ. ૨૬,૦૦૦ મિલિયન સુધીનું રહેશે. દરેક શેરની ફેસ વેલ્યૂ રૂ. ૧૦ છે.

બ્લેકસ્ટોનના રિયલ એસ્ટેટ ઈન્ડિયાના હેડ આશિષ મોહતાએ જણાવ્યું હતું કે, ભારતમાં ઔદ્યોગિક અને લોજિસ્ટિક્સ ક્ષેત્ર પર કેન્દ્રિત પ્રથમ આઈપીઓ લોન્ચ કરતાં અમને ખુશી થઈ રહી છે. આ બ્લેકસ્ટોનનો દેશમાં ૧૫મો આઈપીઓ અને રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં સાતમું લિસ્ટિંગ પણ છે.

### જાહેરાતના કેસમાં શાહરૂખ ખાન, અજય દેવગન અને ટાઈગર શ્રોફને

## FDA એ ફિલ્મ અભિનતાઓને ફટકારી નોટિસ

(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૧૬ : મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA) એ એક જાહેરાતને લઈને ફિલ્મ અભિનેતા શાહરૂખ ખાન, અજય દેવગન અને ટાઈગર શ્રોફને કારણ દર્શાવ નોટિસ જારી કરી છે. FDA નો આક્ષેપ છે કે આ જાહેરાત પ્રતિબંધિત એક ખાનગી પાન મસાલાનો અપ્રત્યક્ષ કે સરોગેટ પ્રચાર હોઈ શકે છે. નોટિસમાં ત્રણેય કલાકારો પાસે જાહેરાતમાં તેમની ભૂમિકા અંગે સ્પષ્ટતા માંગવામાં આવી છે.

FDA ના જણાવ્યા અનુસાર, જાહેરાતમાં ઉપયોગમાં લેવાયેલા બ્રાન્ડ નામ, સંવાદો અને રજૂઆતથી એક ખાનગી બ્રાન્ડને પાન મસાલા સાથે જોડવાનો સંદેશ જાય છે

. મહારાષ્ટ્રમાં ૧૩ જુલાઈ ૨૦૨૬ ના આદેશ હેઠળ પાન મસાલા જેવા પ્રતિબંધિત ઉત્પાદનોના ઉત્પાદન, સંગ્રહ, પરિવહન, વિતરણ અને વેચાણ પર ૧ વર્ષ માટે રોક લગાવવામાં આવી છે.

FDA એ FSS Act ની કલમ ૨૪ અને ૫૩ નો હવાલો આપતા જણાવ્યું કે ગેરમાર્ગે દોરતી ખાદ્ય જાહેરાતના કિસ્સામાં ૧૦ લાખ રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે. મહારાષ્ટ્રમાં ૨૦૧૨ થી FSS એક્ટના સેક્શન ૩૦(૨)(a) હેઠળ તમાકુ કે નિકોટિન યુક્ત ગુટખા અને પાન મસાલા પર બેન લગાવવામાં આવ્યો છે, અને દર વર્ષે આ બેનને રિન્યૂ કરવામાં આવે છે.

હાલનું રિન્યૂઅલ ૧૩ જુલાઈ, ૨૦૨૬ ના રોજ અમલમાં આવ્યું. ૨૫ મે થી ૩૧ જુલાઈ વચ્ચે, FDA એ ૬૫૮ સ્થળોએ દરોડા પાડ્યા હતા, જ્યાંથી બેન કરાયેલા પ્રોડક્ટ્સ મળી આવ્યા હતા.

આ દરમિયાન ૧૫.૧૧ કરોડ રૂપિયાનો સ્ટોક જપ્ત કરવામાં આવ્યો હતો. FDA એ ૫૧૯ FIR નોંધી અને ૭૦૧ લોકોની ધરપકડ કરી હતી. આ ઉપરાંત ૬.૬ કરોડ રૂપિયાનો પ્રતિબંધિત સામાન લઈ જતાં ૭૮ વાહનો પણ જપ્ત કરાયા હતા.

૧૨ જૂનના રોજ, FDA કમિશનર તુકારામ મુંઢેએ અધિકારીઓને પોલીસ સાથે કોઓર્ડિનેટ કરીને ગુટખા, તમાકુ કે નિકોટિન વાળા પાન મસાલા અને

આ જ પ્રકારના બેન પ્રોડક્ટ્સનું નેટવર્ક ચલાવતા સંગઠિત ગુનાખોરી સાથે જોડાયેલા યોગ્ય કિસ્સાઓમાં સ્ર્ઝેઝ્છ, ૧૯૯૯ લગાવવાનો નિર્દેશ આપ્યો હતો.

## યુવાનોને યોગ્ય દિશા નહીં મળે તો બોજ બની જશે : મોહન ભાગવત



(સંપૂર્ણ સમાચાર સેવા)
નાગપુર, તા.૧૬ : રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના પ્રમુખ મોહન ભાગવતે આઝાદીની ૮૦મી વર્ષગાંઠ નિમિત્તે નાગપુરમાં વિદ્યાર્થીઓ અને Gen-Z (નવી પેઢી) સાથે ખાસ સંવાદ કર્યો હતો. આ પ્રસંગે તેમણે યુવાનોને દેશની સૌથી મોટી તાકાત ગણાવતા કહ્યું હતું કે, ભારતનો યુવા વર્ગ દેશ માટે ડેમોગ્રાફિક ડિવિડન્ડ (જનસાંખ્યિકી લાભાંશ) છે. જો યુવાનોને સાચી દિશા, યોગ્ય માર્ગદર્શન અને તકો આપવામાં આવે તો તેઓ દેશ માટે અમૂલ્ય સંપત્તિ બની શકે છે.

નાગપુરના કસ્તૂરચંદ પાર્ક ખાતે આયોજિત ધ્વજવંદન કાર્યક્રમમાં યુવાનોને સંબોધતા તેમણે ચેતવણી આપી હતી કે, જો યુવાનોને યોગ્ય રીતે સાંકળવામાં કે કેળવવામાં નહીં આવે, તો આ જ યુવાધન આગળ જતાં સમાજ પર બોજ પણ બની શકે છે. આજનો યુવા વર્ગ આગામી ૩૦ વર્ષ પછી વડીલ પેઢી બનશે. તેથી તેમણે પોતાના પછી આવનારી નવી પેઢીનું ધ્યાન રાખવું પડશે અને તેમના પ્રતિ સંવેદનશીલ બનવું પડશે.

દેશ અને કાયદા અંગે પોતાના વિચારો રજૂ કરતાં ઈજીજી પ્રમુખે જણાવ્યું હતું કે, ભારત એક ખૂબ મોટો દેશ છે જેમાં વિવિધતાઓ રહેલી છે.

આપણા દેશના કાયદા, બંધારણ, પવિત્ર સંસ્કૃતિ અને નૈતિક મૂલ્યોને ક્યારેય નુકસાન પહોંચવું ન જોઈએ.

આ તમામ બાબતો એક મર્યાદા અને ધમ્મ ચક્રથી બંધાયેલી છે, જેનું પાલન કરવું દરેક નાગરિકની ફરજ છે.

સમાજમાં એકતા પર ભાર મૂકતાં મોહન ભાગવતે કહ્યું હતું કે, આપણે સૌએ સાથે મળીને દેશને મહાન બનાવવાનો છે અને ક્યારેય આપસમાં તૂટવાનું નથી. દેશમાં આંતરિક ફૂટ-ફાટ ન થવી જોઈએ.

એકલા વ્યક્તિ કે કોઈ એક પરિવારનું ભાગ્ય અલગથી નથી બનતું. જો વિશ્વમાં સુરક્ષા અને પ્રતિષ્ઠા જોઈતી હોય તો જ્યાં સુધી આપણો દેશ અને સમાજ સુરક્ષિત તથા પ્રતિષ્ઠિત નહીં થાય ત્યાં સુધી તે શક્ય બનશે નહીં.

## મ્યાનમારમાં ૩.૫ની તીવ્રતાનો ભૂકંપ

(સંપૂર્ણ સમાચાર સેવા)
મ્યાનમાર, તા.૧૬
મ્યાનમારમાં ભૂકંપના આંચકા અનુભવાયા છે. પ્રાથમિક માહિતી મુજબ રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૩.૫ નોંધાઈ છે. આટલી તીવ્રતાનો ભૂકંપ સામાન્ય રીતે હળવા સ્તરનો માનવામાં આવે છે. હાલમાં ઉપલબ્ધ માહિતીમાં ભૂકંપના કારણે કોઈ મોટા નુકસાન કે જાનહાનિની પુષ્ટિ થઈ નથી. મ્યાનમારમાં છેલ્લા કેટલાક દિવસોમાં પણ હળવા ભૂકંપના આંચકા નોંધાયા છે.મ્યાનમાર ભૂકંપીય ગતિવિધિઓ ધરાવતા વિસ્તારમાં આવેલું છે અને દેશમાં અગાઉ પણ અનેક મોટા ભૂકંપ આવી ચૂક્યા છે. માર્ચ ૨૦૨૫માં મ્યાનમારમાં ૭.૭ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો, જેના કારણે મોટા પાયે તબાહી મચી હતી. આ પહેલાં એપ્રિલ મહિનામાં પણ મ્યાનમારમાં ૩.૩ની તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા હતા.મ્યાનમારમાં ભૂકંપ આવવાનું સૌથી મોટું કારણ પૃથ્વીની ટેક્ટોનિક પ્લેટોની સતત હિલચાલ છે. મ્યાનમાર એવા વિસ્તારમાં આવેલું છે જ્યાં અનેક સક્રિય ભૂગર્ભીય પ્લેટ્સ અને ફોલ્ટ એકબીજાના સંપર્કમાં છે. ભારતીય પ્લેટ ઉત્તર-પૂર્વ દિશામાં સતત ખસી રહી છે અને યુરેશિયન પ્લેટ તરફ આગળ વધી રહી છે. આ વિસ્તારમાં પ્લેટોની હિલચાલને કારણે પૃથ્વીની અંદર તણાવ ઉત્પન્ન થાય છે. જ્યારે આ તણાવ અચાનક મુક્ત થાય છે, ત્યારે ભૂકંપ આવે છે.

ઈન્ડોનેશિયાના ફ્લોરેસ ટાપુ પર ૭.૭ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો. ભૂકંપના કારણે અનેક ઈમારતો ધરાશાયી થઈ ગઈ અને અનેક સ્થળોએ ભૂસ્ખલન થયું.

આ દુર્ઘટનામાં ઓછામાં ઓછા ૩૮ લોકોના મોત થયાની માહિતી સામે આવી છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરી ચાલુ છે.

## કચ્છના બન્નીમાં ૨૦ કાળિયારને મુક્ત કરાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)
જામનગર/કચ્છ, તા.૧૬ : ભારતના ૮૦મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે ગુજરાતમાં વન્યજીવ સંરક્ષણની દિશામાં મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. ગુજરાત વન વિભાગે ગ્રીન્સ ઝૂલોજિકલ રેસ્ક્યુ એન્ડ રિહેબિલિટેશન સેન્ટર (GZRRC), વનતારા (Vantara)ના ટેક્નિકલ સહયોગથી કચ્છના બન્ની ઘાસના મેદાનોમાં ૨૦ કાળિયાર (Antilope cervicapra)ને મુક્ત કર્યા છે. આ પહેલ સ્થાનિક વન્યજીવોના પુનઃસ્થાપન અને અનોખા બન્ની ઘાસના મેદાનોની પર્યાવરણીય ઓળખને પુનઃસ્થાપિત કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહી છે.આ તબક્કામાં ૫ નર અને ૧૫ માદા કાળિયારનો સમાવેશ થાય છે. આ તમામ કાળિયારને જામનગર સ્થિત વનતારાથી બન્ની ખાતે લાવવામાં આવ્યા હતા. ગુજરાતના ચીફ વાઈલ્ડલાઈફ વોર્ડન અને સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી (CZA)ની જરૂરી મંજૂરી બાદ આ સમગ્ર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. કાળિયારને સ્થળાંતર કરતા પહેલાં નિષ્ણાતોની દેખરેખ હેઠળ વેટરનરી તપાસ, હેલ્થ સ્ક્રીનિંગ, ક્વોરન્ટાઈન, રોગોની તપાસ અને અન્ય જરૂરી પ્રક્રિયાઓ પૂર્ણ કરવામાં આવી હતી. ત્યારબાદ તેમને સુરક્ષિત રીતે બન્ની ઘાસમેદાન સુધી પહોંચાડવામાં આવ્યા હતા. પ્રાણીઓને કોઈ તકલીફ ન પડે અને સમગ્ર પ્રક્રિયા સલામત રીતે થાય તેનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું હતું.

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES


## વાપી ચંડોરની વિજ્ઞાન્સ ઈન્ટરનેશનલ સ્કૂલમાં ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરાઈ

**વાપી, તા.૧૬ :** વાપી મહાનગરપાલિકાના વોર્ડ નં. ૮માં આવેલા ચંડોર ગામે સવેરા ફાઉન્ડેશન સંચાલિત વિજ્ઞાન્સ ઈન્ટરનેશનલ સ્કૂલમાં ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની દેશભક્તિ અને રાષ્ટ્રભાવનાભેર ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં વાપી મહાનગરપાલિકાના લાઈટ એન્ડ ફાયર વિભાગના ચેરમેન રણજીતભાઈ પટેલના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

ચંડોર ખાતે આવેલી આ શાળામાં પ્રાથમિકથી સેકન્ડરી સુધીના ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં સવેરા ફાઉન્ડેશનના ચેરમેન શ્યામનવલ રાજકિશોર મિશ્રા, ટ્રસ્ટી તથા પ્રિન્સિપાલ શંકર મિશ્રા, શાળાના શિક્ષકો-કર્મચારીઓ, વાલીઓ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.



ધ્વજવંદન બાદ રણજીતભાઈ પટેલે જણાવ્યું હતું કે, વિજ્ઞાન્સ ઈન્ટરનેશનલ સ્કૂલને શરૂ થયાને હજુ બે વર્ષ જેટલો સમય થયો છે, તેમ છતાં શાળાએ શૈક્ષણિક ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ કરી છે. વિદ્યાર્થીઓ અભ્યાસ ઉપરાંત રમતગમત તથા વિવિધ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં પણ આગળ વધી રહ્યા છે. આ સિદ્ધિ પાછળ શાળાના ચેરમેન અને ટ્રસ્ટી શ્યામનવલ રાજકિશોર મિશ્રા, પ્રિન્સિપાલ શંકર મિશ્રા તેમજ સમગ્ર શિક્ષકમંડળનું માર્ગદર્શન મહત્વપૂર્ણ રહ્યું હોવાનું તેમણે જણાવ્યું હતું.

સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિથી ભરપૂર વિવિધ સાંસ્કૃતિક અને રંગારંગ કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતાં. વિદ્યાર્થીઓએ પોતાની પ્રતિભા રજૂ કરી ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. આ ઉપરાંત શૈક્ષણિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## વલસાડનાં શ્રી તડકેશ્વર મહાદેવને તિરંગાના રંગોમાં શણગારવામાં આવ્યા

**વલસાડ, તા. ૧૬ :** ભારત આજે પોતાનો ૮૦મો સ્વતંત્રતા દિવસ દેશભક્તિના માહોલમાં મનાવી રહ્યું છે. આ દેશભક્તિનો રંગ વલસાડના અબ્રામામાં આવેલા પૌરાણિક અને સુપ્રસિદ્ધ શ્રી તડકેશ્વર મહાદેવ મંદિરમાં ભક્તો દ્વારા સ્વતંત્રતા દિવસ નિમિત્તો અનોખી દેશભક્તિ પ્રગટાવવામાં આવી છે.

શ્રી તડકેશ્વર મહાદેવ મંદિર તેના અનોખા સુતેલા શિવલિંગ માટે જાણીતું છે, જે પથ્થરની શિલા પર સુતેલી મુદ્રામાં કોતરવામાં આવેલું છે. આ પવિત્ર સ્થળ પર, સ્થાનિક ભક્તો અને મંદિર સમિતિએ મળીને શિવલિંગ પર એક અદ્ભુત તિરંગાનું સ્વરૂપ તૈયાર



કર્યું છે.

તાજા ફૂલની પાંખડીઓ, પાંદડાં અને પ્રાકૃતિક સામગ્રીનો ઉપયોગ કરીને, ભક્તોએ અત્યંત કલાત્મક રીતે તિરંગાની ત્રણ પટ્ટીઓ રચી છે. કેસરી ફૂલો, સફેદ રંગના ફૂલો અને લીલા પાંદડાં દ્વારા ભારતના રાષ્ટ્રધ્વજના રંગો શિવલિંગ પર જીવંત થયા છે. વચ્ચે, વાદળી રંગના ફૂલોનો ઉપયોગ કરીને સુપષ્ટ અશોક ચક્ર પણ બનાવવામાં આવ્યું છે. આખો શિવલિંગનો ભાગ આ ત્રિરંગા ફૂલોથી ઢંકાઈ ગયો છે.

મંદિરના મુખ્ય ગર્ભગૃહમાં શિવલિંગ નો આજુબાજુનો ભાગ પણ તિરંગાના ધ્વજ અને ફુગ્ગાઓથી શણગારવામાં આવ્યો છે. પૂજા-અર્ચના માટે આવેલા ભક્તો આ દેશભક્તિના માહોલથી અભિભૂત થયા હતા. ઘણા લોકોએ આ સુંદર શૃંગારને તેમના કેમેરામાં કેદ કર્યો હતો.

## નામધાના મોટા ધોડિયાવાડ ખાતે સ્વતંત્રતા દિન ઉજવાયો



**વાપી, તા.૧૬ :** વાપી મનપાના વોર્ડ નં.૮માં આવેલા નામધા મોટા ધોડીયાવાડ આંગણવાડી ખાતે ૧૫મી ઓગસ્ટ નિમિત્તે ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આંગણવાડીના નાના ભૂલકાઓ, ગામના વડીલો, યુવાનો તથા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં. ધ્વજવંદન આંગણવાડીના એમિનાબેન અને હીનાબેનના હસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમ્યાન દેશભક્તિના ગીતો, સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

## બીલીમોરાની અનેક ચોરીઓનો ભેદ ઉકેલાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૧૬ :** બીલીમોરા પંથકમાં એક બાદ એક ચોરીને અંજામ આપનાર રીઢા ચોર આરીફુદ્દીન ઉર્ફે આરીફ જહીરૂદ્દીન કાસમુદ્દીન સૈયદ (૩૧) રહે. ધરમપુર, વલસાડને ગણદેવી - બીલીમોરા મુખ્યમાર્ગ સ્થિત ભરવાડીયા પૂલ લગોલગ ધકવાડા ત્રણ રસ્તા ઉપર પોલીસે બાતમી આધારે ઝડપી લીધો હતો અને સોનાની ૭૬.૧૪ ગ્રામ ની લગડી નંગ ૦૩ કિં. રૂા. ૮,૫૬,૦૩૦, રોકડા રૂ. રૂા. ૫૦ હજાર, મોબાઈલ નંગ-૧ કિં.રૂા. ૮૦ હજાર, હીરો હોન્ડા સ્પેલન્ડર મોટરસાયકલ કિં.



રૂા.૨૦ હજાર મળી કુલ રૂા. ૧૦,૦૬,૦૩૦નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. જેમાં બીલીમોરા ગૌહરબાગેં ૨૧-૦૫-૨૦૨૫ના રોજ કોલેજીયન વડાપાઉંની દુકાન સામેથી હીરો હોન્ડા સ્પ્લેન્ડર મોટરસાયકલ (GJ-21-E-1459)ની ચોરી, બીલીમોરા મોહનપાર્ક સોસાયટીમાં ૦૩-૦૮-૨૦૨૫ના રોજ બંધ મકાનમાં ઘરફોડ ચોરી, બીલીમોરા શિવકૃપા પાસે (નવી SBI પાછળ) ૨૩-૧૧-૨૦૨૫ ના રોજ બંધ મકાનમાં ઘરફોડ ચોરી અને બીલીમોરા નવજીવન કોલોની, સ્નેહલ હોસ્પિટલવાળી ગલીમાં ૧૯-૦૭-૨૦૨૬ના રોજ બંધ મકાનમાં ઘરફોડ ચોરીની કબૂલાત કરી હતી. આ આરોપી અગાઉ બારડોલી, ડુંગરી (વલસાડ), ગણદેવી, વાલોડ, વાંસદા, બીલીમોરા અને ચીખલી પોલીસ સ્ટેશન વિસ્તારના ૧૧ જેટલા ગુનાઓનો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે.

## સરીગામ ગ્રા.પં.માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરાઈ



**ઉમરગામ, તા.૧૬ :** સરીગામ ગ્રામ પંચાયત ખાતે ૮૦મા સ્વાતંત્ર્ય દિનની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહી દેશભક્તિના માહોલમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરી હતી.

આ પ્રસંગે વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર વ્યક્તિઓ તેમજ તેજસ્વી યુવાનોને સન્માનપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં. ઉપરાંત સામાજિક ક્ષેત્રે સતત પ્રશંસનીય કામગીરી કરી રહેલા આશરે પાંચ જેટલા મંડળોને પ્રશંસાપત્ર આપી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન ગ્રામજનોએ સરીગામ ગ્રામ પંચાયત તેમજ યુવા શક્તિ ચેરિટેબલ ટ્રસ્ટના ચેરમેન રાકેશ રાય દ્વારા કરવામાં આવી રહેલી સામાજિક અને જનહિતલક્ષી કામગીરીની પ્રશંસા કરી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન દેશભક્તિનો માહોલ છવાયો હતો. ગ્રામજનોએ એકસૂરે 'ભારત માતા કી જયના નારા લગાવી રાષ્ટ્રપ્રેમ વ્યક્ત કર્યો હતો.

### જન્માષ્ટમી, પર્યુષણ અને નવરાત્રીમાં વરસાદ પડશે !

## ગુજરાતમાં ઓગસ્ટથી ઓક્ટોબર સુધી વરસાદની આગાહી

**અમારા પ્રતિનિધિ તરફથી,**

**અમદાવાદ, તા.૧૬ :** હવામાનમાં આવી રહેલા ફેરફારોને કારણે રાજ્યમાં આવનારા દિવસોમાં વરસાદનું જોર વધવાની શક્યતા છે. ઓગસ્ટથી શરૂ કરીને સપ્ટેમ્બર અને ઓક્ટોબર મહિના સુધી ગુજરાતના વિવિધ વિસ્તારોમાં હળવાથી ભારે વરસાદી ઝાપટાં અને સાર્વત્રિક વરસાદની આગાહી હવામાન નિષ્ણાતો દ્વારા કરવામાં આવી છે.

હાલમાં આશ્લેશા નક્ષત્રના પ્રભાવ હેઠળ વરસાદ પડવાની શક્યતાઓ રહેલી છે. આ સમયગાળા દરમિયાન ૧૫ થી ૨૦ કિમીની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. ૧૭, ૧૮ અને ૧૯ ઓગસ્ટ દરમિયાન રાજ્યના કેટલાક ભાગોમાં વરસાદી ઝાપટાં પડે તેવી સંભાવના છે. આ બાદ આવનારું મઘા નક્ષત્ર કૃષિ ક્ષેત્ર માટે ખૂબ જ ઉત્તમ ગણાશે, જે પાકને નવું જીવન આપશે.

૨૦ થી ૨૨ ઓગસ્ટ દરમિયાન દેશના પ?િમ ઘાટના વિસ્તારો જેવા કે મુંબઈ અને મહારાષ્ટ્રના વિવિધ ભાગોમાં વરસાદની શક્યતાઓ સેવાઈ રહી છે. તેની સીધી અસર દક્ષિણ ગુજરાત પર પણ જોવા મળશે, જેમાં આહવા, ડાંગ, વલસાડ, સુરત અને નવસારી જેવા જિલ્લાઓમાં સારા વરસાદી ઝાપટાં પડી શકે છે.

૨૩ ઓગસ્ટથી વરસાદનું જોર ક્રમશઃ વધશે. ઓગસ્ટ માસના અંતમાં બંગાળની ખાડીમાં એક અત્યંત મજબૂત હવામાન સિસ્ટમ સક્રિય થવાની શક્યતા છે. આ સિસ્ટમના લીધે ૨૪, ૨૫, ૨૬, ૨૭ અને ૨૮ ઓગસ્ટ દરમિયાન ગુજરાતના અનેક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે. ૨૬ ઓગસ્ટ પછી રાજ્યમાં મેઘરાજા રોદ્ર સ્વરૂપ ધારણ કરે તેવી પૂરી સંભાવના છે અને ૩૧ ઓગસ્ટ સુધી વરસાદી માહોલ જળવાઈ રહેશે.

## સરીગામથી શિરડીની પદયાત્રામાં ૭૦ જેટલા શ્રદ્ધાળુઓ જોડાયા



**ઉમરગામ, તા.૧૬ :** સરીગામ શ્રી સાંઈ યુવક મિત્ર મંડળ દ્વારા છેલ્લા ૨૭ વર્ષથી સરીગામથી શિરડી સુધી પદયાત્રાનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ આશરે ૭૦ જેટલા પદયાત્રીઓ શ્રદ્ધા અને ઉત્સાહ સાથે શિરડી તરફ પગપાળા નીકળ્યા છે. દરમિયાન સરીગામના અગ્રણીઓ રાકેશ રાય, હીતુલ પટેલ, પંકજ બોરદે અને સંતોષ શેટ્ટી મહારાષ્ટ્રના મોખાડા-પવારપાડા કેમ્પ ખાતે પહોંચી પદયાત્રીઓની મુલાકાત લીધી હતી. તેમણે પદયાત્રીઓના કુશળક્ષેમ જાણી શુભેચ્છાઓ પાઠવી હતી. વરસાદી માહોલ અને કપરા સંજોગો વચ્ચે પણ પગપાળા શિરડી તરફ આગળ વધી રહેલા પદયાત્રીઓની સાંઈબાબા પ્રત્યેની અતૂટ શ્રદ્ધા અને ભક્તિને કોટિ કોટિ વંદન.

## મુખ્યમંત્રી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ સંદર્ભે અમેરિકા અને કેનેડાના પ્રવાસે

**અમારા પ્રતિનિધિ તરફથી,**

**અમદાવાદ, તા.૧૬ :** જાન્યુઆરી-૨૯૨૭માં મહાત્મા મંદિર ખાતે યોજનારી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટના પ્રચાર અને રોકાણકારોને આકર્ષવાના હેતુથી મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિ મંડળ USA અને કેનેડાના પ્રવાસે જવા ૧૬, ઓગસ્ટની સવારે રવાના રહ્યું ચૂક્યું છે. મુખ્યમંત્રી અમેરિકા અને કેનેડાના રોકાણકારો અને ઉદ્યોગ મંડળો સાથે બેઠકો કરીને ગુજરાતમાં વિદેશી મૂડીરોકાણ વધારવા માટે પ્રયાસો કરશે.

મુખ્ય સચિવ એમ.કે. દાસ, નાણાં વિભાગના અધિક મુખ્ય સચિવ ટી. નટરાજન, ઉદ્યોગ અને ખાણ વિભાગનાં અધિક મુખ્ય સચિવ શ્રીમતી મમતા વર્મા, ઉદ્યોગ કમિશનર સ્વરૂપ પી.,મુખ્યમંત્રીના અગ્ર સચિવ સંજીવ કુમાર તેમજ મુખ્યમંત્રીના અધિક અગ્ર સચિવ ડૉ. વિક્રાંત પાંડે ઉપરાંત રાજ્યના ઉદ્યોગ વેપાર જગતનું પ્રતિનિધિ મંડળ મુખ્યમંત્રીની સાથે આ વિદેશ પ્રવાસમાં સાથે રહેવાનું છે.

મુખ્યમંત્રીના નેતૃત્વમાં ગુજરાત ડેલીગેશન અમેરિકામાં વોશિંગટન ડી સી, ન્યુયોર્ક ,સાન ફ્રાન્સિસ્કો તેમજ કેનેડામાં ટોરેન્ટોમાં ત્યાંના વિવિધ ઉદ્યોગ રોકાણ કારો, ઈમરજીંગ ટેકનોલોજી સેકટરના અગ્રણીઓ અને ગુજરાતી સમુદાયો સાથે રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ તેમજ વન ટૂ વન બેઠકો યોજીને ગુજરાતની વૈશ્વિક વિકાસ ગાથાની પ્રસ્તુતિ કરશે તેમજ આગામી જાન્યુઆરી ૨૦૨૭ માં યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત સમિટ માં જોડાવા માટેનું નિમંત્રણ પણ પાઠવશે.

મહત્વનું છે કે, આ ડેલિગેશનમાં રાજ્યના ટોચના ૫ સિનિયર IAS ઓફિસર્સ પણ જોડાયા છે ત્યારે ૧૬થી ૨૪મી, ઓગસ્ટ સુધીની તેમની આ ગેરહાજરી દરમિયાન વહીવટી કામગીરી ખોરવાય નહીં તે માટે સામાન્ય વહીવટ વિભાગ-GAD દ્વારા કામચલાઉ ચાર્જ સોંપણીનો ચાર્જ એરેન્જમેન્ટ ઓર્ડર જાહેર કરવામાં આવ્યો છે.


દમણગંગા ટાઇમ્સ
મુખ્ય કાર્યાલય

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com


**JANS COPPER PRIVATE LIMITED (IN LIQUIDATION FROM 13/08/2024)**
S. No. 261/A 8,9,10, Supreme Ind. Area, Nani Daman Road, Bhimpore, D&D, 396210.

**E- AUCTION – SALE OF ASSETS COLLECTIVELY; UNDER IBC, 2016.**
Date and Time of Auction – THURSDAY 17TH SEPTEMBER 2026
BETWEEN 2:00 PM to 5:00 PM.

**Subject to outcome of Order of Hon. NCLAT IN Company Appeal (AT) (INS) NO. 1067 OF 2026**

Liquidator's correspondence address: 811, Meadows Sahar Plaza Sub Plot A, Building No. 6, Next to Kohinoor Continental, Mumbai - 400059.

Public Notice is hereby given by the undersigned to all the public in general that the **Sale of Assets Collectively,** as listed in this e-Auction Notice; of **M/s Jans Copper Private Limited- In Liquidation** ("Corporate Debtor"), in possession of the liquidator forming part of Liquidation estate in accordance with Section 36 of IBC 2016, via e-auction, is being held on **"AS IS WHERE IS BASIS", "AS IS WHAT IS BASIS" and "WITHOUT RECOURSE"**, As such sale is without any kind of warranties and indemnities. Online e-Auction through the portal – https://ebkray.in on **THURSDAY, 17th September, 2026 between 2:00PM to 5:00 PM.**

| | | S. No. | Description Of Assets | Reserve Price (INR) | Earnest Money Deposit (INR) | Incremental Amount (INR) |
|---|---|---|---|---|---|---|
| 1 | Being sold on Collectively | 1 | Hydraulic drawing machine / Yb J50-10 Hydraulic Drawing Machine, Model YBJ 50-10 | 1,54,47,500/- | 15,44,750/- | 50,000/- |
| | | 2 | Straightening and cleaning machine / Straitening Machine | | | |
| | | 3 | TLJ 400 Copper Extrusion machine with spares, Air Compressor, Air Drier, Air Receiver | | | |
| | | 4 | RBD (Continues Wire Drawing Machine) (QTY 1) | | | |
| | | 5 | Nexon TATA Car Model XZA+1.5 RTQ BS4 | | | |
| 2 | Participating in the Auction | All interested buyers must adhere to the Process Memorandum. To participate in the auction, all the interested bidders are requested to kindly submit the documents, the formats of which are available in the process memorandum. Further, the qualified bidders are also requested to deposit EMD within the timeline, as per the guidelines provided in the process memorandum to fulfil the eligibility criteria. To access the process memorandum, eligibility documents, complete list of assets, visit the auction portal – https://ebkray.in or alternatively you may reach out to the Liquidator on liquidation.janscopper@gmail.com | | | | |

| | | S. No. | Event | Period |
|---|---|---|---|---|
| 3 | Timelines For Participation | 1 | Date of Publication of Sale Notice and E-auction Notice | Monday 17th August, 2026 |
| | | 2 | Date of Submission of the online bid application with 29A eligibility documents by the interested bidder. | Monday, 17th August, 2026 To Monday 7th September, 2026, 5PM |
| | | 3 | Date of declaration of qualified bidder | Wednesday, 09th September, 2026 5PM |
| | | 4 | Site visit and due diligence (the same shall be allowed only to the qualified bidders and with prior intimation to the Liquidator) | Saturday, 12th September, 2026 11AM to 5PM |
| | | 5 | Deadline for on line EMD Submission | Tuesday 15th September, 2026, 5PM |
| | | 6 | Auction Date: Bidding on E-Auction Portal | Thursday 17th September 2026, 2PM to 5PM |
| | | 7 | Announcement of Successful Bidder | Thursday 18th September, 2026 5PM |
| | | 8 | Payment of Balance Sale Consideration by the Successful Bidder | Within 30 days from date of demand (without interest) Within 90 days from date of demand (with 12% PA interest) |
| | | 9 | Refund of Earnest Money Deposit to unsuccessful bidders | From Monday 21st September, 2026 |

Since Jans Copper Private Limited is undergoing Liquidation Proceedings under the provisions of the Insolvency and Bankruptcy Code, 2016, all interested bidders are advised to contact the undersigned by writing to liquidation.janscopper@gmail.com

Sd/-
Sanjay R. Mahajan
Liquidator of Jans Copper Private Limited
IBBI Regn No. IBBI/IPA-001/IP-P02122/2021-22/13523
Email ID – liquidation.janscopper@gmail.com

Date: 17th August, 2026

**RADHA MADHAV CORPORATION LIMITED**
**Reg. Office:** Survey No 50/9 Adaman Industrial Estate Village Kadaiya, Nani Daman, Daman and Diu, India, 396210
**CIN:** L74950DD2005PLC003775 | **Website:** www.rmclindia.co.in | **Email ID**: info@rmclindia.co.in

**EXTRACT OF UNAUDITED STANDALONE FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED JUNE 30, 2026**

Rs (in million)

| Sr. No | Particulars | Quarter ended | | | Year ended | |
|---|---|---|---|---|---|---|
| | | 30-Jun-26 (Unaudited) | 31-Mar-26 (Audited) | 30-Jun-25 (Unaudited) | 31-Mar-26 (Audited) | 31-Mar-25 (Audited) |
| 1 | Total Income | 2.59 | 2.06 | 0.58 | 15.23 | 33.60 |
| 2 | Net Profit / (Loss) for the period before Tax( before Exceptional and/or Extraordinary items) | -7.5 | -5.37 | -0.73 | -4.04 | 0.77 |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | -7.5 | -5.37 | -0.73 | -4.04 | 0.77 |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | -7.5 | -5.37 | -0.73 | -4.04 | 0.77 |
| 5 | Total Comprehensive Income for the period (after tax) | -7.5 | -5.37 | -0.73 | -4.04 | 0.77 |
| 6 | Equity Share Capital (Face Value of Re. 10/- each) | 78.10 | 78.10 | 78.10 | 78.10 | 78.10 |
| 7 | Reserves (excluding revaluation reserve) as shown in the audited Balance Sheet of the previous year) | 0.00 | 0.00 | 0.00 | 0.00 | 0.00 |
| 8 | Earning per share | | | | | |
| | 1. Basic : | -0.10 | -0.69 | -0.01 | -0.52 | 0.10 |
| | 2. Diluted : | -0.10 | -0.69 | -0.01 | -0.52 | 0.10 |

**Notes:** The above is an extract of the detailed format of Standalone financial results for the quarter ended on June 30, 2026 filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Standalone results for the quarter ended on June 30, 2026 are available on the websites of the Stock Exchanges (www.nseindia.com) and (www.Bseindia.com) the Company's website (https://rmclindia.co.in/).

RADHA MADHAV CORPORATION LIMITED
sd/-
Nitin Jain
Director and CFO
DIN: 09833381

Date: August 14, 2026
Place: Mumbai Daman and Diu













દમણગંગા ટાઈમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.

ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫

ઈમેલ- editor.dgt@gmail.com

Monday 17, August 2026

# દમણગંગા ટાઇમ્સ

## વાપીમાં શૈલેષ પટેલ હત્યા પ્રકરણના આરોપીની જામીન નામંજુર

**વાપી, તા.૧૬ :** વાપીના શૈલેષ પટેલ ઉપર પિસ્તોલથી બે રાઉન્ડ ફાયરિંગ કરી હત્યા કરવાના ગુનામાં સંડોવાયેલા મુખ્ય આરોપીની જામીન અરજી નામંજૂર કરી છે.

કેસના મુખ્ય આરોપી અજય ઉર્ફે ગુડુ સતીરામ યાદવ, રહે. આઝમગઢ, ઉત્તર પ્રદેશની વલસાડ LCB પોલીસે ધરપકડ કરી હતી. આરોપી વિરુદ્ધ ચાર્જશીટ દાખલ થયા બાદ તેણે પ્રથમ વખત રેગ્યુલર જામીન અરજી કરી હતી. આરોપીના વકીલે પેરીટીના સિદ્ધાંત હેઠળ દલીલ કરી હતી કે અન્ય આરોપીઓ જામીન ઉપર મુક્ત થયા છે, તેથી પોતાને પણ જામીન મળવા જોઈએ. જોકે સરકારી વકીલ ડી.જી.પી. અનિલ ત્રિપાઠીએ કોર્ટ સમક્ષ મજબૂત દલીલો કરી હતી.

## વાપીથી કુંતા સુધીની તિરંગા કાવડ યાત્રા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૬ :** શ્રી સાલાસર બાલાજી પ્રચાર મંડળ દ્વારા ૧૫ ઓગસ્ટના રોજ વાપીમાં ભવ્ય તિરંગા કાવડ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. વાપી જીઆઈડીસી સ્થિત અંબા માતા મંદિરથી કુંતા ના કુંતેશ્વર મહાદેવ મંદિર સુધી યોજાયેલી આ તિરંગા કાવડ યાત્રાને રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.તિરંગાની આન, બાન અને શાન સાથે ભક્તિભાવપૂર્વક નીકળેલી આ યાત્રામાં ‘હર હર મહાદેવ’ અને ‘ભારત માતા કી જય’ના ગગનભેદી જયઘોષથી સમગ્ર વાતાવરણ રાષ્ટ્રભક્તિ અને શિવભક્તિના રંગે રંગાઈ ગયું હતું. કાવડિયાઓ અને શ્રદ્ધાળુઓમાં યાત્રા દરમિયાન ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

આ પ્રસંગે વાપી મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ, સ્થાયી સમિતિના ચેરમેન સતિષભાઈ પટેલ, વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષ દેસાઈ તેમજ ભાજપ અગ્રણી અને રાજસ્થાની સમાજના આગેવાન બી.કે. દાયમા વાપી મહાનગરપાલિકાના સભ્ય મનીષાદાયમાં દિનેશભાઈ ડાયમા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. તિરંગા કાવડ યાત્રામાં રાજસ્થાની સમાજની બહેનો સહિત મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા. રાષ્ટ્રપ્રેમ અને શિવભક્તિના અનોખા સંગમ સમી આ યાત્રા અંબા માતા મંદિરથી કુન્ટેશ્વર મહાદેવ મંદિર સુધી ઉત્સાહભેર આગળ વધી હતી.

## રાબડા ગામેથી જુગાર રમતા પાંચ ઈસોમો ઝડપાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૬ :** વલસાડ રૂરલ પોલીસે મળેલી બાતમી આધારે ટીમે રાબડા ગામે બાતમીના આધારે છાપો મારતા પાડી તીનપત્તીનો જુગાર રમતા ૫ શખ્સોને રંગેહાથ ઝડપી પાડ્યા છે. પકડાયેલા આરોપીઓમાં વલસાડ જિલ્લા પંચાયત માજી સભ્ય અને મગોદ ગામના સરપંચ તેમજ અતુલના આરટીઆઈ એક્ટિવિસ્ટ સહીત પાંચ જુગારીયા ઓને ઝડપી પાડી જેલ માં ધકેલી દેતા ફફડાટ ફેલાઈ ગયો છે.

વલસાડ રૂરલ પોલીસ પી. એસ. આઈ.ને મળેલી બાતમી આધારે ટીમ સાથે વલસાડ ના રાબડા ગામના સ્કૂલ ફળિયામાં આવેલા નીતિનભાઈ રામુભાઈ રાઠોડના રહેણાંક ઘરમાં છાપો માર્યો હતો. જ્યાં સાસુના અવસાન બાદ શોકના પ્રસંગ દરમિયાન ભેગા થયેલા મિત્રો જુગારની મહેફિલ માણતી વખતે પોલીસે છાપો મારતા જુગાર રમતા વલસાડ જિલ્લા પંચાયત માજી સભ્ય અને મગોદ ગામના મહિલા સરપંચ પતિ કિરણભાઈ અશોકભાઈ હળપતિ (ઉં.વ. ૪૪, રહે. મગોદ મીલ ફળિયા), પુનીત પ્રેમબહાદુર સોની (ઉં.વ. ૩૭, રહે. અતુલ કંચન નગર), વિશાલભાઈ વિજયભાઈ નાયકા (ઉં.વ. ૩૩, રહે. અતુલ આમલી ફળિયુ), ધર્મેશભાઈ અશોકભાઈ નાયકા (ઉં.વ. ૩૪, રહે. અટાર સોની ફળિયા) તથા મુકેશભાઈ છીબુભાઈ રાઠોડ (ઉં.વ. ૩૯, રહે. ગાડરીયા સડક ફળિયા) ને ઝડપી લીધા હતા. પોલીસે આરોપીઓ પાસેથી બાજી પરથી રોકડા રૂ. ૨,૫૦૦ અંગઝડતીમાંથી રોકડા રૂ. ૫૧,૨૮૦ , ૫ નંગ મોબાઈલ ફોન કિંમત રૂ. ૨૫,૦૦૦ મળી કુલ્લે રૂ. ૭૮,૭૮૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારાની કલમ હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

### સ્વચ્છતા-વૃક્ષારોપણનો સંદેશા સાથે

## નળીમધનીથી અરણાઈ ડુંગર સુધી ૧૦ કિમી અશ્વયાત્રા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૧૬ :** નાનાપોંઢા તાલુકામાં વલસાડ જિલ્લા પોલીસના અશ્વદળ તેમજ જિલ્લા અશ્વપ્રેમીઓ દ્વારા વૃક્ષારોપણ અને સ્વચ્છતા અભિયાનના સંદેશને લોકો સુધી પહોંચાડવાના હેતુથી ૧૬ ઓગસ્ટના રોજ આશરે ૧૦ કિમીની અશ્વયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. નળીમધનીથી શરૂ થયેલી આ અશ્વયાત્રા અરણાઈ, આમધા અને અરણાઈ ડુંગર સુધીના રૂટ પર યોજાઈ હતી. યાત્રામાં પોલીસ અધિકારીઓ, પોલીસ કર્મચારીઓ, અશ્વપ્રેમીઓ, વિદ્યાર્થીઓ તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

અશ્વયાત્રા દરમિયાન માર્ગમાં આવતા ગામોમાં ગ્રામજનો દ્વારા અશ્વદળનું ઉત્સાહભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. બાળકો અને વિદ્યાર્થીઓમાં પણ અશ્વદળને નિહાળવા માટે ખાસ ઉત્સાહ જોવા મળ્યો હતો. અરણાઈ ખાતે આવેલા રામકુંડમાં યાત્રામાં જોડાયેલા લોકોએ હાથ-પગ ધોઈ રામ મંદિરના દર્શન કર્યા હતા, જ્યારે રામ-સીતા મંદિર ખાતે પણ પોલીસ અધિકારીઓ અને અશ્વયાત્રામાં જોડાયેલા લોકોએ દર્શન કર્યા હતા. યાત્રા દરમિયાન વિદ્યાર્થીઓને કીટ અને ટિફિનનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે જ વૃક્ષોનું જતન, આસપાસના વિસ્તારની સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણ અંગે લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા. અશ્વયાત્રા થકી પોલીસ અને ગ્રામજનો વચ્ચેનો સંપર્ક વધુ મજબૂત બનાવવાનો તેમજ સ્વચ્છતા અને હરિયાળા પર્યાવરણનો સંદેશ લોકો સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગ્રામજનો પણ જોડાયા હતા. નળીમધનીથી અરણાઈ, આમધા થઈ અરણાઈ ડુંગર સુધી નીકળેલી આ ૧૦ કિમીની અશ્વયાત્રા દ્વારા પોલીસ-પ્રજા સંપર્ક સાથે ‘સ્વચ્છતા અપનાવો, વૃક્ષો વાવો અને પર્યાવરણ બચાવો’નો મહત્વપૂર્ણ સંદેશ આપવામાં આવ્યો હતો.

## સેલવાસમાં કલેક્ટરના હસ્તે ધ્વજવંદન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા.** દાદરા અને નગર હવેલી જિલ્લા પ્રશાસન દ્વારા ૮૦મા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કોર એરિયા, સ્ટેડિયમ ગ્રાઉન્ડ, સેલવાસ ખાતે જિલ્લા કલેક્ટર પ્રિયાંક કિશોરની અધ્યક્ષતામાં દેશભક્તિ અને ઉત્સાહભેર કરવામાં આવી હતી. કાર્યક્રમનો પ્રારંભ રાષ્ટ્રીય ગીત ‘વંદે માતરમ’થી થયો હતો. ત્યારબાદ જિલ્લા કલેક્ટરે ધ્વજવંદન કર્યું અને રાષ્ટ્રગાન સાથે સમારોહનો વિધિવત પ્રારંભ થયો હતો. ધ્વજવંદન બાદ પોલીસ, ભારતીય રિઝર્વ બટાલિયન, અગ્નિશામક દળ, હોમગાર્ડના પ્લાટૂન તેમજ એનસીસીના વિદ્યાર્થીઓ દ્વારા જિલ્લા કલેક્ટરને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું.

સમારોહ દરમિયાન બાલ ભવન કેન્દ્ર અને સ્વામી વિવેકાનંદ મંદિર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ તેમજ નૃત્યાંગનાઓ દ્વારા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ દીવ ખાતે યોજાયેલા સંઘ -દેશ સ્તરીય સ્વાતંત્ર્ય દિવસ સમારોહમાં પ્રશાસક પ્રફુલ પટેલના સંબોધનનું સીધું પ્રસારણ ઉપસ્થિત જનમેદની માટે કરવામાં આવ્યું હતું. સમારોહમાં જિલ્લા કલેક્ટરના હસ્તે બોર્ડ પરીક્ષા-૨૦૨૬માં શત-પ્રતિશત પરિણામ મેળવનારા બે વિદ્યાર્થીઓ, જિલ્લા સ્તરે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા બે વિદ્યાર્થીઓ તેમજ શતરંજના ત્રણ ખેલાડીઓને પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ઈન્ડિયા ક્વિઝ સ્પર્ધામાં વિજેતા ત્રણ શાળાઓ, પૂર દરમિયાન ઉત્કૃષ્ટ કામગીરી કરનાર જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ અને અગ્નિશામક તથા કટોકટી સેવાઓ વિભાગ તેમજ જીવનરક્ષા માટે એક આપત્તિ મિત્ર સ્વયંસેવકનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. સમારોહમાં અગ્રણીઓ, રાજનેતાઓ, જનપ્રતિનિધિઓ, વહીવટી અધિકારીઓ અને કર્મચારીઓ, શાળાના શિક્ષકો-વિદ્યાર્થીઓ, મીડિયા પ્રતિનિધિઓ તેમજ મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમના અંતે રાષ્ટ્રીય ગીત અને રાષ્ટ્રગાન સાથે સમારોહનું સમાપન થયું હતું. ત્યારબાદ જિલ્લા કલેક્ટરે જન પ્રતિનિધિઓ અને વિદ્યાર્થીઓ સાથે તિરંગા રંગના ફુગ્ગાઓ આકાશમાં ઉડાડી શાંતિ, એકતા અને સ્વાતંત્ર્યનો સંદેશ આપ્યો હતો.

## ગણદેવી હાઈવે પર દોડતી કારમાં આગ ભભૂકી

### ચાલક સહિત ચારનો ચમત્કારિક બચાવ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા.૧૬:** નેશનલ હાઈવે નં.૪૮ ઉપર મુંબઈ થી સુરત તરફ જતા ટ્રેક ઉપર રવિવાર સવારે ૮:૩૦ કલાક નાં અરસામાં માં દોડતી કારમાં ગણદેવી તાલુકાના એંધલ ગામે મેનગોનીઝ વીલા સામે એકાએક આગ ભભૂકી ઉઠી હતી.જોકે ચાલક ની સમયસૂચકતા ને પગલે કાર માં સવાર તમામ ચાર પ્રવાસીનો ચમત્કારિક બચાવ થયો હતો. ગણદેવી નગરપાલિકા ફાયર ફાટર ટીમે ગણતરી ના સમય માં આગ કાબુ કરી હતી. માર્ગ ઉપર બર્નિંગ કાર ને કારણે ટ્રાફિક થંભી ગયો હતો. અને લોકટોળા એકત્ર થયાં હતાં.

મુંબઈ થી અમદાવાદ તરફ જતા ટ્રેક ઉપર બીએમડબ્લ્યુ કાર નં. એમ એચ ૦૨ ઈઝેડ ૬૫૭૦ પસાર થઈ રહી હતી. તે વેળા ગણદેવી નાં એંધલ ગામ ની સીમ માં મેન્ગોનીઝ વીલા સામે એકાએક આગ લાગી હતી. ચાલક એ સમયસૂચકતા વાપરી કાર ને રોડ સાઈડે ઉભી રાખી હતી. જેને પગલે તમામ નો આબાદ બચાવ થયો હતો. જોકે તે બાદ આગનાં વિકરાળ સ્વરૂપમાં કાર ભસ્મીભૂત થઈ હતી. ગણદેવી નગરપાલિકા ફાયર ફાયટર પિનલભાઈ પટેલ અને ટીમ એ ગણતરી ની સમય માં આગ કાબુ માં લીધી હતી. જોકે સાંજ સુધી કોઇ ફરીયાદ નોંધાઇ નથી.

## મોટી દમણમાં ૮૦મો સ્વતંત્રતા દિવસ ઉજવાયો

### જિલ્લા કલેક્ટર ડૉ. સૌરભ મિશ્રાએ ત્રિરંગો ફરકાવ્યો, કચ્છીગાંવના ૧૬ યુવાનો સહિત અગ્નિશામક અને ટોપર્સનું સન્માન કર્યું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૬ :** દેશનો ૮૦મો સ્વતંત્રતા દિવસ શનિવારે મોતી દમણના લાઈટહાઉસ બીચ પર દેશભક્તિ અને ગૌરવપૂર્ણ વાતાવરણમાં ઉજવવામાં આવ્યો. જિલ્લા કલેક્ટર ડૉ. સૌરભ મિશ્રાએ રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો અને સલામી લીધી. પોલીસ અને કોસ્ટ ગાર્ડના જવાનોએ પ્રભાવશાળી પરેડ રજૂ કરી.

સભાને સંબોધતા, જિલ્લા કલેક્ટર ડૉ. સૌરભ મિશ્રાએ દમણમાં ચાલી રહેલા વિકાસ કાર્યો વિશે માહિતી આપી. તેમણે જણાવ્યું કે દમણ શિક્ષણ, આરોગ્ય અને પર્યટન ક્ષેત્રે સતત પ્રગતિ કરી રહ્યું છે. વહીવટીતંત્ર આ ક્ષેત્રોમાં સુવિધાઓના વિસ્તરણ પર ખાસ ભાર મૂકી રહ્યું છે. દીવના પ્રશાસકનું લાઈવ સંબોધન સ્વતંત્રતા દિવસની ઉજવણી દરમિયાન, દીવથી પ્રશાસક પ્રફુલ્લ પટેલના ભાષણનું વર્ચ્યુઅલ લાઈવસ્ટ્રીમ પ્રસારિત કરવામાં આવ્યું હતું. સમારંભમાં હાજર રહેલા લોકોએ પ્રશાસકનું ભાષણ નિહાળ્યું અને સાંભળ્યું.

કચ્છીગાંવના ૧૬ યુવાનોનું સન્માન કરાયું દમણગંગા નદીના વધતા જળસ્તરને કારણે, કચ્છીગાંવ વિસ્તારમાં ઘણા લોકો ફસાયા હતા. જિલ્લા વહીવટીતંત્રે આ કટોકટીના સમયમાં લોકોને સલામત સ્થળે પહોંચાડવામાં મદદ કરવા બદલ કચ્છીગાંવના ૧૬ યુવાનોનું સન્માન કર્યું. તેમની હિંમત અને તત્પરતાની પ્રશંસા કરવામાં આવી. આપત્તિઓ અને કટોકટી દરમિયાન સેવાઓ પૂરી પાડતા ફાયર વિભાગના કર્મચારીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. શિક્ષણમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનારા દમણના ટોચના વિદ્યાર્થીઓનું સન્માન અને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

સમારોહના અંતે, જિલ્લા કલેક્ટર ડૉ. સૌરભ મિશ્રાએ ઉપસ્થિત જનપ્રતિનિધિઓ, અધિકારીઓ અને મહાનુભાવો સાથે મુલાકાત કરી. આ કાર્યક્રમમાં વહીવટી અધિકારીઓ, પોલીસ અને કોસ્ટ ગાર્ડના કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને મોટી સંખ્યામાં નાગરિકો હાજર રહ્યા હતા.

## વાપી મનપામાં દેશભક્તિ અને ગૌરવભેર સ્વતંત્ર પર્વની ઉજવણી






(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૬ :** વાપી મહાનગરપાલિકા ખાતે દેશના ૮૦મા સ્વાતંત્ર્ય દિવસની દેશભક્તિ અને રાષ્ટ્રગૌરવભેર ઉજવણી કરવામાં આવી હતી. મહાનગરપાલિકાના મેયર દક્ષાબેન પટેલના વરદ હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવી ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ડેપ્યુટી મેયર મિતેશ દેસાઈ, સતીશભાઈ પટેલ, ચૂંટાયેલા કાઉન્સિલરો, મ્યુનિસિપલ કમિશનર એન.એફ. ચૌધરી (IAS), ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર કિરણસિંહ રાણા, મહાનગરપાલિકાના અધિકારીઓ-કર્મચારીઓ, મોટી સંખ્યામાં નગરજનો, શાળાના બાળકો તેમજ વ્હોરા સમાજના અગ્રણીઓ પોતાના બેન્ડ સાથે ઉપસ્થિત રહ્યા હતા.

વ્હોરા સમાજના બેન્ડ દ્વારા રજૂ કરવામાં આવેલા દેશભક્તિના સંગીતથી સમગ્ર વાતાવરણ રાષ્ટ્રભક્તિના રંગે રંગાઈ ગયું હતું. ધ્વજવંદન બાદ ઉપસ્થિત સૌએ દેશની આઝાદી માટે બલિદાન આપનાર સ્વાતંત્ર્ય સેનાનીઓ તથા દેશની સુરક્ષા માટે શહીદ થયેલા વીર જવાનોને હૃદયપૂર્વક નમન કર્યું હતું.

આ પાવન અવસરે સ્વચ્છ, સુંદર અને વિકસિત વાપી તથા મજબૂત, સમૃદ્ધ અને આત્મનિર્ભર ભારતના નિર્માણમાં યથાશક્તિ યોગદાન આપવાનો સૌએ સંકલ્પ કર્યો હતો.

વાપી મહાનગરપાલિકા દ્વારા આયોજિત સ્વાતંત્ર્ય દિવસની આ ઉજવણીમાં દેશભક્તિ, રાષ્ટ્રગૌરવ અને વિકાસનો સુંદર સમન્વય જોવા મળ્યો હતો.

## વલસાડ હાલર રોડ પર મ્યુચ્યુઅલ ફંડની ઓફિસમાં આગ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૧૬ :** વલસાડ શહેરના હાલ્લર રોડ પર વિનય મેડિકલની ઉપર આવેલી લ્ન્ત મ્યુચ્યુઅલ ફંડની ઓફિસમાં ૧૫ ઓગસ્ટની રાત્રે અચાનક આગ ફાટી નીકળી હતી. પ્રાથમિક તપાસમાં સર્વર રૂમમાં થયેલા શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું સામે આવ્યું છે, જેના પગલે જોતજોતામાં સમગ્ર ઓફિસમાં ધુમાડાના ગોટેગોટા ફેલાઈ ગયા હતા. ૧૫ ઓગસ્ટના રોજ રજા હોવાથી ઓફિસ બંધ હતી. રાત્રે બંધ ઓફિસમાંથી ધુમાડો નીકળતો જોઈ આસપાસના નાગરિકોએ તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ફાયર ટીમે તાત્કાલિક ઓફિસના કાચ તોડી અંદર પ્રવેશ કર્યો હતો. ધુમાડો ઝડપથી બહાર કાઢવા માટે અન્ય બીજી ફાયર ગાડી મંગાવવામાં આવી હતી અને એક્ઝોસ્ટ ફેન તેમજ પાછળની બારીઓના કાચ તોડી વેન્ટિલેશન ઊભું કરવામાં આવ્યું હતું. ફાયર બ્રિગેડની ટીમે દોઢથી બે કલાકની ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો હતો.

## કરવડમાં ડેટિંગ એપ લૂંટ પ્રકરણના ત્રણ આરોપી ઝડપાયા

**વાપી, તા.૧૬ :** ગત ૧૨ ઓગસ્ટના રોજ એક યુવકને મોબાઈલ ફોન ઉપર ડેટિંગ એપ મારફતે સંપર્ક થયો હતો અને તેને વાપી જીઆઈડીસી નજીકના ડુંગરા ખાતે આવેલા પેટ્રોલ પંપ પાસે બોલાવી અંધારામાં ત્રણ ઈસમ હોય તેને ધક ધમકી આપી ૧૪૦૦૦ રૂપિયા લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા જે અંગેની જાણ ડુંગરા પોલીસમાં કરાતા ડુંગરા પોલીસ વિભાગની ટીમે તાત્કાલિક સીસીટીવી કેમેરા અને બાદમીદારોના સંપર્કને લઈ ત્રણ આરોપીને ઝડપી પાડી લૂંટાયેલી રકમ રિકવર કરાય છે. જેમાં ઝડપાયેલા આરોપીઓમાં શાહબાઝ અબ્દુલ અજીજ ચૌધરી (ઉં.વ. ૧૯), ઝહીર સમીઉલ્લાહ ખાન (ઉં.વ. ૨૦) અને જવાહર રામનરેશ યાદવ (ઉં.વ. ૧૯)નો સમાવેશ થાય છે. આ ત્રણેય આરોપીઓ મૂળ ઉત્તર પ્રદેશના વતની છે અને હાલ વાપીના કરવડ વિસ્તારમાં રહે છે. પોલીસે તેમની પાસેથી લૂંટાયેલા તમામ ૧૪,૦૦૦ રિકવર કરીને વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાનહમાં આજથી બે માસ સુધી હાઈવેના માર્ગ નો પાર્કિંગ ઝોન જાહેર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૬ :** દાદરા અને નગર હવેલી જિલ્લામાં ભારે કોમર્શિયલ તથા માલવાહક વાહનોના જાહેર માર્ગો પર અનધિકૃત પાર્કિંગને કારણે સર્જાતી ટ્રાફિક સમસ્યાને ધ્યાનમાં રાખીને સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ અમિત કુમારે મહત્વપૂર્ણ આદેશ જાહેર કર્યો છે.

આદેશ મુજબ શહીદ ચોકથી નરોલી એન્ટ્રન્સ ગેટ સુધીનો માર્ગ, સેલવાસ રિંગ રોડ, સમરવરણી રખોલી રોડ તેમજ જિલ્લામાંથી પસાર થતા તમામ નેશનલ હાઈવે અને સ્ટેટ હાઈવે પર ભારે કોમર્શિયલ અને માલવાહક વાહનોનું પાર્કિંગ પ્રતિબંધિત કરવામાં આવ્યું છે.

ભારે વાહનોના પાર્કિંગથી રસ્તાની ઉપયોગી પહોળાઈ ઘટતી હોવાથી ટ્રાફિક જામ, રાહદારીઓ અને વાહનચાલકોને મુશ્કેલી તેમજ અકસ્માતનું જોખમ વધતું હોવાનું આદેશમાં જણાવાયું છે. ખાસ કરીને એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ સહિતના ઈમરજન્સી વાહનોની અવરજવર સરળ રહે તે માટે આ નિર્ણય લેવાયો છે.

આદેશનો ભંગ કરનાર વાહનો સામે ટોઈંગ, વ્હીલ ક્લેમ્પ સહિતની કાર્યવાહી થઈ શકે છે. ટોઈંગ, સ્ટોરેજ અને અન્ય લાગુ પડતા ખર્ચની જવાબદારી વાહન માલિક અથવા ચાલકની રહેશે. ઉપરાંત મોટર વ્હીકલ એક્ટ તથા અન્ય લાગુ કાયદા હેઠળ દંડાત્મક કાર્યવાહી પણ થઈ શકે છે.

ટ્રાફિક પોલીસ, પરિવહન વિભાગ અને અન્ય અમલીકરણ એજન્સીઓને નિયમિત પેટ્રોલિંગ અને કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી છે. ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ તથા કાયદેસરની ફરજ પરના સેવા વાહનોને જરૂરી છૂટ આપવામાં આવી છે. આ પ્રતિબંધ ૧૭ ઓગસ્ટ ૨૦૨૬થી ૧૬ ઓક્ટોબર ૨૦૨૬ સુધી બંને દિવસ સહિત અમલમાં રહેશે.

## વશિયર-નાનકવાડા બ્રિજ મામલે યુથ કોંગ્રેસની રાજ્યવ્યાપી આંદોલનની ચીમકી

**વલસાડ, તા. ૧૬ :** વલસાડ તાલુકાના વશિયર અને નાનકવાડાને જોડતા નવનિર્મિત બ્રિજ અંગેનો વિવાદને લઈ ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસના પ્રમુખ ડૉ. પ્રવિણસિંહ વણોલે એક પત્રકાર પરિષદ યોજીને સ્થાનિક તંત્ર, ભાજપના નેતાઓ અને જિલ્લા કલેક્ટર સામે આકરા પ્રહારો કર્યા હતા અને આ મુદ્દે રાજ્યવ્યાપી આંદોલનની જાહેરાત કરી છે. પત્રકાર પરિષદમાં ડૉ. વણોલે આક્ષેપ કર્યો હતો કે, નેતાઓ અને તેમના મળતિયાઓના અંગત ફાયદા માટે જનતાના ટેક્સના કરોડો રૂપિયા ખર્ચીને એવો બ્રિજ બનાવી દેવાયો છે.

જ્યાં કોઈ અવરજવર જ નથી. બીજી તરફ, ધરમપુર અને કપરાડા જેવા આદિવાસી વિસ્તારોમાં પાકા રસ્તાના અભાવે લોકોને અંતિમક્રિયા માટે પણ કેડસમા પાણીમાંથી પસાર થવું પડે છે. બ્રિજના બાંધકામ અને તેની ઉપયોગિતા અંગે કોંગ્રેસ દ્વારા વારંવાર રજૂઆતો અને RTI કરવા છતાં તંત્ર તરફથી કોઈ સ્પષ્ટ ઉત્તર આપવામાં આવ્યો નથી. યોગ્ય જવાબ ન મળતાં યુથ કોંગ્રેસના કાર્યકરો મિત દેસાઈ અને રાહિલ શેખે ૧૧ તારીખે ૨૪ કલાકનું અલ્ટીમેટમ આપ્યું હતું, જે પૂર્ણ થતાં ૧૩ તારીખથી અનિશ્ચિત મુદતની ભૂખ હડતાલ શરૂ કરી છે. કોંગ્રેસે માંગ કરી છે કે જિલ્લા કલેક્ટર પોતે પત્રકાર પરિષદ બોલાવી સમગ્ર મામલે જનતા સમક્ષ ખુલાસો કરે. આગામી ૧૭ ઓગસ્ટના રોજ સમગ્ર રાજયમાંથી યુથ કોંગ્રેસના કાર્યકરો વલસાડ કચેરીએ ઉમટી પડશે અને તંત્રને આવેદનપત્ર પાઠવશે.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**